# સંકલિત સંસ્કૃત નિયમાવલી

**પ્રેરક–આદ્ય સંકલનકાર**

પરમ પૂજ્ય, વર્ધમાનતપોનિધિ આચાર્યભગવંત શ્રીમદ્વિજય
**ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા**

પરમ પૂજ્ય, પંન્યાસપ્રવર સ્વ. શ્રી **પદ્મવિજયજી** ગણિવર મ.

**વર્તમાન સંકલનકાર**

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી આચાર્યભગવંત
**શ્રી.વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી** મ.ના પ્રશિષ્ય
મુનિવર શ્રી દિવ્યરત્ન વિ.મ.સા.

**સંશોધક**

વિદ્વાન મુનિવર શ્રી અભયશેખર વિ.મ.

**પ્રકાશક**

જયાબેન રતીલાલ શાહ જૈન પાઠશાલા
દેરાસર ફરીયું બરોડા બેન્ક વાળી ગલ્લી
**અંજાર (કચ્છ)**
Anjar Kutch PIN 370 110

Copies - 1000

Rs. 25-00

Laserset on DTP by :
**HANSA COMPUGRAPHICS**,
Bangalore - 1
© 70530

Printed by :
**INDOVIJAY OFFSETS**
Bangalore - 40
© Res: 73274

WITH BEST COMPLIMENTS FROM :-

(1) Laxmipuri Jain Sangh Kolhapur
(2) Sha. Mishrimalji Gulabchandji Nahar, Bithora Kallan.
(3) Late Dalichandji Bhikamchandji Ostwal. Banaglore.
(4) Sanghvi Melawala Mahendrakumar Kundanmalaji, Bangalore.
(5) Sha. Pukhraj Hirachand C/o Baldota Bros, Bangalore.
(6) Smt. Jadavibai Pukharajji Chuupada Ahore (Raj).
(7) Sha. Uttamchandji Misrimalji Shrimal. (Marwad Junction) B.lore.
(8) Sha. Hirachand Phoolchand & Co. Chickpet, B'lore.
(9) Ratanlal Bhanwarlala Hiran, C/o Hiran Charitable Trust, B'lore.
(10) Mayur Silk Emporium. Jumma Masjid Road, Bangalore.
(11) Sha. Kundanmalji Jitmal Parasmal. Bangalore.
(12) Sha. Pukhrajji Kaniramji Pandya, Sadadi (Rajasthan).
(13) Sha. Dungarmalji Punamchandji, C/o Bangalore Saree Udyog.
(14) Sankaria Silk Kendra, 73, C.T.St., Bangalore.
(15) Sanghvi Meghrajji C/o Mysore Paper suppliers


**પ્રાપ્તિ સ્થાન**

(૧) પ્રકાશક:- જયાબેન રતીલાલ જૈન પાઠ શાલા અંજાર.
( ૨) દિવ્યદર્શન કાર્યાલય ૬૮ , ગુલાલવાડી ત્રીજા માળે મુંબઈ-૩ .
(૩) લાલભાઈ ત્રિકમલાલ જપદ એ, શાંતિનાથની પોળ, અમદાવાદ.

સ્વ. મોહનલાલ જગજીવન શાહ તથા સ્વ.ગુલાબબેન મોહનલાલ
શાહ ના આત્મ સ્મરણાર્થે. શ્રી. રતીલાલ ભાઈ નાસુપુત્રો સૂર્યકાંતભાઈ
તથા તમામ ભાઈઓએ આ પુસ્તક પ્રકાશનમાં રૂ.૭૫૦૦-૦૦ નો
સુંદર આર્થિક સહયોગ આપ્યો છે. તે બદલ ધન્યવાદ પાત્ર છે.

# आशिर्वचनम्

આગમોમાં જ્ઞાન તત્ત્વ અને મોક્ષમાર્ગનું પ્રકાશન છે. એ જ્ઞાન નિર્યુક્તિ આદિ વડે અને શાસ્ત્રો સંસ્કૃત પ્રાકૃત ભાષામાં રચાયેલા છે. તેથી શાસ્ત્રબોધ માટે એ ભાષા જાણવી જોઈએ. સંસ્કૃત ભાષા જાણવા માટે પ્રાચીન સિદ્ધહેમ-શબ્દાનુશાસનસૂત્રાદિ વ્યાકરણો છે. વ્યાકરણ નહિ ભણેલા શરૂઆત માટે ભાંડારકરની સંસ્કૃત બે બુક રચાયેલી છે. એ ભણવી સરલ પડે એ માટે એમાં લાંબા લાંબા વાક્યોમાં બતાવેલ નિયમોને અહીં આ બુકમાં ટૂંકી પદ્ધતિથી ગોઠવ્યા અને બોર્ડની જેમ આલેખવામાં આવેલા છે, જેથી અભ્યાસીઓને નિયમો સમજવા અને કંઠસ્થ કરવામાં સરલતા રહેશે.

આ બુકનું આયોજન કરનાર મુનિ શ્રી હિતરત્નવિજય વર્ધમાન આયંબિલ તપના આરાધક છે, અને અધ્યાત્મરસિક આચાર્ય શ્રી વિજય કલાપૂર્ણસૂરિજીના પ્રશિષ્ય છે. એમણે આ આયોજનમાં સારો પરિશ્રમ ઉઠાવ્યો છે. અભ્યાસીઓ એનો સુંદર લાભ ઉઠાવી એમના પરિશ્રમને સફલ કરવા સાથે સંસ્કૃત ભાષાના સારા જ્ઞાતા બનો એ જ મંગલ કામના.

વિ.સં. ૨૦૪૫, માગશર વદ ૫.
બેંગલોર

—વિજય ભુવનભાનુસૂરિ

ના.ક. આ પુસ્તકના ટૂંકમાં સંસ્કૃત ભાષા સારી રીતે સમજાય એ હેતુથી સૂચનામાં પૂર્તિ કરવા જેટલાંક સૂચન છે—

(૧) નામનાં રૂપો ચાલુ પદ્ધતિથી નહિ, પરંતુ આવી રીતે ગોખવાનાં,– પહેલાં ૧લી ૨જી વિભક્તિનાં રૂપ બોલવાનાં, દા.ત. रामः रामौ रामाः, रामम् रामौ रामान्। બાદમાં ૩ થી સંબોધન સુધી માત્ર એકવચનનાં રૂપ, દા.ત. रामेण रामाय, रामात् रामस्य, रामे हे राम। પછી માત્ર દ્વિ-વચનનાં, દા.ત. रामाभ्याम् " " रामयोः " | પછી માત્ર બહુવચનનાં રૂપ ૩ रामैः ૪ रामेभ्यः ૫ " ૬ रामाणाम् ૭ रामेषु | દ્વિ.વ.-બ.વ. સંબોધનનાં રૂપ નહિ બોલવા. માત્ર સમજ રાખવું કે એનાં રૂપ પ્રથમા પ્રમાણે.

આ રીતે બધા નામ સર્વનામના રૂપ ગોખવા

(૨) અમુક ચોક્કસ ધાતુ લઈ એના દસે કાળના કર્તરિ કર્મણિ વગેરે રૂપોનું પારાયણ રોજ કરવું. પછી રોજ બીજાં બીજાં ધાતુ લઈ એના ઉપલાં સાથેના રૂપોનું પારાયણ કરવું.

(૩) બુક ભણતાં વાક્યોનું રોજ પહેલેથી વાંચન પુનરાવર્તન કરવું. એવું કાવ્યોમાં કરવું.

## પ્રાસ્તાવિકં કિંચિત્

एकोऽपि शब्दः सम्यक्प्रयुक्तः स्वर्गे कामधुग्भवति

આ પંક્તિ શબ્દપ્રયોગની મહત્તા દર્શાવે છે. તીર્થંકરની વાણી ૩૫ ગુણોથી યુક્ત હોય છે. તેમાં વાણીના દોષોથી રહિતતા પણ એક ગુણ છે. સુસંસ્કૃત શબ્દોની આ મહત્તા છે. જેમ અપશબ્દો અશાંતિના બીજ વાવી બરબાદીના કારણ બને છે, તેમ સુવચન પણ જો સુસંસ્કૃત ન હોય, તો આંધી સર્જી શકે છે. 'अधीयतां' ના સ્થાને 'अंधीयतां' શબ્દે સર્જેલો ઈતિહાસ સુવિદિત છે. તેથી શબ્દોને સભ્ય સંસ્કારિત બનાવવા વ્યાકરણનું જ્ઞાન ખુબ આવશ્યક છે. વ્યાકરણને યાદ કરીએ એટલે સંસ્કૃત વ્યાકરણના બે મહાન પ્રણેતા યાદ આવ્યા વિના ન રહે. વર્તમાનમાં શ્રી પાણીનિ અને કલિકાલ સર્વજ્ઞ શ્રી **હેમચંદ્રસૂરિ** મહારાજે બનાવેલા વ્યાકરણો જ પ્રાયઃ પઠન-પાઠનમાં છે. આ બન્ને મહાપુરુષોએ વ્યાકરણના નિયમોનું સૂત્રબદ્ધ સંકલન કરી સંસ્કૃતભાષાને સાયન્ટીફીક ભાષા ( SCIENTIFIC LANGUAGE ) - કોમ્પ્યુટર ભાષા( COMPUTER LANGUAGE ) બનાવી દીધી છે. ગણિતના નિરપવાદ સિદ્ધાન્તોના આધારે વર્તતું કોમ્પ્યુટર સંસ્કૃત ભાષાને સૌથી પ્રોપર ભાષા ( proper language) ગણે છે. ભગવાનની આજ્ઞામુજબ જીવન વ્યતીત કરતાં સાધુ-સાધ્વીઓને દિવસભરમાં ૧૫ કલાકનો સ્વાધ્યાય કરવાનો છે. સંસ્કૃતભાષામાં નિબદ્ધ સુવિશાળ સાહિત્યના અધ્યયન વિના તે શક્ય નથી. આમ સંસ્કૃતભાષા બધાએ જ અભ્યાસ કરવા યોગ્ય છે. અને તેથી સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન ખુબ આવશ્યક છે.

વર્તમાનકાલીન જીવોના આયુષ્ય અને મેધાની અલ્પતા જોઈ પ.પૂ. ન્યાયવિશારદ, વર્ધમાનતપોનિધિ આ.દે.શ્રી.વિ. **ભુવનભાનુસૂરીશ્વર** મ.ના શિષ્યરત્ન લઘુબંધુ સંપ્રાપ્તસમાધિ સ્વ. પં.પૂ. **પદ્મવિજય** ગણિવરે 'ઐદંયુગીન જીવો કેવી રીતે શીઘ્ર-સરળતાથી સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન મેળવે?' એવી કરુણાભાવનાથી પ્રેરાઈ ઉપરોક્ત મહાવ્યાકરણોમાંથી ચૂંટી ચૂંટી મહત્ત્વના નિયમોની રૂપરેખા દોરી. અને પછીતો સિદ્ધાન્તમહોદધિ આ દે.શ્રી.વિ.પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયમાં એ સંકલનના આધારે અધ્યયનનો શિરસ્તો ચાલુ થયો. અન્ય સમુદાયો પણ આકર્ષાયા. વારંવાર એ નિયમાવલીની માંગણી થતી.

આ બધી વાતોને ધ્યાનમાં લઈ પ.પૂ. સુવિશાળ ગરછનાયક આચાર્યવર્યશ્રી વિ. **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની પ્રેરણા અને કૃપાથી પ.પૂ. અધ્યાત્મયોગી આચાર્ય દેવેશ. **શ્રી.વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી** મ.ના શિષ્ય પૂ.વિદ્વદ્વર્યશ્રી **કલાપ્રભ વિજય.મ.**ના શિષ્યરત્ન વર્ધમાન તપસ્વી **શ્રી દિવ્યરત્ન વિજય** મહારાજે ખંતથી એ નિયમાવલી નું સંકલન કર્યુ. પૂ.ન્યાયકુશાગ્રધી મારા ગુરુવર્યશ્રી **અભયશેખર વિજય** મહારાજે સૂક્ષ્મદષ્ટિથી આમૂલચૂલ નિરીક્ષણ કર્યુ હોવાથી આ સંકલનની ઉપાદેયતામાં જબ્બર વધારો થયો છે.

સંસ્કૃતવ્યાકરણની આ કોઈ ટેક્ષ બુક ( Text Book ) કે રેફરન્સ બુક ( Reference Book ) નથી. પરંતુ નિયમસંકલનનો એક અલ્પ પ્રયાસ માત્ર છે. તેથી સુધારા વધારા અંગેના સૂચનો આવકાર્ય છે. સંસ્કૃત અભ્યાસુવર્ગ નિયમોની નોટ બનાવવાની કડાકૂટમાંથી બચે, અને એટલો સમય નિયમ યાદ રાખવામાં અને રૂપોનો પાઠ કરવામાં ફાળવી શકે, એજ શુભ ઉદેશ છે. પરિપૂર્ણ થાય તેવી અભિલાષા છે.

આ ગ્રન્થસર્જનમાં આર્થિક સહકાર દાતાઓ તથા Free paper દેનાર મહાનુભાવો ધન્યવાદપાત્ર છે. તેઓ બધાનો ઉલ્લેખ અન્યત્ર કરેલ છે. અનેક મુનિવરોના અનેકવિધ સહકાર પ્રાપ્ત થયો છે. એ ઋણ અવિસ્મરણીય છે.

Hansa Compugraphics ના પાર્ટનરશ્રી **અશ્વિનભાઈ, કલ્પેશ,** તથા **તેજસ** અને Indo Vijay Offset ના **વિજયભાઈએ** શીઘ્ર-સુંદર કોમ્પ્યુટર ટાઈપ કમ્પોઝીંગ ( computer type composing ) અને પ્રિન્ટીંગ ( printing ) કરી આપ્યું છે. તેઓ પણ ધન્યવાદ પાત્ર છે.

અંતે સહુ કોઈ સંસ્કૃતભાષાના માધ્યમથી શાસ્ત્ર અધ્યયન દ્વારા સંસ્કૃત જીવન જીવી શ્રેય: પામે તેવી શુભેચ્છા.

**BANGALORE 11 th MAY 1989**

**મુ. અજિતશેખર વિ.**

## વિષયાનુક્રમ


૧) વર્ણ વિચાર 1
૨) શબ્દ તથા રૂપના પ્રકાર 2
૩) કાળના છ-અર્થના ચાર ભેદ 3
૪) ગણ-ગણકાર્ય સ્વરૂપ- 4
૫) ૧,૪,૬, તથા ૧૦માં ગણના નિયમો 5
૬) ચારકાળના પ્રત્યય-તથા નિયમો 6
૭) સ્વર સંધિ 7
૮) સંધિ ન થવાના સ્થાન/છોડવાનામુદ્દા 9
૯) વ્યંજન સંધિ 10
૧૦) વિસર્ગ સંધિ 13
૧૧) વિભક્તિની સમજુતિ 15
૧૨) વાક્યરચનાનાં નિયમો 16
૧૩) કર્મણિ પ્રયોગના નિયમો 21
૧૪) વ્યંજનાન્તનામોના નિયમો/પ્રત્યય 24
૧૫) હેત્વર્થ વગેરે કૃદન્તના નિયમા 29
૧૬) પહેલી બુકના અનિયમિત ધાતુઓ 33
૧૭) બીજી બુકના ગણોના ચારકાળના નિયમો 35
૧૮) ૫-૮ ગણના નિયમ- 37
૧૯) નવમો/સાતમો ગણ 37
૨૦) બીજા ગણના નિયમો 38
૨૧) ત્રીજો ગણ 43
૨૨) સેટ, વેટ, અનિટ કારિકાઓ 45
૨૩) શ્વસ્તન ભવિ આદિ ચારકાળના પ્રત્યયો 47
૨૪) છ કાળના સામાન્ય નિયમો 49
૨૫) શ્વસ્તન, સામાન્યભવિ, ક્રિયાતિ. આશીર્વાદાર્થના નિયમો
૨૬) પરોક્ષ ભૂતકાળના નિયમો
૨૭) અદ્યતન ભૂતકાળના નિયમો
૨૮) સંખ્યાવાચક શબ્દો
૨૯) સંખ્યાપૂરક શબ્દો
૩૦) અનિયમિતનામના રૂપો
૩૧) સ્વામિત્વદર્શક પ્રત્યયો
૩૨) ચ્વિ-પ્રત્યય
૩૩) અધિકતા-શ્રેષ્ઠતા દર્શકવિશેષણ
૩૪) પ્રેરકરૂપના નિયમો
૩૫) ઈચ્છાદર્શક (સનન્ત)
૩૬) यङ् પ્રત્યય
૩૭) સમાસ પ્રકરણ
૩૮) દ્વન્દ્વ સમાસ
૩૯) તત્પુરુષ (1) વિભક્તિ
(2) નञ् તત્પુરુષ (3) કર્મધારય 10
(4) દ્વિગુતત્પુરુષ (5) પ્રાદિ. તત્પુરુષ 11
(6) ગતિ તત્પુરુષ (7) ઉપપદ તત્પુરુષ 11
૪૦) તત્પુ.ના ઉત્તરપદમાં ફેરફાર
૪૧) તત્પુ. માંલિંગ વિધાન
૪૨) બહુવ્રીહિ સમાસ
૪૩) અવ્યયીભાવ સમાસ
૪૪) કર્મવ્યતિહાર સમાસ
૪૫) સુપ્સુપ્સમાસ/પૃષોદરાદિ સમાસ
૪૬) કૃદન્ત પ્રત્યયોના નિયમો
૪૭) તદ્ધિત પ્રકરણ


## સંજ્ઞા

એ.=એક, વ.=વચન વર્ત.= વર્તમાનકાળ બી.=બીજો, તૃ.=તૃતીય હ્યસ્ત .= હ્યસ્તન ભૂતકાળ અદ્ય અદ્યતન ભૂતકાળ. સામા. = સામાન્ય. ભવિ. = ભવિષ્યકાળ.પુ. = પુરુષ, વિભ. = વિભ તત્પુ.= તત્પુરુષ દ્વિ.= દ્વિવચન, બહુ.= બહુવચન પ.= પર.= પરસ્મૈપદ આ.= આત્મનેપદ

# શ્રી નંદીકર પાર્શ્વનાથાય નમ:

કુલ વર્ણ → 46 તેમાંથી....　　ं ← અનુસ્વાર દા. ત. अं ।

સ્વર → 13　　: ← વિસર્ગ દા.ત. अः ।

વ્યંજન → 33 = 46

**વ્યંજનનું વર્ગીકરણ → (૧) ° ૧૩ અઘોષ વ્યંજન. (૨) ° ૨૫ સ્પર્શ વ્યંજન**

(૧) ° ૨૦ ઘોષ વ્યંજન.
= 33

(૨) °૩ ઉષ્માક્ષર
°૪ અંત:સ્થ (અર્ધસ્વર)
° ૧ મહાપ્રાણ
= 33

ઉષ્માક્ષર　　૨૫ સ્પર્શવ્યંજન　　અનુનાસિક　　અંત:સ્થ.　　મહાપ્રાણ

| | ઉષ્માક્ષર | ૨૫ સ્પર્શવ્યંજન | | | | અનુનાસિક | અંત:સ્થ | મહાપ્રાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| કંઠ્ય → | | क् | ख् | ग् | घ् | ङ् | | ह |
| તાલવ્ય → | श् | च् | छ् | ज् | झ् | ञ् | य् | |
| મૂર્ધન્ય → | ष् | ट् | ठ् | ड् | ढ् | ण् | र् | |
| દંત્ય → | स् | त् | थ् | द् | ध् | न् | ल् | |
| ઓષ્ઠ્ય → | | प् | फ् | ब् | भ् | म् | व् | |

૨૦ કહે છે

૧૩ અઘોષ　　૨૦ ઘોષવાન

° ૫ અનુનાસિક અને ૪ અંત:સ્થ વ્યંજન સિવાયના ૨૪ વ્યંજન ધુટ્ કહેવાય

° ઉપરોક્ત ૯, ૩ ઉષ્માક્ષર અન ह સિવાયના વ્યંજન ૨૦ કહેવાય.

**<u>સ્વર વિચાર</u>**　　સ્વર→૧૩ તેમાંથી....

- હ્રસ્વ સ્વર ૫
- દીર્ઘ સાદા સ્વર – ૪
- દીર્ઘ સન્ધ્યક્ષર – ૪

○ **હ્રસ્વ સ્વર** → अ, इ, उ, ऋ, ऌ

○ **દીર્ઘ સ્વર**
- → **સાદા** → आ, ई, ऊ, ॠ, (ॡ) ૪
- → **સન્ધ્યક્ષર** → ए, ऐ, ओ, औ = ૪

अ के आ + इ के ई = ए  
अ के आ + ए = ऐ  
अ के आ + उ के ऊ = ओ  
अ के आ + ओ = औ

આ ચાર સ્વર આ રીતે સંધિથી બનતા હોવાથી **'સન્ધ્યક્ષર'** કહેવાય છે.

**શબ્દના બે અંશ** → ૧. પ્રકૃતિ  ૨. પ્રત્યય

૧. પ્રકૃતિ: ધાતુ ← → નામ

૨. પ્રત્યય: ધાતુ ← → નામ

- **ધાતુ** → જે મૂળ શબ્દો ક્રિયાને જણાવે તે. **દા.ત.** 'पच्' 'वद्' 'नम्' વગેરે...
- **નામ** → જે મૂળ શબ્દ વસ્તુને જણાવે તે. **દા.ત.** 'गृह' 'बाल' 'नृप' વગેરે...
- **રૂપ** → મૂળ શબ્દો પરથી જે શબ્દો વાક્ય પ્રયોગમાં બોલાય તેને **રૂપ** કહે.

**રૂપ બે પ્રકારે** → ૧ ધાતુ + પ્રત્યય = ધાતુનું રૂપ **દા.ત.** वदति ।  
૨ નામ + પ્રત્યય = નામનું રૂપ **દા.ત.** जिनः ।

૧ ધાતુ પરથી જે શબ્દ બોલવામાં વપરાય તે **ધાતુનું રૂપ** કહેવાય.  
**દા.ત.** 'पचति' 'वदति' ઈત્યાદિ.....

૨ નામ પરથી જે શબ્દ બોલવામાં વપરાય તે **નામનું રૂપ** કહેવાય.  
**દા.ત.** 'जिनः' 'माला' ઈત્યાદિ.....

**સંયુક્ત વ્યંજનો = જોડાક્ષરો**

| | | |
|---|---|---|
| क् + ष = क्ष. | प् + र = प्र. | द् + य = द्य |
| ङ् + ग = ङ्ग. | श् + च = श्च. | द् + द = द्द |
| ज् + ञ = ज्ञ. | र् + ष = र्ष. | त् + र = त्र. |
| द् + ध = द्ध. | क् + त = त्त/क्त. | द् + ग = द्ग |
| ह् + र = ह्र. | ह् + ल = ह्ल | ह् + य = ह्य |
| ह् + न = ह्न | ह् + व = ह्व. | ह् + म = ह्म |
| स् + र = स्र | स् + त् + र् =स्त्र | ह् + ण =ह्ण |

ક્રિયાપદના રૂપો <u>છ</u> કાળમાં અને <u>ચાર</u> અર્થમાં થાય છે.  
અર્થાત્... ધાતુને પ્રત્યય લાગીને થતા રૂપો દસ પ્રકારના છે.

કાળના છ ભેદ → વર્તમાન કાળ, ભૂતકાળ ત્રણ પ્રકારે, ભવિષ્યકાળ બે પ્રકારે.

○ **વર્તમાન કાળ** → વર્તમાનની ક્રિયાનું સૂચક રૂપ તે વર્તમાકાળનું રૂપ.

**દા.ત.** स गच्छति = તે જાય છે.

○ **ભૂતકાળ** – (૧) હ્યસ્તનભૂતકાળ (૨) અદ્યતનભૂતકાળ (૩)પરોક્ષભૂતકાળ.

(૧) ભૂતકાળમાં થયેલી ક્રિયાનું સૂચક રૂપ તે હ્યસ્તનભૂતકાળનું રૂપ.

**દા.ત.** सो अगच्छत् = તે ગયો.

(૨) ૨૪ કલાકમાં થઈ ગયેલ ક્રિયાનું સૂચક રૂપ તે અદ્યતનભૂતકાળનું રૂપ.

**દા.ત.** सो अगमत् = તે ગઈકાલે ગયો.

(૩) A ઐતિહાસિક વાત જણાવતા, B અણગમતી વાતને સાવ ઉડાડી દેવા માટે બોલાતા અત્યંત જૂઠા અને C અભાન અવસ્થામાં બોલાતા-- વાક્યોમાં પરોક્ષના રૂપો વપરાય છે. **દા.ત.** a रामो राजा बभूव = રામ રાજા થયો.

b એકે બીજા પર આક્ષેપ કરતાં કહ્યું **તેં કાનપુરમાં ચોરી કરી** ત્યારે એ વાતને ઊડાડવા બીજો કહે **હું કાનપુર ગયો જ નથી.** અહી પરોક્ષકાળનોપ્રયોગથાય.

અર્થાત્..... अहं कानपुरं न जगाम

C निद्रायाँ अहं विललाप = **નિદ્રામાં મેં વિલાપ કર્યો**

★ ત્રણે ભૂતકાળના સ્થાને અદ્યતનભૂતકાળ નો પ્રયોગ પણ થાય છે.

★ પરોક્ષ અને અદ્યતનભૂત૦ ના સ્થાને હ્યસ્તનભૂત ૦નો પ્રયોગ પણ થાય છે.

○ **ભવિષ્યકાળ** – ૧. શ્વસ્તનભવિષ્યકાળ ૨. સામાન્યભવિષ્યકાળ.

૧. બીજે દિવસે થનારી ક્રિયાનું સૂચક રૂપ તે શ્વસ્તનભવિષ્યકાળનું રૂપ.

**દા.ત.** स श्वो जयपुरं गन्ता = **તે આવતી કાલે જયપુર જશે.**

૨. કોઈ પણ ભવિષ્યમાં થનારી ક્રિયાનું સૂચક રૂપ તે સામાન્યભવિ ૦નું રૂપ.

**દા.ત.** स नागपुरं गमिष्यति = **તે નાગપુર જશે**

★ શ્વસ્તનભવિષ્યના સ્થાને સામાન્યભવિષ્યનો પ્રયોગ પણ થાય છે.

**અર્થના ચાર પ્રકાર** – ૧ આજ્ઞાર્થ. ૨ વિધ્યર્થ. ૩ ક્રિયાતિપત્ત્યર્થ. ૪ આશીર્વાદાર્થ.

૧. **આજ્ઞાર્થ** – કોઈને આજ્ઞા કરવા કે પોતાની ઈચ્છા જણાવવી વગેરે અર્થમાં આ અર્થના (પ્રત્યય યુક્ત) રૂપો વપરાય છે. જેમકે પિતા પુત્રને આજ્ઞા કરે કે 'ઘડો લઈ આવ' ત્યારે घटमानय એવો પ્રયોગ થાય. મારે સામાયિક કરવું છે. (કરવાની ઈચ્છા છે) તો 'अहं सामायिकं करवाणि' એવો પ્રયોગ થાય.

**૨ વિધ્યર્થ** – આમ કરવું જોઈએ ઈત્યાદિ વિધિ જણાવવાના અર્થમાં કે સંભાવના વગેરે અર્થમાં આ અર્થના (પ્રત્યય યુક્ત) રૂપો વપરાય છે.
**દા.ત.** (૧) શ્રાવકે ઉભયટંક પ્રતિક્રમણ કરવું જોઈએ. ='श्रावक उभयकालं प्रतिक्रमणं कुर्यात्'। (૨) તેનો આજે આવવા સંભવ છે.='सो अद्य आगच्छेत् '।
૩. **ક્રિયાતિપત્ત્યર્થ** – પ્રથમ ક્રિયા પર બીજી ક્રિયા આધાર રાખતી હોય ત્યારે આ અર્થના (પ્રત્યય યુક્ત) રૂપો વપરાય છે.
આ ક્રિયતિપત્ત્યર્થને સંકેતાર્થ પણ કહે છે. તેમજ આના રૂપો ત્રણે કાળની સંભાવનામાં વપરાય છે. **દા.ત.** જો તે ભણ્યો હોત તો પાસ થાત
= 'अपठिष्यत् तर्हि उत्तीर्णो अभविष्यत्'।
૪. **આશીર્વાદાર્થ** – કોઈને આશીર્વાદ આપવા ઈત્યાદિ અર્થમાં આ અર્થના (પ્રત્યય યુક્ત) રૂપો વપરાય છે.
**દા.ત.** તારું કલ્યાણ થાઓ='तव कल्याणं भूयात्'।
ઉપરોક્ત છ કાળ અને ચાર અર્થમાંથી બે કાળ અને બે અર્થ ગણકાર્ય સહિત છે. (વર્તમાનકાળ, હ્યસ્તનકાળ, આજ્ઞાર્થ, વિધ્યર્થ)
અને...શેષ ચાર કાળ અને બે અર્થ ગણકાર્ય રહિત છે. (અદ્યતનભૂતકાળ, પરોક્ષભૂત ૦, શ્વસ્તન/સામાન્યભવિષ્ય ૦ ક્રિયાતિપત્ત્યર્થ/આશીર્વાદાર્થ)
• **ગણ એટલે શું ?** એક સરખા રૂપવાળા ધાતુના સમુદાયને **ગણ** કહે છે. સંસ્કૃતમાં તમામ ધાતુને દસ ગણમાં વિભાજિત કરેલા છે.
**ગણકાર્ય એટલે શું ?** તે તે ગણના વિકરણ પ્રત્યય લાગતા ધાતુમાં થતા ફેરફારને **ગણકાર્ય** કહે છે.
***પ્રથમ બુકમાં*** – ગણકાર્ય સહિતના કાળ / અર્થનો સમાવેશ છે. તેથી ચાર (૧, ૪, ૬, ૧૦) ગણના ધાતુઓના બે કાળ (વર્તમાન / હ્યસ્તન) ના અને બે અર્થના (આજ્ઞાર્થ / વિધ્યર્થ ) રૂપો આવશે.
***દ્વિતીય બુકમાં*** – ગણકાર્ય રહિતના કાળ/અર્થનો સમાવેશ છે. તેથી છ (૨, ૩, ૫, ૭, ૮, ૯) ગણના ધાતુઓના ઉપરોક્ત બે કાળ અને બે અર્થના રૂપો તેમજ દશ (૧થી૧૦) ગણના શેષ ચાર (અદ્યતન/પરોક્ષભૂતકાળ અને શ્વસ્તન / સામાન્ય ભવિષ્ય કાળના અને બે (ક્રિયાતિપત્ત્યર્થ/આશીર્વાદાર્થ) અર્થના રૂપો આવશે.

ધાતુ + ગણની નિશાની =અંગ.

અંગ + કાળનો કે અર્થનો પ્રત્યય = રૂપ બને.

## દસ ગણની નિશાનીઓ

નિશાની એટલે વિકરણ પ્રત્યય.

| ગણ ↓ | નિશાની ↓ | ગણ ↓ | નિશાની ↓ |
|---|---|---|---|
| ૧ → | अ વિકારક | ૬ → | अ |
| ૨ → | 0 | ૭ → | न,न् ધાતુની વચ્ચે આવે. |
| ૩ → | 0 દ્વિરુક્તિ. | ૮ → | उ |
| ૪ → | य | ૯ → | ना,नी,न् |
| ૫ → | नु | ૧૦ → | अय વિકારક. |

૧ લા , ૪ થા , ૬ ઠ્ઠા અને ૧૦ માં ગણની નિશાનીમાં અંતેअ હોવાથી તે अ કારાંત અંગવાળા કહેવાય છે. તેના રૂપો કરવા સરલ છે. તેથી આ ચાર ગણને પ્રથમ બુકમાં લીધા છે.

**વિકારક** → જે ગણની નિશાની લાગતા ધાતુના સ્વરમાં ફેરફાર થાય તે નિશાની **વિકારક** કહેવાય અને ન થાય તે **અવિકારક** કહેવાય છે.

ધાતુને ગણની **વિકારક** નિશાની લાગતા ધાતુના સ્વરમાં યથાસંભવ ફેરફાર થાય તે ફેરફાર બે પ્રકારના થાય → **ગુણ કે વૃદ્ધિ.**

### * * * * * ગુણ વૃદ્ધિ દર્શક કોષ્ટક * * * * *

| સ્વર → | अ | इई | उ,ऊ | ऋ,ॠ | लृ,लॄ |
|---|---|---|---|---|---|
| ગુણ → | अ | ए | ओ | अर् | अल् |
| વૃદ્ધિ → | आ | ऐ | औ | आर् | आल् |

1. ચોથા અને છઠ્ઠા ગણના ધાતુઓને ગણની નિશાની લાગે ત્યારે ધાતુના સ્વરમાં લેશ માત્ર ફેરફાર થતો નથી.

**દા.ત.** •'नृत'→ नृत् + य + ति = नृत्यति. = તે નાચે છે. (ગણ ચોથો)

•'सृज'→ सृज् + अ + ति = सृजति = તે સર્જે છે. (ગણ છઠ્ઠો)

2. પહેલા ગણના ધાતુઓને ગણની નિશાની લાગતા અંત્ય કોઈ પણ સ્વરનો અને ઉપાંત્ય હ્રસ્વસ્વરનો ગુણ થાય છે.

**દા.ત.** ❋'नी'→ नी + अ = ने + अ = नय (અંગ) नयति (રૂપ)

❋'भू'→ भू + अ = भो + अ = भव (અંગ) भवति (રૂપ)

* बुध् → बुध्+अ = बोध् + अ = बोध (અંગ) बोधति (રૂપ ).

૩.દશમા ગણના ધાતુઓને ગણની નિશાનીઅય લાગતા અંત્ય કોઈ પણ સ્વરની અને ઉપાંત્ય અ ની વૃદ્ધિ થાય. તેમજ ઉપાંત્ય હ્રસ્વસ્વરનો ગુણ થાય છે.

**દા.ત.** * 'दृ' → दृ + अय = द्+ आर् + अय = दारय(અંગ) दारयति (રૂપ)

* घुष् → घुष् + अय = घ् + ओ + ष् + अय = घोषय (અંગ) घोषयति (રૂપ)

**અપવાદ** *कथ्, गण्, रच्, प्रथ्, स्पृह्, मृग्* આ છ ધાતુઓ દસમાં ગણના હોવા છતાં ધાતુના સ્વરમાં ગુણ/વૃદ્ધિ થાય નહિં.

**દા.ત.** * कथ् → कथ् + अय = कथय (અંગ) कथयति (રૂપ)

પણ... काथयति રૂપ ન થાય.

ક્રિયાપદના રૂપો બનાવવા માટેના પ્રત્યયો બે પ્રકારના છે.

## ૧. પરસ્મૈપદી પ્રત્યય. ૨. આત્મનેપદી પ્રત્યય

### ચાર કાળના પ્રત્યય

#### ૧ વર્તમાનકાળ

| | પરસ્મૈપદી એક૦ | દ્વિ૦ | બહુવચન | આત્મનેપદી એક૦ | દ્વિ૦ | બહુ૦ |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ પુરૂષ → | मि | वस् | मस् | ए | वहे | महे |
| દ્વિતીય પુરૂષ → | सि | थस् | थ | से | इथे | ध्वे |
| તૃતીય પુરૂષ → | ति | तस् | अन्ति | ते | इते | अन्ते |

#### ૨. હ્યસ્તનભૂતકાળ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ પુરૂષ → | अम् | व | म | इ | वहि | महि |
| દ્વિતીય પુરૂષ → | स् | तम् | त | थाः | इथाम् | ध्वम् |
| તૃતીય પુરૂષ → | त् | ताम् | अन् | त | इताम् | अन्त |

#### ૩. આજ્ઞાર્થ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ પુરૂષ → | आनि | आव | आम | ऐ | आवहै | आमहै |
| દ્વિતીય પુરૂષ → | 0 | तम् | त | स्व | इथाम् | ध्वम् |
| તૃતીયપુરૂષ → | तु | ताम् | अन्तु | ताम् | इताम् | अन्ताम् |

## ૪. વિધ્યર્થ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ પુરૂષ → | ईयम् | ईव | ईम | ईय | ईवहि | ईमहि |
| દ્વિતીય પુરૂષ → | ईस् | ईतम् | ईत | थाः | ईयाथाम् | ईध्वम् |
| તૃતીય પુરૂષ → | ईत् | ईताम् | ईयुः | ईत | ईयाताम् | ईरन् |

૧. म थी અને व થી શરૂ થતા પ્રત્યયની પહેલા અંગના અંત્ય अ નો आ થાય છે. અને अ થી શરૂ થતા પ્રત્યયની પહેલાં अ નો લોપ થાય છે.

દા.ત. *'गम्(गच्छ्)'→ गच्छ + मि = गच्छामि ।

गच्छ + अम् = अगच्छ् + अम् = अगच्छम् ।

૨.હ્યસ્તન, અદ્યતન અને ક્રિયાતિપત્ત્યર્થના પ્રત્યયો લાગતા વ્યંજનાદિ ધાતુની પહેલાં अ નો આગમ થાય છે. અને સ્વરાદિ ધાતુમાં આદ્યસ્વરની વૃદ્ધિ થાય છે.

| દા.ત. | હ્યસ્તનભુતકાળ | અદ્યતનભુતકાળ | ક્રિયાતિપત્ત્યર્થ |
|---|---|---|---|
| | ↓ | ↓ | ↓ |
| गम्→ | अगच्छत्. | अगमत्. | अगमिष्यत्. |

ઉપસર્ગવાળા ધાતુમાં ઉપસર્ગ અને ધાતુની વચ્ચે આ કાર્ય થાય છે.

દા.ત.૦ अव + गम् = अवागच्छत् ।

## સ્વર સંધિ

ऽ ← અવગ્રહ નિશાની

૧. अ કે आ + अ કે आ = आ

- अ + अ = आ. **દા.ત.** अत्र + अशोकः = अत्राशोकः।
- अ + आ = आ. **દા.ત.** जिन + आज्ञा = जिनाज्ञा ।
- आ + अ = आ. **દા.ત.** शाला + अत्र = शालात्र ।
- आ + आ = आ. **દા.ત.** आज्ञा + आदरः = आज्ञादरः ।

**કેટલીક વાર....** પાછળનો સ્વર 'अ' સૂચવવા એક અવગ્રહ અને 'आ' સૂચવવા બે અવગ્રહ મૂકાય છે. **દા.ત.** • अत्राऽशोकः । • जिनाऽऽज्ञा ।

૨. अ કે आ + હ્રસ્વ / દીર્ઘ इ, उ, ऋ, लृ

બંને સ્વરના સ્થાને પછીના સ્વરનો ગુણ થાય.

એટલે કે... अ કે आ + इ કે ई = <u>ए</u>

अ કે आ + उ કે ऊ = <u>ओ</u>

अ કે आ + ऋ કે ॠ = <u>अर्</u>

अ કે आ + ऌ કે ॡ = <u>अल्</u>

દા.ત. • अत्र + इति = अत्रेति । • दिन + ईशः = दिनेशः ।

• माला + इच्छति = मालेच्छति। • रमा + ईशः = रमेशः ।

• सूर्य + उदयः = सूर्योदयः । • महा + ऋषिः = महर्षिः ।

• वृक्ष + ऊर्ध्वम् = वृक्षोर्ध्वम् । • सिध्द + ऋषिः =सिद्धर्षिः।

• क्रीडा + उन्नति = क्रीडोन्नतिः।

૩. अ કે आ + ए કે ऐ = ऐ (બંને સ્વર મળીને)

अ કે आ + ए = ऐ

अ કે आ + ऐ = ऐ

દા.ત. • अत्र + एव = अत्रैव । • सदा + एव = सदैव ।

• अत्र + ऐरावतः = अत्रैरावतः। • माला + ऐच्छत् = मालैच्छत् ।

૪. अ કે आ + ओ કે औ = औ (બંને સ્વર મળીને)

દા.ત. • जिन + ओघः= जिनौघः। • बिम्ब + ओष्ठः = बिम्बौष्ठः।

• गद + औषधिः = गदौषधिः ।

૫. હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ऌ + સજાતીય સ્વર = પોતપોતાનો દીર્ઘસ્વર

દા.ત. • नदी + ईशः = नदीशः । • वारि + इति = वारीति।

• मधु + उदकम् = मधूदकम् । • कर्तृ + ऋते = कर्तॄते ।

૬. હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ऌ + વિજાતીય સ્વર

= ક્રમશઃ य्, व्, र्, ल् + વિજાતીય સ્વર.

દા.ત. • नदी + अत्र = नद् + य् + अत्र = नद्यत्र ।

• मधु + इति = मध् + व् + इति = मध्विति ।

• पितृ + आज्ञा = पित् + र् + आज्ञा = पित्राज्ञा ।

૭. ए, ऐ, ओ, औ, + કોઈપણ સ્વર

= ક્રમશઃ अय्, आय्, अव्, आव् + કોઈપણ સ્વર

દા.ત. • मन्यते+ आत्मानम् = मन्यत्+ अय्+ आत्मानम् = मन्यतयात्मानम्।

• अश्वौ + उत्पततः= अश्व् + आव् + उत्पततः = अश्वावुत्पततः।

ઉપરોક્ત अय् अव् વગેરેના य् व् નો વિકલ્પે લોપ થાય છે.

અને..... ત્યારે ફરીથી સંધિ થાય નહિં.

દા.ત. • तस्मै + इति = तस्मायिति = तस्मा इति ।

• रामे + इति = रामयिति= राम इति ।

• अश्वौ + उत्पततः = अश्वावुत्पततः= अश्वा उत्पततः ।

• मन्यते + आत्मानम् = मन्यतयात्मानम्= मन्यत आत्मानम् ।

## નીચેના સ્થાનોમાં સંધિ થાય નહિં.

૧. કોઈપણ નામ કે ધાતુના દ્વિવચનને અંતે રહેલ દીર્ઘ 'ई' 'ऊ' કે 'ए' પછી કોઈ પણ સ્વર આવે તો સંધિ થાય નહિં

દા.ત. • गिरी + आरोहन्ति = गिरीआरोहन्ति ।

• कन्ये + अमू = कन्येअमू ।

૨. પદના અંતે ए કે ओ + अ આવે તો સંધિ થાય નહિં. પરન્તુ પાછળના अ નો લોપ થાય છે. અને ક્યારેક અવગ્રહ ચિન્હ મૂકાય છે. એનો ઉચ્ચાર થતો નથી.

દા.ત. • वने + अश्वो अस्ति = वनेऽश्वोऽस्ति ।

3. अमी કે अमू + કોઈ પણ સ્વર = સંધિ થાય નહિં — દા.ત. • अमी + अश्वाः = अमीअश्वाः ।

૪. अ થી लृ સુધીના સ્વર + હ્રસ્વ ऋ = વિકલ્પે સંધિ થાય. અને જ્યારે વિકલ્પે સંધિ થાય નહિં ત્યારે પૂર્વનો દીર્ઘસ્વર હ્રસ્વ થાય. દા.ત. • पिता+ऋषिः = पितर्षिः અથવા पितऋषिः ।

## સંધિ છૂટી પાડવા માટેના કેટલાક મુદ્દાઓ.

૧. अ કારાંત શબ્દ પછી રેફ ( र्‍ ) હોય તો ત્યાં अ કે अ નો ऋ સાથે સંધિ હોવાનો સંભવ છે. દા. ત. • सिद्धर्षिः सिद्ध + ऋषिः।

• महर्षिः महा + ऋषिः ।

२. संयुक्त व्यंजनना अन्ते 'य्,व्,र्' होय तो तेनी जग्याओ अनुक्रमे 'इ, उ, ऋ '' स्वरनी संभावना समजवी. अने संयुक्त व्यंजन उपर जे स्वर होय तेने पछीनो स्वर समजवो. दा.त. 'अप्यत्र → अपि + अत्र ।
'धात्रत्र' → धातृ + अत्र । 'मध्विति' → मधु + इति ।

3. a संभवित संधि स्थाने 'अ' पछी 'य' होय तो 'ए'
'अ' पछी 'व' होय तो 'ओ'
'आ' पछी 'य' होय तो 'ऐ'
'आ' पछी 'व' होय तो 'औ' समजवा.
अने 'य' पर जे स्वर होय, ते पाछळनो स्वर अेमज रहे.

दा.त. Δ मन्यतयात्मानम् = मन्यते आत्मानम् ।

b सामान्यथी बे स्वरनी संधि थयेल न होय तो विसर्गनो लोप थयेल समजवो. अथवा तो 'ए, ओ' नी जग्याओ 'अ' अने 'ऐ, औ' नी जग्याओ 'आ' थयेल समजवो. दा.त. Δ राम इच्छति = रामः इच्छति ।
अथवा... रामे इच्छति । Δ मन्य इति = मन्ये इति ।

**व्यंजन संधि** ° स्पर्श व्यंजन २५ – ५ अनुनासिक = (२०)
° २० + 3 उष्माक्षर + ह् = (२४) (ध्रुट्)

1. २० + अघोष
= स्ववर्गनो प्रथम व्यंजन + अघोष.

दा.त. Δ अद् + ति = अत् + ति = अत्ति ।

2 २० + घोष के प्रत्यय सिवायनो स्वर
= स्व वर्गनो त्रीजो व्यंजन + घोष के प्रत्यय सिवायनो स्वर

दा.त. Δ उत् + गम = उद्गम । Δ वनात् + आगच्छति = वनादागच्छति।
पणजो प्रत्ययनोस्वर होय तो आ संधि न थाय.पण स्वर व्यंजनमां भळी जाय.
दा. त. Δ मरुत् + आ = मरुता थाय. पण मरुदा न थाय केमके 'आ' स्वर प्रत्ययनो छे.

3. २० + प्रत्यय सिवायनो अनुनासिक
= स्ववर्गनो अनुनासिक अथवा स्ववर्गनो त्रीजो व्यंजन थाय + प्रत्यय सिवायनो अनुनासिक

दा.त. Δ एतद् + मुरारि = एतन्मुरारि ।

જો... પ્રત્યયનો અનુનાસિક હોય તો પૂર્વનો નિત્ય અનુનાસિક થાય છે.

દા.ત. ✪ वाग् + मय = वाङ्मय । ✪ चित् + मय = चिन्मय ।

4. ૨૦ + ह् હોય તો ह् ના સ્થાને પૂર્વના વર્ગનો ચોથો વ્યંજન થાય.

દા.ત. ✪ उद् + हार = उद्धार । ✪ वाग् + हस्तौ = वाग्घस्तौ ।

5. ૨૦ + શબ્દની આદિમાં श् + સ્વર, અર્ધસ્વર કે અનુનાસિક

= ૨૦ + વિકલ્પે छ् + સ્વર, અર્ધસ્વર કે અનુનાસિક

દા.ત. ✪ अवदत् + शठः = अवदत्छठः ।

અને ...નિયમ ૧૪ થી अवदच्छठः ।

6. પદાન્તે न् + च् छ्, ट् ठ्, त् थ् + अधुट्

= અનુસ્વાર અને. — + — च् छ्, ट् ठ्, त् थ् + अधुट्

અનુક્રમે श् ष् स् (धुट् સિવાયના વ્યંજન અને સ્વર)

દા.ત. ✪ नरान् + च = नरांश्च । ✪ नरान् + टीकते = नरांष्टीकते ।

✪ बिडालान् + ताडयति = बिडालांस्ताडयति ।

7. એક જ પદમાં न् + ઉષ્માક્ષર र् કે ह्

= અનુસ્વાર + ઉષ્માક્ષર र् કે ह्

દા.ત. ✪ विद्वान् + स् + औ = विद्वांसौ ।

✪ हन् + सि = हंसि । ✪ रन् + रम्यते = रंरम्यते ।

8 न् + ल् — દા.ત. ✪ अस्मिन् + लोके

= સાનુનાસિક ल् + ल् — = अस्मिँल्लोके ।

9 પદાન્તે હ્રસ્વસ્વર પર ङ् ण् न् + કોઈ પણ સ્વર

= ङ् ण् न् બેવડાય + કોઈ પણ સ્વર

દા.ત. ✪ भगवन् + इति = भगवन्निति ।પણ જો દીર્ઘસ્વર પર ङ् ण् न् હોય, તો આ નિયમ ન લાગે. # भगवान् + अत्र = भगवानत्र

10. ऋ र् કે ष् પછી અપદાન્ત न् આવે તો न् નો ण् થાય છે. બેની વચ્ચે કંઠ્ય, ઓષ્ઠ્ય , य्, व्, ह् કે સ્વર આવે તો પણ न् નો ण् થાય છે.

દા.ત ✪ ऋन = ऋण । ✪ प्र + नमति = प्रणमति ।

✪ राम + इन = (रामेन) रामेण । ✪ पूर्वाह्न पूर्वाह्ण ।

(પરન્તુ नरान् માં नराण् ન થાય કેમકે न् પદાંત છે.

અપવાદ – જો न् ની પાછળ તરત દંત્યવ્યંજન હોય તો न् નો ण् ન થાય.)

 દા.ત. ◊ 'रमन्ते' આ સ્થાને 'रमण्ते' ન થાય, કેમકે न् પછી દંત્ય त છે.

11. म् + સ્પર્શવ્યંજન
= (અનુસ્વાર કે પછીના વ્યંજનના વર્ગનો અનુનાસિક + સ્પર્શ વ્યંજન.
દા.ત.◊ ग्रामम् + गच्छति = ग्रामं गच्छति અથવા ग्रामङ्गच्छति ।
◊ सम् + बन्धः = संबन्धः અથવા सम्बन्धः ।

12. म् + य् व् ल् = અનુસ્વાર કે સાનુનાસિક य् व् ल् + य् व् ल्
દા.ત. ◊ सम् + यच्छति = संयच्छति અથવા તો सय्यँच्छति ।

13. म् + र् ઉષ્માક્ષર કે ह = અવશ્ય અનુસ્વાર + र् ઉષ્માક્ષર કે ह
દા.ત. ◊ ग्रामम् + रक्षति = ग्रामं रक्षति ।
◊ वनम् + सरति = वनं सरति ।
◊ बालम् + हसति = बालं हसति ।

14. તાલવ્ય વ્યંજનના યોગમાં દંત્યનો તેટલામો તાલવ્ય થાય.
મૂર્ધન્ય વ્યંજનના યોગમાં દંત્યનો તેટલામો મૂર્ધન્ય થાય.
દા.ત ◗ तत् + टीका = तट्टीका । ◗ मार्ष् + ति = मार्ष्टि ।
દા.ત ◗ तत् + च = तच्च । ◗ तद् + ज्ञात्वा = तज्ज्ञात्वा ।
◗ अवदत् + छठः = अवदच्छठः ।

15. દંત્ય + ल = ल् + ल
દા.ત. ◗ भगवत् + लीला = भगवल्लीला ।

16. હ્રસ્વસ્વર, मा અવ્યય કે ઉપસર્ગનો आ + छ्
= હ્રસ્વસ્વર, मा અવ્યય કે ઉપસર્ગનો आ + च्छ्
દા.ત.◗ अव + छिद्यन्ते = अवच्छिद्यन्ते । ◗ परि + छेदः = परिच्छेदः
◗ मा + छिन्द्धि = माच्छिन्द्धि । ◗ आ + छिद्यन्ते = आच्छिद्यन्ते ।

17. દીર્ઘસ્વર + छ् = દીર્ઘસ્વર + च्छ् વિકલ્પે થાય
દા.ત. ◗ लक्ष्मी + छाया = लक्ष्मीच्छाया / लक्ष्मीछाया ।

18. अ आ સિવાયના સ્વર કંઠ્ય કે र् + स्
= अ आ સિવાયના સ્વર કંઠ્ય કે र् + ष्
દા.ત.◗ वाक् + सु = वाक्षु । ◗ रामे + सु = रामेषु ।

19. પદાન્ત स् નો વિસર્ગ થાય છે. દા.ત. • शनैस् शनैस् = शनैः शनैः ।

20. પદાન્ત स् કે र् + અઘોષ કે શૂન્ય = વિસર્ગ + અઘોષ કે શૂન્ય — દા.ત • पुनर् + पुनर् = पुनः पुनः

21. र् + र् કે ढ् + ढ् આવે તો પૂર્વનો र् કે ढ् લોપાય અને તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. દા.ત. • पुनर् + रथेन = पुनारथेन ।

• लिढ् +ढि= लीढि ।• हरिः रक्षति = हरिर् + रक्षति = हरीरक्षति ।

22. सम्, परि, उप + कृ — सम्, परि, उप + स्कृ

• सम् + क्रियते = <u>संस्क्रियते</u> ।

• परि + कारः <u>परिष्कारः</u>

• उप + कारः <u>उपस्कारः</u> ।

આ નિયમ સર્વત્ર લાગુ પડતો નથી. દા.ત. • <u>उपकारः</u> ।

23. च् કે ज् + ૨૪માંનો ઘોષ વ્યંજન = ग् + ૨૪ માંનો ઘોષ વ્યંજન — દા.ત.• वाच् + भ्याम् = वाग्भ्याम् ।

24. च् કે ज् + અઘોષ વ્યંજન = क् + અઘોષ વ્યંજન — દા.ત. * वाच् + सु = वाक्षु ।

25. નામના પદના અંતે અનેક વ્યંજન આવે તો પ્રથમ વ્યંજન રહે બાકીના વ્યંજન લોપાય અને પ્રથમ વ્યંજનના સ્થાને સ્વવર્ગનો પ્રથમ કે તૃતીય વ્યંજન થાય છે.

દા.ત * मरुत् + स् = मरुत् કે मरुद् ।

26. उद् + स्था = उद् + था — દા.ત. * उद् + स्थाय = उद् + थाय = નિયમ પહેલાથી उत्थाय ।

27. એક જ પદમાં र् + क् ख् કે प् फ् = ष् + क् ख् કે प् फ्

દા.ત. * निर् + काशः = निष्काशः। * निर् + खनति = निष्खनति ।

* निर् + पद्यते = निष्पद्यते । * निर् + फलम् = निष्फलम् ।

## વિસર્ગ સંધિ

૧. अ + વિસર્ગ + अ કે ઘોષ = બંને મળીને ओ + अ કે ઘોષ — દા.ત * नरः + अटति = नरोऽटति ।

* नरः + गच्छति = नरो गच्छति ।

૨. अ + વિસર્ગ + अ સિવાયનો સ્વર = अ + વિસર્ગ નોલોપ+ अ સિવાયનો સ્વર — દા.ત.* नरः + इच्छति = नर इच्छति ।

आ : [illegible] : ओ लोप थाय ।

= आ + વિસર્ગ લોપ + સ્વર કે ઘોષ વ્યંજન

દા.ત. ☆ नराः अटन्ति = नरा अटन्ति ।

☆ नराः इच्छन्ति = नरा इच्छन्ति ।

☆ नराः गच्छन्ति = नरा गच्छन्ति ।

NOTE :- र् કે મૂર્ધન્ય ष् ના સ્થાને વિસર્ગ થયેલ હોય તો ઉપરોક્ત ત્રણ નિયમ ન લાગે.પરંતુ र् કે ष् મા સ્વર ભળી જાય.

દા.ત.। ☆ पुनः आगच्छति = पुनरागच्छति ।

૪. अ आ સિવાયનો સ્વર + વિસર્ગ + સ્વર કે ઘોષ વ્યંજન

= अ आ સિવાયનો સ્વર + र् + સ્વર કે ઘોષ વ્યંજન

દા.ત. ☆ हरिः + गच्छति = हरिर्गच्छति ।

☆ हरिः + अटति = हरिरटति ।

૫. વિસર્ગ + च् छ्, ट् ठ्, त् थ् દા.ત.

= श् + च् छ् — ☆ रामः + चलति = रामश्चलति ।

ष् + ट् ठ् — ☆ रामः + टीकते = रामष्टीकते ।

स् + त् थ् — ☆ रामः + तरति = रामस्तरति ।

૬ વિસર્ગ + श् ष् स् — દા.ત ☆ बालः + शाम्यति

= વિકલ્પે श् ष् स् — = बालश्शाम्यति / बालः शाम्यति ।

श् ष् स्

☆ बालः + ष्ठिवति = बालष्ष्ठिवति / बालः ष्ठिवति ।

☆ बालः + सृजति = बालस्सृजति / बालः सृजतिः ।

૭ વિસર્ગ + श् ष् स् + અઘોષ વ્યંજન

= વિકલ્પે લોપ + श् ष् स् + અઘોષ વ્યંજન

અથવા श् ष् स् — દા.ત. ☆ निः + स्पृहः = निःस्पृहः ।

☆ निस्पृहः । ☆ निस्स्पृहः ।

૮ વાક્યમાં सः भोः, एषः + વ્યંજન — દા.ત. ☆ सः+गच्छति

= વિસર્ગનોલોપ + વ્યંજન — = स गच्छति ।

☆ भोः + जनाः = भो जनाः । ☆ एषः + रमते = एष रमते ।

૯ વિસર્ગનો લોપ થયાપછી સંધિ થાય નહી

દા.ત ☆ रामः इच्छति = राम इच्छति ।

# વિભક્તિની સમજુતી

પ્રથમા વિભક્તિ કર્તાને લાગે.
દ્વિતીયા વિભક્તિ કર્મને લાગે.
તૃતીયા વિભક્તિ કરણને લાગે.
ચતુર્થી વિભક્તિ સંપ્રદાનને લાગે.
પંચમી વિભક્તિ અપાદાનને લાગે.
છઠ્ઠી વિભક્તિ સંબંધને લાગે.
સપ્તમી વિભક્તિ અધિકરણને લાગે.
અને... અંતની વિભક્તિ સંબોધનમાં લાગે.

**કોણ કરે છે ? = कः करोति ?** **ગુજરાતી પ્રત્યય**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | कः | કોણ ? | रमेशः | | |
| ૨. | किम् | શું ? | घटम् | ને | (શૂન્ય) |
| ૩. | केन | શેનાથી ? | हस्तेन | થી | (વડે, દ્વારા) |
| ૪. | कस्मै | શા માટે ? (કોના માટે ?) | गृहाय | માટે | (વાસ્તે, સારુ, ખાતર.) |
| ૫. | कस्मात् | શેમાંથી ? | मृत्पिंडात् | માંથી | (પાસેથી, ઉપરથી, નેલીધે.) |
| ૬. | कस्य | કોનું ? | देवस्य | ની | (નો, ની, નુ,ના , રો,રી, રુ,રા) |
| ૭. | कस्मिन् | ક્યાં ? | आपणे | માં | (નીચે, ઉપર, અંદર, વિષે, અંગે) |

૧.ક્રિયાનો કર્તા.
૨.ક્રિયાનું કર્મ.
૩.ક્રિયાનું કરણ.
૪.ક્રિયાનું સંપ્રદાન
૫.ક્રિયાનું અપાદાન
૬. ક્રિયાનું અધિકરણ

← **આ છ કારક કહેવાય છે.**

**NOTE :- I** ક્રિયાપદને લીધે થતી વિભક્તિ તે **'કારક વિભક્તિ'** કહેવાય છે.

**દા.ત.** वृक्षात् पतति । रथेन गच्छति रमेशः ग्रामम् । महेशः रामश्च गच्छतः ।

II ક્રિયાપદના સિવાયના પદને લીધે લાગતી વિભક્તિ ઉપપદવિભક્તિ કહેવાય. **દા.ત.** महेशः रामेण सह गच्छति ।

# વાક્ય રચના કરવાના નિયમો

| ધાતુના ક્યા અર્થમાં | કઈ વિભક્તિ ? | ઉદાહરણ |
|---|---|---|
| १. गम् વગેરે ધાતુમાં | જવાના સ્થાનને દ્વિતીય લાગે. ક્યારેક ચતુર્થી પણ લાગે છે. | ग्रामं गच्छति । ग्रामाय गच्छति । |
| २. कथ् शंस् વગેરે ધાતુના અર્થમાં.. | જે કહેવાનું હોય તેને દ્વિતીયા. જેને કહેવાનું હોય તેને દ્વિતીયા. ચતુર્થી કે ષષ્ઠી લાગે. | नृपं, नृपाय, नृपस्य कथां कथयति |
| ३.शी आस् અને स्था ધાતુઓ | જો अधि ઉપસર્ગ સહિત હોય તો જે સ્થાને ક્રિયા થઈ હોય તે સ્થાનના નામને દ્વિતીયા લાગે. | शीलां अध्यासामहै । |
| ४. आ + रुह् ધાતુ (આરોહણ કરવાના અર્થમાં) | જ્યાં ચઢવાનું હોય તેને દ્વિતીયા વિભક્તિ લાગે છે. | गिरिं आरोहति । |
| ५. स्पृह् ધાતુ... | જેની સ્પૃહા હોય એને ચતુર્થી કે વિકલ્પે દ્વિતીયા પણ થાય. | मोदकाय स्पृहयति । मोदकं स्पृहयति । |
| ६. प्रति + दा ધાતુના અર્થમાં | '...ના બદલામાં આપવું ' એ અર્થમાં આપવાની વસ્તુને દ્વિતીયા વિભક્તિ લાગે અને.. બદલામાં લેવાની વસ્તુને પંચમી વિભક્તિ લાગે છે. | तैलेभ्यो माषान् प्रतियच्छति । (= તલના બદલામાં અડદ આપે છે.) |

| | | |
|---|---|---|
| ૭. दा (ત્રીજો ગણ) दा ('यच्छ्') વગેરે આપવાના અર્થવાળા ધાતુઓમાં.. | જેને આપવાનું હોય એને ચતુર્થી. અનેજે વસ્તુ આપવાની હોય તેને દ્વિતીયા વિભક્તિ લાગે છે. | ब्राह्णभ्यो मोदकान् ददाति / यच्छति |
| ૮. स्मृ વગેરે.સ્મરણ અર્થવાળા ધાતુઓમાં. | જેનું સ્મરણ હોય તેને દ્વિતીયા અથવા..છઠ્ઠી વિભક્તિ લાગે. | मातरं मातुः वा स्मरति । |
| ૯. धृ (દેવાદાર હોવું અર્થમાં) ધાતુમાં... | દેવાદાર વ્યક્તિને પ્રથમા. લેણદાર વ્યક્તિને ચતુર્થી. અને દેવાની વસ્તુને દ્વિતીયા લાગે. | हरिः रामाय शत<br>↓ ↓<br>દેવાદાર લેણદાર<br>निष्कान् धारयति ।<br>↓<br>દેવાની વસ્તુ. |
| ૧૦. रुच् ધાતુમાં<br>↓<br>(ગમવાના અર્થમાં) | જેને ગમે= જે વ્યક્તિ ખુશ થાય તેને ચતુર્થી લાગે. અને.. જે વસ્તુ ગમે તેને પ્રથમા લાગે. | बालाय मोदकः रोचते। |
| ૧૧. ईश् ધાતુના.. | કર્મને દ્વિતીયા કે ષષ્ઠી વિભક્તિ લાગે. | प्रसवान् કે प्रसवानाम् ईष्टे। |
| ૧૨.ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અસૂયા આદિ અર્થ વાળા ધાતુઓમાં.. | *જેના પર ક્રોધ વગેરે હોય એને ચતુર્થી વિભક્તિ લાગે.<br>* ઉપર્સગ સહિત ધાતુ હોય તો દ્વિતીયા વિભક્તિ લાગે.અને..<br>* અજીવ વસ્તુ હોય તો સપ્તમી વિભક્તિ લાગે . | श्रेष्ठी किङ्कराय कुप्यति ।<br>श्रेष्ठी किङ्करं संकुप्यति ।<br>श्रेष्ठी कर्मणि कुप्यति । |

| ધાતુના ક્યા અર્થ/પદના યોગમાં ⬇ | કઈ વિભક્તિ ? ⬇ | ઉદાહરણ ⬇ |
|---|---|---|
| ૧. 'विना' અવ્યયના યોગમાં.... | બીજી, ત્રીજી અથવા પંચમી વિભક્તિ લાગે. | धर्मं धर्मेण धर्मात् विना न मोक्षः । |
| ૨.ऋते (વિના) ના યોગમાં.... | દ્વિતીયા અથવા પંચમી વિભક્તિ લાગે. | पुण्यं, पुण्यात् ऋते न जीवितम् । |
| ૩ अलं, किं, कृतम् વગેરે અવ્યયો.... | તેનાથી સર્યું એવા અર્થમાં વપરાયા હોય ત્યારે જેનાથી સર્યું વગેરેને તૃતીયાવિભક્તિ લાગે. | अलं रुदितेन । किं जीवितेन । कृतं तेन । |
| ૪. શરીરના અવયવમાં | શરીરની ખોડ બતાવતા અવયવને તૃતીયા લાગે. | पादेन खञ्जः । |
| ૫.सह, सार्धम्, साकम्, अमा અર્થમાં.. | જેની સાથે હોય તે વ્યક્તિને તૃતીયા વિભક્તિ લાગે. | रामेण सह गच्छति । |
| ૬.धिक्, अन्तरा વગેરે અવ્યયના યોગમાં... | જેના પર ધિક્કાર આદિહોય તેને દ્વિતીયાવિભક્તિ લાગે. | धिक्! जाल्मम्। राममन्तरा न गच्छति |
| ૭.तुल्य, सादृश्य વગેરે સમાનાર્થક શબ્દોના યોગમાં... | જેના તુલ્ય/સદૃશ હોય તેને તૃતીયા કે ષષ્ઠી લાગે. | पित्रा, पितुः सदृशः । मात्रा, मातुः तुल्यम् । |
| ૮. नमः અવ્યયના યોગમાં... | જેને નમસ્કાર હોય એને ચતુર્થી વિભક્તિ લાગે. | नमस्तुभ्यम् । जिनाय नमः । |

| | | |
|---|---|---|
| ૯. स्वस्ति, स्वधा, भद्रं स्वाहा અવ્યયનાયોગમાં. | જેનું કલ્યાણ વગેરે ઈચ્છીએ તેનેચતુર્થી વિભક્તિ લાગે. | स्वस्ति सघाय । अग्नये स्वाहा । |
| ૧૦. હિતના યોગમાં... | જેનું હિત ઈચ્છીએ એને ચતુર્થી વિભક્તિ લાગે. | शिष्याय हितं इच्छति । |
| ૧૧. ઉત્પત્તિ અર્થમાં... | જ્યાંથી ઉત્પત્તિ હોય તેને પંચમી વિભક્તિ લાગે. | पंकात् जायते इति पंकजम् । |
| ૧૨. पृथक्, नाना, भिन्न, अन्य વગેરેના યોગમાં | જેનાથી ભિન્ન હોય તેને પંચમી વિભક્તિ લાગે. | घटात् अन्यः पटः |
| ૧૩. भी, भय, વગેરે ભયવાચક અર્થમાં.. | જેનાથી ભય હોય તેને પંચમી વિભક્તિ લાગે. | चौरात् भयं वर्तते । व्याघ्रात् भयम् । |
| ૧૪. श्रेष्ठ, प्रधान, प्रथम વગેરે અર્થમાં... | જેઓમાં શ્રેષ્ઠ, પ્રધાન વગેરે હોય એનેષષ્ઠી કે સપ્તમી લાગે. આને <u>નિર્ધારણષષ્ઠી/સપ્તમી</u> વિભક્તિ કહેવાય છે. | रामः नृणां नृषु वा श्रेष्ठः। |
| ૧૫. સ્નેહ, વિશ્વાસ વગેરે અર્થમાં... | જેના પર સ્નેહ આદિ હોય તેને સપ્તમી વિભક્તિ લાગે . | जामातरि स्निह्यति। मातुः पुत्रे अतीवस्नेहो वर्तते । |

## <u>ઉપસર્ગ</u>

- सम्, अव, प्र + स्था આત્મનેપદ બને. संतिष्ठते, अवतिष्ठते, प्रतिष्ठते ।
- आ + क्रम् (ઉઠવું/ઉગવું) આત્મનેપદ બને. सूर्यः आक्रमते ।
- वि + जि (=વિજય થવો) આત્મનેપદ બને. विजयते ।
- वि, आ, परि, उप + रम् પરસ્મૈપદ બને. विरमति, आरमति, परिरमति, उपरमति ।

★ ગુજરાતીમાં જે ક્રિયાને સહાયકારક 'દો' એવું ક્રિયાપદ લાગતું હોય તે ક્રિયાનું સંસ્કૃતમાં આજ્ઞાર્થ રૂપ વાપરવું અને એના ગૌણકર્મને પ્રથમા વિભક્તિ લગાડવી

**દા.ત.** મૂર્ખાઓને બબડવા **દો** = मूर्खाः जल्पन्तु ।

## સતિ સપ્તમી

• જ્યારે પહેલી ક્રિયાના આધાર પર બીજી ક્રિયા થતી હોય, ત્યારે પહેલી ક્રિયાના ધાતુનું વર્તમાન કૃદન્ત બનાવી તેના કર્તાનું વિશેષણ બનાવવું અને.. બંનેને સપ્તમી વિભક્તિ લગાડવી.

**દા.ત.** ★ दशरथे शासति सति जनः सुखी आसीत् – अभवत् – बभुव..

## અનાદર અર્થે ષષ્ઠી

• જ્યારે બીજી ક્રિયા પ્રથમ ક્રિયા પ્રત્યે અનાદર વ્યક્ત કરતી હોય, ત્યારે પ્રથમક્રિયાના વર્તમાન કૃદન્ત અને કર્તાને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે.

**દા.ત.** गुरोः पश्यतः (सतः) शिष्योऽविनयमकरोत् ।

**અથવા...** गुरौ पश्यति (सति) शिष्योऽविनयमकरोत् ।

**<u>વાક્ય પ્રયોગ</u>** ☛ ત્રણ પ્રકારના હોય છે.

**૧. કર્તરિ પ્રયોગ.** **૨. કર્મણિપ્રયોગ.** **૩. ભાવેપ્રયોગ.**

**૧. કર્તરિ પ્રયોગ** – જે વાક્ય પ્રયોગ કર્તાને મુખ્ય કરે તે કર્તરિપ્રયોગ કહેવાય. આ પ્રયોગમાં કર્તા પ્રથમા વિભક્તિમાં હોય, ક્રિયાપદ કર્તાને અનુસરે અને...ત્યારે કર્તાના વચન આદિ ક્રિયાપદને લાગે.

**દા.ત.** ✳ जनाः घटं पश्यन्ति = **લોકો ઘડાને જૂએ છે.**

**૨. કર્મણિપ્રયોગ**–જે વાક્ય પ્રયોગ કર્મને મુખ્ય કરે તે કર્મણિપ્રયોગ. આ પ્રયોગમાં કર્મ પ્રથમામાં હોય અને ક્રિયાપદ કર્મને અનુસરે એટલે કે કર્મના વચનાદિ ક્રિયાપદને લાગે અને ત્યારે કર્તાને તૃતીયા લાગે.

**દા.ત.**✳ जनैः घटः दृश्यते = **લોકો વડે ઘડો જોવાય છે.**

**૩. ભાવે પ્રયોગ** – જ્યાં ધાતુ અકર્મક હોય અથવા તો ધાતુના કર્મની વિવક્ષા ન હોય અને કર્તાની વિવક્ષા ગૌણ હોય ત્યાં ભાવે પ્રયોગ હોય.

**દા.ત.**✳ अहं तिष्ठामि – मया स्थीयते ।

*NOTE* :–A ક્રિયાપદને કોણ પૂછવાથી જે જવાબ આવે તે કર્તા અને.... ક્રિયાપદને શું / કોને પૂછવાથી જે જવાબ આવે તે કર્મ.

B ક્રિયાપદ હંમેશા પ્રથમામાં જે શબ્દ હોય તેને (=પ્રથમાન્ત પદને ) અનુસરે છે. એટલેકે પ્રથમામાં જે પદ હોય એના વચન અને પુરુષ ક્રિયાપદને હોય.

# કર્મણિ પ્રયોગ

**• મૂળ ધાતુ + य + આત્મનેપદી પ્રત્યયો = કર્મણિરૂપ.**

**દા.ત.** * गम् + य + ते = गम्यते ।

૧. કર્મણિ પ્રયોગમાં લાગતો 'य' પ્રત્યય અવિકારક છે. પરન્તુ દસમાં ગણના ધાતુમાં ગુણ/વૃદ્ધિ થાય છે. **દા.ત.** * चुर्-चोर्यते । પરન્તુ * बुध्-बुध्यते ।

૨. ધાતુના અંતે હ્રસ્વ इ उ હોય તો દીર્ઘ થાય છે.

**દા.ત.** * नु → नूयते । * जि → जीयते ।

3. ધાતુના અંતે હ્રસ્વ ऋ હોય તો તેનો रि થાય છે.

**દા.ત.** * मृ → म्रियते । * कृ → क्रियते ।

૪. સંયુક્ત વ્યંજન પર હ્રસ્વ ऋ હોય ત્યારે अर् થાય છે.

**દા.ત.** * स्मृ → स्मर्यते ।

૫. ऋ, जागृ ધાતુના ऋ નો પણ अर् થાય છે.

**દા.ત.** * ऋ → अर्यते । * जागृ → जागर्यते ।

૬. ધાતુના અંતે દીર્ઘ ॠ હોય તો ईर् થાય છે.

**દા.ત.** * जॄ जीर्यते । * तॄ → तीर्यते ।

૭. પરન્તુ જો દીર્ઘ ॠ ઓષ્ઠ્ય વ્યંજન કે व પર હોય તો ऊर् થાય છે.

**દા.ત.** * पॄ पूर्यते । * वॄ वूर्यते ।

૮. दा, धा (અંગવાળા) मा, स्था, गै, पा (पिब्) सो, हा (ત્રીજો ગણ પરસ્મૈપદ) આટલા ધાતુઓમાં કર્મણિમાં અંત્ય સ્વરનો દીર્ઘ ई થાય છે.

**દા.ત.** * *दीयते* । * *स्थीयते* । * *धीयते* ।

૯. अञ्च्, अञ्ज्, भञ्ज्, रञ्ज्, सञ्ज्, स्वञ्ज्, दंश् ध्वंस् भ्रंश् स्रंश् ग्रन्थ् बन्ध् मन्थ् स्कन्द् स्तम्भ् इन्ध् उन्द् तृंह् આ ૧૮ ધાતુઓમાં અનુનાસિકનો લોપ થાય છે. **દા.ત.** * अञ्च् अच्यते । * अञ्ज् अज्यते ।

## संप्रसारण એટલે ? य्वृत्

य्वृत् એટલે ? સ્વર સહિતના य् व् र् નો અનુક્રમે इ, उ, ऋ થાય છે.

દા.ત. ☆ वच् + य + ते = उच् + य + ते = उच्यते ।

☆ यज् + य + ते = इज् + य + ते = इज्यते ।

☆ प्रच्छ् + य + ते = प् + ऋ + च्छ् + य + ते = पृच्छ्यते ।

**દ્વિકર્મક–** • જે ધાતુના બે કર્મ હોય તે ધાતુ દ્વિકર્મક કહેવાય છે.

• ક્રિયાપદને કોને અને શું એ બે પ્રશ્ન પૂછવાથી જવાબ જૂદા જૂદા આવે તો એ ક્રિયાપદ દ્વિકર્મક કહેવાય.

દા.ત. ☆ 'नृपम् कथाम् कथयति' અહીં कथयति' = કહે છે. એ ક્રિયાપદ છે.

(1) શું કહે છે ? कथाम् कथयति । (2) કોને કહે છે? नृपम् । તેથી અહીં कथाम् અને नृपम् આ બે કર્મ છે.

☆ गां पयः दोग्धि, देवदत्तं शतं जयति વગેરે દ્વિકર્મક પ્રયોગો છે.

કોને પૂછવાથી જે જવાબ મળે તે ગૌણકર્મ.
શું પૂછવાથી જે જવાબ મળે તે મુખ્યકર્મ.

દા.ત. 'गां पयः दोग्धि' અહીં दोग्धि ક્રિયાપદ છે.

શું દોહે છે ? पयः= દુધ દોહે છે. ⬅ આ **મુખ્ય કર્મ** કહેવાય.

કોને દોહે છે ? गा= ગાયને દોહે છે. ⬅ આ **ગૌણ કર્મ** કહેવાય.

☆ गोपालेन गोः पयः दुह्यते ⬅ આ કર્મણિ પ્રયોગ થયો.

૧૧. नी, हृ कृष् वह् આ ધાતુ અને તેવા બીજા દ્વિકર્મક ધાતુઓનું ક્રિયાપદ વાક્યમાં વપરાયેલ હોય, અને વાક્યમાં બન્ને કર્મનો નિર્દેશ હોય તો કર્મણિપ્રયોગમાં મુખ્ય કર્મને પ્રથમા અને ગૌણકર્મને દ્વિતીયા વિભક્તિ લાગે છે.

દા.ત. अजां ग्रामं नयति ⬅ કર્તરિ પ્રયોગ
अजा ग्रामं नीयते ⬅ કર્મણિ પ્રયોગ.

અહીં अजा મુખ્યકર્મ હોવાથી પ્રથમા વિભક્તિમાં.

૧૨. दुह्, याच्, पच् दण्ड्, रुध्, प्रच्छ्, चि, ब्रू, शास्, जि, मथ्, मुष्, તેમજ તેવા બીજા દ્વિકર્મક ધાતુઓના વાક્ય પ્રયોગમાં આવેલા બે કર્મોમાં ગૌણ કર્મ કર્મણિ પ્રયોગમાં પ્રથમામાં આવે છે.

દા.ત 'दुह्' ➡ गौः पयः दुह्यते । 'याच्' ➡ धनिकः धनं याच्यते ।

'जि' ➡ शतं जीयते देवदत्तः ।

૧૩. 'अस्' ધાતુનો 'भू' આદેશ થાય છે. દા.ત. ➡ भूयते ।

'ब्रू' ધાતુનો वच् આદેશ થાય છે. દા.ત. ➡ उच्यते ।

'घस्' ધાતુનો अद् આદેશ થાય છે. દા.ત. ➡ अद्यते ।

'शी' ધાતુનો शय् આદેશ થાય છે. દા.ત. ➡ शय्यते ।

૧૪. खन्, जन्, तन् આ ત્રણ ધાતુઓમાં વિકલ્પે न् નો લોપ થાય છે. અને ત્યારે अ નો आ થાય છે.

દા.ત. खन् ➡ खन्यते અથવા खायते ।
जन् ➡ जन्यते અથવા जायते ।
तन् ➡ तन्यते અથવા तायते ।
➡ આ રીતે બે પ્રકારે રૂપો થાય છે.

૧૫. કર્તરિથી કર્મણિ કરવું હોય ત્યારે કર્તાને તૃતીયા વિભક્તિ લાગે. અને કર્મને પ્રથમા વિભક્તિ લાગે. તેમજ ક્રિયાપદ કર્મને અનુસરે.

દા.ત. वयं शालां गच्छामः = अस्माभिः शाला गम्यते ।

૧૬. કર્મણિથી કર્તરિ કરવું હોય ત્યારે કર્તાને પ્રથમા કર્મને દ્વિતીયા અને ક્રિયાપદ કર્તાને અનુસરે

દા.ત. अस्माभिः जिनेश्वरः पूज्यते = वयं जिनेश्वरं पूजयामः ।

**ભાવે પ્રયોગ**

- *કર્તાને તૃતીયા વિભક્તિ લાગે.*
- *પ્રથમા વિભક્તિ કોઈનેય લાગે નહિં.*
- *ક્રિયાપદ તૃતીય પુરુષ એકવચનમાં વપરાય છે.*

**અકર્મક ધાતુ કારિકા**

लज्जा सत्ता–स्थिति–जागरणम्, वृद्धि–क्षय–दीप्तिमरणम् ।
शयन–क्रीडा रुचिदीप्त्यर्थः धातुगणमकर्मकमाहुः ॥ १ ॥

**અર્થ** – લજ્જા અર્થવાળા, સત્તા અર્થવાળા ( भू વગેરે), સ્થિતિ અર્થવાળા, જાગૃતિ અર્થવાળા, વૃદ્ધિ – ક્ષય, દીપ્તિ, અને મરણ અર્થવાળા, શયન, ક્રીડા રુચિ વગેરે અર્થવાળા ધાતુઓ અકર્મક છે.

વાક્ય પ્રયોગમાં જે ક્રિયાપદને કોણ અને શું એ બન્ને પ્રશ્ન પૂછવાથી એક જ જવાબ મળે એ ક્રિયાપદ અકર્મક કહેવાય છે.

દા.ત. अश्वाः तिष्ठन्ति = अश्वैः स्थीयते ।

रमेशः नृपो भवति = रमेशेन नृपेण भूयते ।

આવા વાક્ય પ્રયોગમાં ક્રિયાપદ અકર્મક છે. એ વાત ઉપરોક્ત બે પ્રશ્ન પૂછવાથી જણાય છે.

'जनाः पश्यन्ति = जनैः दृश्यते' આ સ્થળે दृश् ક્રિયાપદ સકર્મક હોવા છતાં કર્મની વિવક્ષા નથી.

# વ્યંજનાંત નામો

## પુલ્લિંગ / સ્ત્રીલિંગ નામોના રૂપો માટેના પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ ➡ | स् | औ | अस् |
| દ્વિતીયા વિભક્તિ ➡ | अम् | औ | अस् |
| તૃતીયા વિભક્તિ ➡ | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી વિભક્તિ ➡ | ए | भ्याम् | भ्यस् |
| પંચમી વિભક્તિ ➡ | अस् | भ्याम् | भ्यस् |
| છઠ્ઠી વિભક્તિ ➡ | अस् | ओस् | आम् |
| સપ્તમી વિભક્તિ ➡ | इ | ओस् | सु |
| સંબોધન ➡ | स् | औ | अस् |

નપુંસકલિંગ ના પ્રત્યયો પ્રથમા-દ્વિતીયા વિભક્તિમાં ➡ ० ई इ અને.....બાકીના પ્રત્યયો પુંલિંગ જેવા.

**વ્યંજનાંતનામના પ્રત્યયોના ત્રણ વિભાગ થશે.**

૧. પહેલા પાંચ પ્રત્યયો - स्, औ, अस्, अम् અને औ (૫)

૨. દ્વિતીયા બહુવચનથી માંડીને સ્વરાદિ(૯) પ્રત્યયો.

૩. વ્યંજનાદિ (૭) પ્રત્યયો.

## ૧ પહેલા પાંચ પ્રત્યય માટેના નિયમ

A પ્રથમા વિભક્તિ એક વચનનો પ્રત્યય લોપાય તથા શબ્દની અંતે રહેલા સંયુક્ત વ્યંજનના અંત્ય વ્યંજનનો પણ લોપ થાય.

દા.ત. ० मरुत् + स् = मरुत् ।० भगवत् + स् = भगवान्त् =भगवान् ।

B अत्, वत्, मत्, वस्, यस् અંતવાળા વિશેષણોમાં પહેલા પાંચ પ્રત્યયો અને સંબોધનમાં ઉપાંત્યે न् ઉમેરાય છે.

દા.ત. ० भगवत् + अस् = भगवन्तः । સંબોધનમાં भगवन् !

० धीमत् + अस् = धीमन्तः । સંબોધનમાં धीमन् !

० श्रेयस् + अस् = श्रेयांसः । સંબોધનમાં श्रेयन् !

C वत् मत् अस् इन् અંતવાળા નામોમાં પ્રથમા એકવચનમાં ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે. દા.ત ०भगवत् + स् = भगवान् ।

તેવીજ રીતે..... श्रीमान् । धीमान् । વગેરેમાં સમજવું.

D अन् यस् वस् અંતવાળા નામોમાં પહેલાં પાંચ પ્રત્યયો પૂર્વે ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે.

દા.ત. राजन् ➡ राजा, राजानौ, राजानः । राजानम्, राजानौ... ।

श्रेयस् ➡ श्रेयान्, श्रेयांसौ, श्रेयांसः । श्रेयांसम्, श्रेयांसौ.. ।

विद्वस् ➡ विद्वान्, विद्वांसौ, विद्वांसः । विद्वांसम्, विद्वांसौ... ।

E शास् जक्ष् चकास् दरिद्रा जागृ આ પાંચ ધાતુ તેમજ ત્રીજા ગણના ધાતુના વર્તમાન કૃદન્ત પુલ્લિંગનામોમાં न् લાગે નહિં.

દા.ત. शासत् ➡ शासत् शासतौ शासतः । शासतम्, शासतौ... ।

ददत् ➡ ददत् ददतौ ददतः । ददतम्, ददतौ.... ।

F महत् માં પહેલા પાંચ રૂપમાં ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે.

દા.ત. महत् ➡ महान्, महान्तौ, महान्तः । महान्तम्, महान्तौ.. ।

G પ્રથમા એકવચનના 'स्' પ્રત્યય પર છતાં શબ્દના આદ્ય ब्, ग्, द् ના સ્થાને ક્રમશ: भ्, घ्, ध् થાય.

દા.ત. बुध् ➡ भुत् । गुह् ➡ घुट् । दुह् ➡ धुक् ।

## (૨) સ્વરાદિ પ્રત્યય માટેના નિયમ

૧.a अन् અંતવાળા નામોના अ નો સ્વારાદિ પ્રત્યય પૂર્વે લોપ થાય છે. પરન્તુ अ ની પહેલાં સંયુક્ત म કે व વ્યંજન હોય તો अ લોપાય નહિં.

દા.ત. राजन् ➡ राजन् + अस् = राज्ञः ।

પરન્તુ...आत्मन् ➡ आत्मन् + अस् = आत्मनः ।

b अन् અંતવાળા નામોના अ નો પુલ્લિંગ/સ્ત્રીલિંગમાં સપ્તમી એકવચન પ્રત્યય પૂર્વે વિકલ્પે લોપ થાય છે.

દા.ત. राजन् + इ = राज्ञि અથવા राजनि ।

૨.वस् અંતવાળા નામો માં સ્વરાદિ પ્રત્યય પૂર્વે वस् નો उस् થાય, અને આ उस् પૂર્વે इ હોય તો લોપાય.

દા.ત. विद्वस् ➡ विद्वस् + अस् = विदुषः, विदुषा ઇત્યાદિ

सेदिवस् ➡ सेदिवस् + अस् = सेदुषः, सेदुषा ઇત્યાદિ

## ૩ વ્યંજનાદિ પ્રત્યય માટેના નિયમ

*વ્યંજનાદિ પ્રત્યયની પૂર્વે....*

૧. अन् इन् અંતવાળા નામોમાં અંત્ય न् લોપાય.

દા.ત. राजन् + भ्याम् = राजभ्याम् ।

૨. वस् અંતવાળા નામોમાં स् નો द् થાય છે.

દા.ત. विद्वस् + भ्याम् = विद्वद्भ्याम् ।

૩. अस् અંતવાળાનામોમાં स् નો ओ થાય છે.

દા.ત. मनस् + भ्याम् = मनोभ्याम् ।

બાકીના स् અંતવાળા નામોમાં स् નો र् થાય છે.

દા.ત. चक्षुस् + भ्याम् = चक्षुर्भ्याम् ।

૪. તાલવ્ય વ્યંજન અંતવાળા નામોમાં તાલવ્ય વ્યંજનનો અને दिश् ના श् નો क् કે ग् થાય છે.

દા.ત. वाच् + भ्याम् = वाग्भ्याम् ।

वाच् + सु = वाक्षु । दिश् + भ्याम् = दिग्भ्याम् ।

પરન્તુ...

राज् विश् द्विष् માં ट्, ड् અને द्रुह् मुह् स्नुह् स्निह् માં क्, ग् અને ट्, ड् થાય. તેમજ उपानह् માં त् द् થાય.

**૫. અંત્ય વ્યંજનમાં થતા ફેરફાર (વ્યંજન થી શરુ થતા પ્રત્યય પૂર્વે)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| वाच् | ➡ | वाक् - वाग् । | राज् | ➡ | राट्-ड् । |
| पयोमुच् | ➡ | पयोमुक् - ग् । | सृज् | ➡ | सृट्-ड् |
| भिषज् | ➡ | भिषक् - ग् । | लिह् | ➡ | लिट्-ड् |
| स्रज् | ➡ | स्रक् - ग् । | तुरासाह् | ➡ | तुरासाट्- ड् । |
| दिश् | ➡ | दिक् - ग् । | विश्ववाह् | ➡ | विश्ववाट् - ड् । |
| दृश् | ➡ | दृक् - ग् । | त्विष् | ➡ | त्विट् - ड् । |
| स्पृश् | ➡ | स्पृक् - ग् । | विश् | ➡ | विट् - ड् । |
| मृश् | ➡ | मृक् - ग् । | प्रच्छ् | ➡ | प्रट् - ड् । |
| उष्णिह् | ➡ | उष्णिट् - ड् । | देवेज् | ➡ | देवेट् - ड् । |
| भृज्ज् | ➡ | भृट् - ड् । | सुवृश्च् | ➡ | सुवृट् - ड् । |
| उपानह् | ➡ | उपानद् - त् । | | | |

## ડબલ ફેરફાર

मुह् ➡ मुक्-ग् તેમજ मुट्-ड् । नश् ➡ नक्-ग्-नट् - ड् ।
स्निह् ➡ स्निक्-ग् તેમજ स्निट्-ड् । तक्ष् ➡ तक्-ग्-तट् - ड् ।
स्नुह् ➡ स्नुक्-ग् તેમજ स्नुट्-ड् । द्रुह् ➡ ध्रुक्-ग्-ध्रुट् - ड् ।

**૬.** श् **અંતવાળા (** विश् **)** छ् **અંતવાળા (** प्रच्छ् **) તથા** व्रश्च् (वृश्च्), भ्रस्ज् (भृस्ज्), सृज्, मृज्, यज्, राज्, भ्राज् **આટલા શબ્દોમાં અંત્ય વ્યંજનનો** ष् **થાય છે. અને આ** ष् **નો** ट्, ड् **થાય છે. દા.ત.** विश् ➡ विष् - विट् - विड् ।

**<u>નપુંસક રૂપ બનાવવાના નિયમ</u>**

**૧. 'न्' કારાંત સિવાયના નામોને પ્રથમા ~~બહુવચન~~ અને દ્વિતીયા બહુવચનમાં ઉપાંત્યે** न् **ઉમેરાય છે.**

**દા.ત.** जगत् ➡ जगत् + इ = जग + न् + त् + इ = जगन्ति ।
श्रेयस् ➡ श्रेयस् + इ = श्रेयास् + इ **(નીચેના નિયમથી ઉપાંત્ય સ્વર દીર્ઘ)** श्रेया + न् + स् + इ = श्रेयांसि ।
विद्वस् ➡ विद्वा + न् + स् + इ = विद्वांसि ।

૨. 'त्' કારાંત સિવાયના નામોમાં પ્રથમા બહુવચનનો ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે. દા.ત. ♣ नामन् ➡ नामा + न् + इ = नामानि ।

૩. 'अत्' અંતવાળા વર્તમાન કૃદન્તમાં પ્રથમા / દ્વિતીયા વિભક્તિના દ્વિવચન અને બહુવચનમાં ઉપાંત્યે 'न्' ઉમેરાય છે. દા.ત.

♣ गच्छत् ➡ गच्छत् + ई=गच्छ + न् + त् + ई = गच्छन्ती ।

♣ गच्छत् ➡ गच्छत् + इ=गच्छ + न् + त् + इ = गच्छन्ति ।

પરન્તુ... 'यात्' 'पात्' વગેરે બીજા ગણના અને છઠ્ઠા ગણના વર્તમાન કૃદન્તમાં પ્રથમા/દ્વિતીયા વિભક્તિના દ્વિવચનમાં વિકલ્પે न् ઉમેરાય છે.

દા.ત. ♣ यात् ➡ याती અથવા यान्ती । (બીજો ગણ)

♣ विशत् ➡ विशती અથવા विशन्ती । (છઠ્ઠો ગણ)

૪. ત્રીજા ગણના અને शास् (शासत्) આદિ પાંચ બીજા ગણના વર્તમાન કૃદન્તમાં પ્રથમા/દ્વિતીયા વિભક્તિના દ્વિવચનમાં न् ઉમેરાય નહિં અને.. બહુવચનમાં વિકલ્પે ઉમેરાય.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દા.ત. ♣ दा (ત્રીજો ગણ) | ददत्, | ददती, | ददति કે ददन्ति । |
| ♣ शास् ➡ | शासत्, | शासती, | शासति કે शासन्ति । |

## સ્ત્રીલિંગ રૂપ માટેના નિયમ

૧.વ્યંજનાન્ત વિશેષણોનું નપુંસક પ્રથમા વિભક્તિ દ્વિવચનનું રૂપ એ સ્ત્રીલિંગનું અંગ બને પછી 'नदी' પ્રમાણે રૂપ કરવા.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દા.ત. ♣ भगवत् ➡ | भगवती, | भगवत्यौ, | भगवत्यः। |
| ♣ विशत् ➡ | विशती કે विशन्ती, | विशत्यौ કે विशन्त्यौ | विशत्यः કે विशन्त्यः । |

૨. उ કારાંત અને ऋ કારાંત વિશેષણોમાં દીર્ઘ ई ઉમેરી પછી 'नदी' જેવા રૂપ કરવા દા.ત ♣ बहु + ई = बह्वी

♣ कर्तृ + ई = कर्त्री

# કૃદન્ત વિભાગ

**કૃદન્ત એટલે ?** ધાતુને પ્રત્યય લાગીને બનતું નામ જે અધુરો અર્થ જણાવે.

દા.ત. ખાવાને, રમીને, લખતો વગેરે...

**કૃદન્ત**

(૧) અવ્યય રૂપ કૃદન્ત — (૨) વિશેષણ રૂપ કૃદન્ત

| | ૧ હેત્વર્થ કૃદન્ત | ૨. સંબંધકભૂતકૃ૦ | ૩. કર્મણિભૂત કૃ૦ | ૪. વર્તમાન કર્તરિ પરસ્મૈ | આત્મને |
|---|---|---|---|---|---|
| પ્રત્યય | तुम् | त्वा | त | अत् | मान |
| અર્થ | વાને | ઈને. | ...લો | તો | |
| વિશેષ ફેરફાર | વિકારક ગુણ/વૃદ્ધિ સેટ્માં इ | અવિકારક. સંપ્રસારણ. સેટ્માં इ | અવિકારક. સંપ્રસારણ. સેટ્માં इ | બીજી બુકના ધાતુઓમાં मान ના બદલે आन લાગે | |
| દૃષ્ટાંત ↓ | | | | | |
| 'नी' | नेतुम् । | नीत्वा । | नीतः । | नयत् । | नयमानः। |
| 'वस्' | वसितुम् । | उषित्वा । | उषितः । | वसत् । | |
| 'श्रु' | श्रोतुम् । | श्रुत्वा । | श्रुतः । | श्रुण्वत् । | ईक्षमाणः। |
| 'कृ' | कर्तुम् । | कृत्वा । | कृतः । | कुर्वत् । | कुर्वाणः । |
| 'चुर्' | चोरयितुम्। | चोरयित्वा । | चोरितः । | चोरयत् । | मन्यमानः। |

| | ૫. વર્તમાનકર્મણિકૃદન્ત | ૬. કર્તરિભૂત કૃદન્ત |
|---|---|---|
| પ્રત્યય ➡ | मान | तवत् |
| અર્થ ➡ | ..આતો | ..... |
| સ્વરૂપ ➡ | વિશેષણ | વિશેષણ |
| દૃષ્ટાંત ➡ | नीयमाणः । | नीतवत् । |

## દસમા ગણના ધાતુઓ માટે

- ચાલુ અંગ + इ + तुम् = હેત્વર્થકૃદન્ત **દા.ત.** दारयितुम् ।
- ચાલુ અંગ + इ + त्वा = સંબંધકભૂત કૃદન્ત **દા.ત.** दारयित्वा ।
- ગુણ/વૃદ્ધિ + इ + त = કર્મણિભૂત કૃદન્ત **દા.ત.** दारितः ।
- કર્મણિભૂત કૃદન્ત + वत् = કર્તરિભૂત કૃદન્ત **દા.ત.** दारितवत् ।
- અંગ + अत् / मान = વર્તમાનકૃદન્ત **દા.ત.** दारयत् । दारयमाणः ।
- કર્મણિઅંગ + मान = કર્મણિ વર્તમાન કૃદન્ત **દા.ત.** दार्यमाणः ।

## સંબંધકભૂત કૃદન્ત त्वा

૧. કર્મણિ પ્રયોગમાં જે ધાતુઓમાં સંપ્રસારણ થાય તે ધાતુઓમાં અહીં પણ સંપ્રસારણ થાય. **દા.ત** 'वस्' ➔ <u>उषित्वा</u> ।

૨. ઉપસર્ગવાળા ધાતુને તથા 'च्वि' પ્રત્યયાન્ત ધાતુઓને त्वा ના બદલે य લાગે. પરન્તુ જો ઉપસર્ગવાળા ધાતુને અંતે હ્રસ્વ સ્વર હોય તો त्य લાગે. **દા.ત.** अनुभूय । शुक्लीभूय । विजित्य ।

3. દસમા ગણના ઉપસર્ગવાળા ધાતુમાં માત્ર ગુણ/વૃદ્ધિ કરીને 'य' કે 'त्य' લગાડવો. **દા.ત.** वि + दृ = विदार्य ।

## કર્મણિભૂત કૃદન્ત त

A. સંબંધકભૂત કૃદન્તની જેમ સંપ્રસારણ થાય. 'वस्' ➔ <u>उषितः</u> ।

B. કર્મનું વિશેષણ બને તેથી કર્મના લિંગાદિ લાગે.

**દા.ત.** रामेण घटाः कृताः ।

C. ગત્યર્થક ધાતુ, पिब्, भुज् અને અકર્મક ધાતુઓનું કર્મણિભૂત કૃદન્ત કર્તરિભૂત કૃદન્ત તરીકે પણ વપરાય.

| **દા.ત.** | **કર્તરિ** | **કર્મણિ** |
|---|---|---|
| | o रामः ग्रामं अगच्छत् | रामेण ग्रामो अगम्यत |
| | o रामः ग्रामं गतः | रामेण ग्रामः गतः |
| | o रामः ग्रामं गतवान् | |

D. કર્મણિભૂત કૃદન્ત ભાવે પ્રયોગમાં નપુંસક એકવચનમાં વપરાય.

**દા.ત.** बालः सुप्तः = बालेन सुप्तम् ।

E. દસમાં ગણમાં માત્ર ગુણ/વૃદ્ધિ થાય. **દા.ત.** 'चुर्' ➔ चोरितः ।

**વર્તમાન કર્તરિ કૃદન્ત** ➡ अत् (પરસ્મૈ) मान (આત્મને)

૧. તૃતીય પુરુષ બહુવચનના રૂપમાંથી अन्ति (પરસ્મૈપદ) अन्ते (આત્મનેપદ) કાઢી તેના સ્થાને ક્રમશ: अत् અને मान લાગે છે.

**દા.ત.** नयन्ति नय + अत् = नयत् । वन्दन्ते वन्द + मानः =वन्दमानः ।

**વર્તમાન કર્મણિ કૃદન્ત** ➡ मान

૧. કર્મણિ વર્તમાનકાળ તૃતીય પુરુષ બહુવચનના રૂપમાંથી अन्ते કાઢી मान લગાવવાથી બને. **દા.ત.** नीयन्ते ➡ नीय + मानः = नीयमानः ।

૨.કર્મનુ વિશેષણ બને. કર્તાને તૃતીયા વિભક્તિ લાગે.

**દા.ત.** हरिणा नीयमानं घटं पश्यति હરિવડે લઈ જવાતા ઘડાને જુએ છે.

**કર્તરિભૂત કૃદન્ત** ➡ तवत्

૧. કર્તાનું વિશેષણ બને. તેથી કર્તાના લિંગાદિ લાગે.

**દા.ત.** रामः घटान् अकरोत् = रामः घटान् कृतवान् ।

૨. પુલ્લિંગમાં ➡ कृतवत् તેના રૂપ भगवत् પ્રમાણે થાય.

નપુંસકલિંગમાં ➡ कृतवत् તેના રૂપ जगत् પ્રમાણે થાય.

સ્ત્રીલિંગમાં ➡ कृतवती તેના રૂપ नदी પ્રમાણે થાય.

૩. કર્મણિભૂત કૃદન્તને वत् લગાડવાથી પણ બને. **દા.ત.** कृत + वत् =कृतवत् ।

**વિધ્યર્થ કૃદન્ત** ➡ तव्य, अनीय, य ।

तव्य, ➡ ૧. ગુણ થાય. **દા.ત.** कृ ➡ कर्तव्यम् ।

૨. સેટ્માં इ લાગે **દા.ત.** रक्ष् ➡ रक्षितव्यम् ।

૩. દસમાં ગણમાં ગુણ/વૃદ્ધિ પૂર્વક अय લાગી इ લાગે **દા.ત** घुष् ➡ घोषयितव्यम् ।

अनीय ➡ ૧.ગુણ થાય **દા.ત.** कृ ➡ करणीयः ।

૨. દસમાં ગણમાં યથાયોગ્ય ગુણ/વૃદ્ધિ. **દા.ત.** घुष् ➡ घोषणीयः ।

य ➡ I आ નો ए થાય. **દા.ત.** दा ➡ देयम् ।

II ऋ ની વૃદ્ધિ થાય. **દા.ત.** कृ ➡ कार्यम् ।

III इ / उ નો ગુણ થાય. **દા.ત.** नी ➡ नेयम् । कु ➡ कव्यम् ।

IV ओ નો अव् થાય. દા.ત. भू ➡ भो = भव्यम् ।

V ઉપાંત્ય इ / उ નો ગુણ થાય. **દા.ત.** भुज् ➡ भोज्यम् ।

VI અંત્ય च् નો क्, ज् નો ग् થાય. ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાય.
**દા.ત.** पच् ➡ पाक्यम् ।

૧. વિધ્યર્થ કૃદન્ત કર્મનું વિશેષણ બને. કર્તાને તૃતીયા કે ષષ્ઠી લાગે.

દા.ત. मया इदं कर्तव्यम् / मम इदं कर्तव्यम् ( મારે આ કરવા યોગ્ય છે.)

૨. વિધ્યર્થકૃદન્ત ભાવે અને કર્મણિ પ્રયોગમાં આવે. દા.ત. मया स्थातव्यम् ।

## तृ અને अक પ્રત્યય

° ક્રિયા કરનાર અર્થમાં ધાતુ પછી तृ અથવા अक પ્રત્યય લાગે છે.

° तृ પ્રત્યય પૂર્વે ગુણ અને अक પ્રત્યય પૂર્વે ગુણ/વૃદ્ધિ થાય.

| | | |
|---|---|---|
| °'नी' नेतृ । नायक । | रक्ष् रक्षितृ । रक्षक । | कृ कर्तृ । कारक । |
| 'वृध्' वर्धितृ । वर्धक । | गम् गन्तृ । गमक । | हन् हन्तृ । घातक । |

★ तृ / अक પ્રત્યય લાગે ત્યારે તે ધાતુના કર્મને ષષ્ઠી લાગે.

દા.ત. रामः जनान् नयति = रामः जनानां नेता । (नेतृ)

साधु रागं हन्ति = साधुः रागस्य हन्ता । (हन्तृ)

★ સ્ત્રીલિંગમાં तृ + ई લાગે. દા.ત.नी नी + तृ + ई = नेत्री ।

અને... अक ના બદલે इका લાગે. દા.ત. नी + इका = नायिका ।

Note :-तृ પ્રત્યય પૂર્વે સેટ્માં इ લાગે છે. દા.ત. रक्षितृ ।

<u>ભાવ કૃદન્ત</u> ધાતુના અર્થનો સૂચક કૃદન્ત ભાવકૃદન્ત દા.ત. गम् (જવું) गमन (જવું) ।

| પ્રત્યય ➡ अन | अ | ति | |
|---|---|---|---|
| ફેરફાર ➡ વિકારક | વિકારક | અવિકારક | કેટલાક ધાતુમાં अ પૂર્વે |
| લિંગ ➡ નપુંસક | પુલિંગ | સ્ત્રીલિંગ | च्-ज् નો क्-ग् થાય છે. |
| રૂપ ➡ गमनम् । | गमः । | गतिः । | અને ઉપાંત્ય अ ની વૃદ્ધિ |
| पोषणम् । | पोषः । | पुष्टिः । | થાય છે. દા.ત. पच् ➡ पाकः । |

त्वा, ति અને त પ્રત્યય પર છતાં यम् रम् नम् गम् हन् मन् तन् क्षण् क्षिण् ऋण् અને वन् ધાતુમાં અનુનાસિક નો લોપ થાય છે.

| પ્રત્યય ➡ | त्वा | ति | त |
|---|---|---|---|
| ધાતુ ⬇ | સંબંધકભૂત કૃ૦ | ભાવકૃદન્ત | કર્મણિભૂતકૃ૦. |
| 'गम्' | गत्वा | गतिः | गतः |
| 'मन्' | मत्वा | मतिः | मतः |

Note:- ભાવકૃદન્તના કેટલાક સ્થાને કર્તાને અને કેટલાક સ્થાને કર્મને ષષ્ઠી વિભક્તિ લાગે. દા.ત. रामस्य गमनम् ➡ કર્તાને ષષ્ઠી

नगरस्य रक्षणम् ➡ કર્મને ષષ્ઠી.

# દ્વિતીય બુકના નિયમો

## પહેલી બુકના ગણોના અનિયમિત રૂપો

| ધાતુ ➡ | गुप् | धूप् | विच्छ् | पण् | पन् |
|---|---|---|---|---|---|
| ગણ ➡ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ |
| પદ ➡ | પરસ્મૈ | પરસ્મૈ | પરસ્મૈ | પરસ્મૈ | પરસ્મૈ |
| અર્થ ➡ | છુપાવવું | તપાવવું | જવું | વખાણવુ | સ્તુતિ કરવી |
| રૂપ ➡ | गोपायति | धूपायति | विच्छायति | पणायति | पनायति |

° આટલા ધાતુઓમાં કર્ત્તરિ ચાર કાળમાં નિત્ય आय લાગે.

અને... કર્ત્તરિ છ કાળ, કર્મણિ, પ્રેરકમાં વિકલ્પે आय લાગે.

દા.ત. 'गोपायति'.......ઇત્યાદિ.

છ કાળમાં➡ 'गुप्' गोपायिता અથવા गोपिता ।

કર્મણિમાં ➡ गोपाय्यते / गुप्यते। પ્રેરકમાં ➡ गोपाययति / गोपयति ।

° पण् અને पन् ધાતુને આત્મને પદમાં आय લાગે નહિં. દા.ત. पणते। पनते ।

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨. भ्राश् | भ्लाश् | भ्रम् | क्रम् | क्लम् | त्रस् | लष् | ष्ठिव् |
| પ્રકાશવું. | પ્રકાશવું. | ભમવું | ચાલવું. | કંટાળવું. | ગભરાવું. | ઈચ્છવું . | થુંકવું. |

| | | | |
|---|---|---|---|
| यस् | सम् + यस् | आ+ चम् | } આ (૧૧) ધાતુઓ, પહેલા |
| કષ્ટદેવું | પ્રયાસ કરવો | આચમન કરવું | } તથા ચોથા ગણના છે. |

દા.ત. भ्राशते – भ्राश्यते । भ्लाशते – भ्लाश्यते । संयसति – संयस्यति ।

૩. अक्ष्, तक्ष् પહેલા તથા પાંચમા ગણના છે.

દા.ત. अक्षति – अक्ष्णोति । तक्षति – तक्ष्णोति ।

૪. त्रुट् (તુંટવું, કાપવું) પરસ્મૈપદી ચોથા તથા છઠ્ઠા ગણનો છે.

દા.ત. त्रुटचति – त्रुटति ।

पृच्, रिच्, वृ, वृज्, युज्, जृ, तप् तृप्, तृप्, स्मृ, अर्ह्, आश्

ધાતુ પહેલા અને દશમા ગણના છે. દા.ત. योजति – योजयति । વગેરે.....

૬. क्रम्, क्लम्, आ+चम्, ष्ठिव् આ ચાર ધાતુનો ઉપાંત્ય સ્વર પરસ્મૈપદમાં દીર્ઘ થાય.દા.ત. क्रामति – क्राम्यति । क्लामति –क्लाम्यति । વગેરે...

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭. | शम् | तम् | दम् | श्रम् | मद् | भ्रम् | क्षम् |
| | શાંત થવું. | થાકી જવું. | દમનકરવું. | થાકવું. | ભૂલકરવી. | ભમવું. | માફ કરવું. |

આ ચોથા ગણના સાત ધાતુઓના ઉપાંત્ય સ્વર પરસ્મૈપદમાં દીર્ઘ થાય છે.

દા.ત. शम् ➡ शाम्यति । भ्रम् ➡ भ्राम्यति ।

૮.दंश् (પરસ્મૈ) सञ्ज् (પરસ્મૈ) स्वञ्ज् (આત્મને) रञ्ज् (ઉભયપદી)

આટલા ધાતુઓમાં અનુનાસિક લોપાય દા.ત. दशामि । सजति ।

૯.लुप्, लिप्, खिद्, विद्, मुच्, सिच्, कृत्, पिश् આ (૮) છઠ્ઠા ગણન

ધાતુઓમાં ચાર કાળના પ્રત્યયોમાં ધાતુની વચ્ચે અનુનાસિક ઉમેરાય છે.

દા.ત. लुप् ➡ लुम्पति । लिप् ➡ लिम्पति –ते । सिच् ➡ सिञ्चति ।

૧૦. નીચેના ધાતુઓમાં સૂચિત આદેશ થાય.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ध्मा | घ्रा | म्ना | ऋ | सृ | यम् | दा |
| धमति | जिघ्रति | मनति | ऋच्छति | धावति | यच्छति | यच्छति |
| ફૂકવું | સુંઘવું | વિચારવું. | જવું . | દોડવું. | કાબુમાંરાખવું. | આપવું. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| शद् | व्यध् | भ्रस्ज् | व्रश्च् | मस्ज् | सस्ज् |
| शीयते | विध्यति | भृज्जति–ते | वृश्चति | मज्जति | सज्जति–ते । |
| નાશપામવું. | વિંધવું. | ભુંજવું. | કાપવું. | ડૂબવું. | તૈયાર થવું. |

૧૧. 'गुह्' ધાતુનો 'उ' ચાર કાળમાં સર્વત્ર દીર્ઘ થાય. બાકીના છ કાળમાં સ્વરાદિ વિકારક પ્રત્યય લાગે ત્યારે દીર્ઘ થાય. દા.ત. गूहति । अगूहत् ।

૧૨. છઠ્ઠા ગણના'अ' ની પહેલાં હ્રસ્વ કે દીર્ઘ 'इ–उ'નો इय् उव् થાય.

દા.ત. रि ➡ रियति । नू ➡ नुवति ।

धू ➡ धुवति ।

૧૩. દશમા ગણના तन्त्र्, मन्त्र्, चित्, तर्ज्, विद्, दंश्, भर्त्स् વગેરે ધાતુઓ માત્ર આત્મનેપદી છે. બીજા પ્રાયઃ ઉભયપદી છે.

દા.ત तन्त्र् ➡ तन्त्रयते । चित् ➡ चेतयते । भर्त्स् ➡ भर्त्सयते

૧૪.सो, शो, दो छो ચોથા ગણના ધાતુમાં 'ओ' નો લોપ થાય છે.

દા.ત. सो ➡ स्यति । शो ➡ श्यति ।

दो ➡ द्यति । छो ➡ छ्यति ।

૫. ધાતુમાં રહેલ દીર્ઘ ॠ નો અવિકારક પ્રત્યય પૂર્વે (હ્રસ્વ) इर् થાય.
અને... ઓષ્ઠ્ય કે 'ब' વ્યંજન પર (હ્રસ્વ) उर् થાય.

ઉ.ત. कॄ (છઠ્ઠો ગણ) ➡ किरति ।

इर् કે उर् + અવિકારક વ્યંજન

= દીર્ઘ इर् કે उर् + અવિકારક વ્યંજન

ઉ.ત. कॄ + य (કર્મણિનો) + ते = कीर्यते ।

पॄ + य + ते = पूर्यते ।

૧૬. ધાતુમાં હ્રસ્વ इ કે उ પર અંતે र् व् + અવિકારક વ્યંજન

= દીર્ઘ ई કે ऊ + અંતે र् व् + અવિકારક વ્યંજન

ઉ.ત. सिव् (૪ થો ગણ) ➡ सिव् + य + ति = सीव्यति ।

## ૨, ૩, ૫, ૭, ૮, તથા ૯ માં ગણ માટેના કાળના પ્રત્યયો

• ઉપરોક્ત છ ગણના ચાર કાળના પરસ્મૈ/આત્મને પ્રત્યયો પ્રાય: પૂર્વોક્ત ૧, ૪, ૬, ૧૦ ગણના પ્રત્યયોને સમાન છે.છતાં તેમાં જે ફેરફાર છે તેને ☐ આવા ચોરસ બોક્ષમાં લખ્યા છે

• જે પ્રત્યયો વિકારક છે તેને ◯ આવા વર્તુળ આકારમાં લખ્યા છે.

જે પ્રત્યયોની નીચે ═══ આવું કરેલ છે. તે પ્રત્યયો માત્ર ત્રીજા ગણના ધાતુ અને બીજા ગણના शास् जक्ष् આદિ પાંચ ધાતુઓ માટેના છે.

પ્રત્યયો

## વર્તમાનકાળ

| | પરસ્મૈ એકવચન | પરસ્મૈ દ્વિવચન | પરસ્મૈ બહુવચન | આત્મને એકવચન | આત્મને દ્વિવચન | આત્મને બહુવચન |
|---|---|---|---|---|---|---|
| પ્રથમપુરૂષ ➡ | (मि) | वस् | मस् | [ए] | वहे | महे |
| દ્વિતીયપુરૂષ ➡ | (सि) | थस् | थ | से | [आथे] | ध्वे |
| તૃતીય પુરૂષ ➡ | (ति) | तस् | अन्ति/<u>अति</u> | ते | [आते] | [अते] |

## હ્યસ્તનભૂતકાળના પ્રત્યયો

| | પરસ્મૈ એકવચન | પરસ્મૈ દ્વિવચન | પરસ્મૈ બહુવચન | આત્મને એકવચન | આત્મને દ્વિવચન | આત્મને બહુવચન |
|---|---|---|---|---|---|---|
| પ્રથમપુરૂષ ➡ | अम् | व | म | इ | वहि | महि |
| દ્વિતીયપુરૂષ ➡ | स् | तम् | त | थास् | आथाम् | ध्वम् |
| તૃતીયપુરૂષ ➡ | त् | ताम् | अन्/उस् | त | आताम् | अत |

## આજ્ઞાર્થના પ્રત્યયો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમપુરૂષ ➡ | आनि | आव | आम | ऐ | आवहै | आमहै |
| દ્વિતીયપુરૂષ ➡ | हि | तम् | त | स्व | आथाम् | ध्वम् |
| તૃતીયપુરૂષ ➡ | तु | ताम् | अन्तु/अतु | ताम् | आताम् | अताम् |

## વિધ્યર્થના પ્રત્યયો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમપુરૂષ ➡ | याम् | याव | याम | ईय | ईवहि | ईमहि |
| દ્વિતીયપુરૂષ ➡ | यास् | यातम् | यात | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| તૃતીયપુરૂષ ➡ | यात् | याताम् | युस् | ईत | ईयाताम् | ईरन् |

## દ્વિતીય બુકના છ ગણ માટેના સામાન્ય નિયમો

૧. અંગને અંતે इ કે उ + સ્વરાદિ અવિકારક પ્રત્યય.

= इय् કે उव् + સ્વરાદિ અવિકારક પ્રત્યય.

દા.ત. आप् + आनु + अन्ति = आप्नुवन्ति ।

૨. અનેક સ્વરી અંગને અંતે અસંયુક્ત વ્યંજન पछी इ, उ, वर्ण होय तो ते इ, उ वर्णनो इय्, उव् ना बदले य् व् थाय छे

દા.ત. बिभी + अति = बिभ्यति । निनी + इव = निन्यिव ।

जुहु + अति = जुह्वति । चिनु + अन्ति = चिन्वन्ति ।

# પાંચમો / આઠમો ગણ

પાંચમા ગણની નિશાની ➡ नु

## નિયમો

આઠમા ગણની નિશાની ➡ उ

I मि આદિ વિકારક પ્રત્યયો લાગતા,અંત્ય उ નો ગુણ,ओ થાય છે.

દા.ત. चि ➡ चिनोमि। अचिनवम् । चिनवानि । तन् ➡ तनोमि ।

II. આ બંને (૫-૮) ગણના ધાતુના અંગમાં અસંયુક્ત વ્યંજન પર....

उ + वादि-मादि પ્રત્યય તો उ નો વિકલ્પે લોપ થાય.

દા.ત. 'चि' ➡ चिन्वः/ चिनुवः । चिन्मः / चिनुमः ।

III. આ બંને (૫-૮) ગણમાં અસંયુક્ત અંગ ઉપર 'हि' નો લોપ થાય છે.

દા.ત. 'चि' ➡ चिनु । तन् ➡ तनु ।

IV. 'कृ' (૮મો ગણ)નું અંગ

° વિકારક પ્રત્યય પૂર્વે 'करो' થાય દા.ત. करोमि । अकरवम् । करवाणि।

° અવિકારક वादि-मादि-यादि પ્રત્યય પૂર્વે कुर् થાય.

દા.ત. कुर्वः । कुर्मः । कुर्याम् । कुर्याव ।

શેષ અવિકારક પ્રત્યય પૂર્વે 'कुरु' થાય દા.ત कुरुथः । कुरुतः ।

## નવમો ગણ

ગણની નિશાની ➡ ना, नी, न्

° વિકારક પ્રત્યય પૂર્વે 'ना' દા.ત. ज्ञा (जा) ➡ जानामि ।

° અવિકારક વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે 'नी' દા.ત. जानीवः ।

° અવિકારક સ્વરાદિ પ્રત્યય પૂર્વે 'न्' દા.ત. जानन्ति ।

## નિયમો

૧. ली, लू, धू, पू અને દીર્ઘ 'ॠ' કારાંત ધાતુમાં સ્વર હ્રસ્વ થાય છે.

દા.ત. 'ली' ➡ लिनाति । 'लू' ➡ लुनाति । 'गॄ ➡ गृणाति ।

૨. ધાતુની વચ્ચે રહેલો અનુનાસિક લોપાય.

દા.ત. 'बन्ध्' ➡ बध्नाति । स्तम्भ् ➡ स्तभ्नाति ।

૩. વ્યંજનાન્ત ધાતુમાં આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનમાં 'नीहि' ના.. બદલે 'आन' લાગે. દા.ત. ग्रह् (गृह्) ➡ गृहाण ।

## સાતમો ગણ      ગણની નિશાની ➡ न, न्

• ગણની નિશાની ધાતુના સ્વર અને અંત્ય વ્યંજનની વચ્ચે લાગે.

★ વિકારક પ્રત્યય પૂર્વે न (સ્વર સહિત) દા.ત. रुणत्ति ।

★ અવિકારક પ્રત્યય પૂર્વે न् (સ્વર રહિત) દા.ત. रुन्ध्वः ।

૧. ધાતુનો અનુનાસિક લોપાય દા.ત. भञ्ज् ➡ भनक्ति ।

અને.... વ્યંજન વિકારક પ્રત્યયમાં 'तृंह्' ધાતુને न ના બદલે णे લાગે.

દા.ત. तृंह् ➡ तृंह् + मि = तृणेह्मि ।

પરન્તુ અવિકારક પ્રત્યયમાં तृंह्वः । तृंह्मः ।

## બીજો ગણ

(૧) दा, रा, भा, मा, पा, या, ला, ख्या, प्सा, श्रा, स्ना વગેરે आ કારાંત ધાતુમાં હ્યસ્તનભૂતકાળ ત્રીજો પુરુષ બહુવચનમાં અંત્ય आ + अन् ના બદલે વિકલ્પે ' उस्' લાગે છે. દા.ત. दा ➡ अदुः अदान्

(૨) अस् (હોવું-થવું)

A ધાતુમાં અવિકારક પ્રત્યય પૂર્વે अ લોપાય. દા.ત. स्वः । स्मः ।

B ધાતુ અંતે स् + स् કે ध् થી શરુ થતાં પ્રત્યયો તો ધાતુનો ' स् ' લોપાય.

દા.ત. अस् + सि = असि । असे ।

अस् + ध्वे = ध्वे } અહીં અવિકારક પ્રત્યય હોઈ
अस् + स्व = स्व } अ નો લોપ થયેલ છે.

C પરસ્મૈમાં હ્યસ્તનભૂતકાળ બીજો/ત્રીજો પુરુષ એકવચનના ' स् ' 'त् ' પ્રત્યયના બદલે ક્રમશઃ ' ईस् ' ' ईत् ' થાય છે. દા.ત. आसीः । आसीत् ।

D પરસ્મૈ. આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનનું ' एधि ' રૂપ થાય છે.

અને... આત્મને.વર્તમાનકાળ પ્રથમ પુરુષ એકવચનનું ' हे ' રૂપ થાય છે.

(3) ' इ ' (જવું ) પરસ્મૈપદ ના વર્તમાનકાળ ત્રીજો પુરુષ બહુવચનમાં ' यन्ति ' રૂપ થાય છે. આજ્ઞાર્થ ત્રીજો પુરુષ બહુવચનમાં ' यन्तु' રૂપ થાય છે.

(૪) अधि + इ (આત્મને. ભણવું) માં इ નો સ્વરાદિ અવિકારક પ્રત્યય પૂર્વે 'इय्' થાય. હ્યસ્તનભૂતકાળમાં ' इ ' ની વૃદ્ધિ કરતા પહેલાં 'इय्' કરવો.

દા.ત. अधि + इ + इ

= अधि + इय् + इ = अधि + ऐय् + इ = अध्यैयि ।

ૃ) यु, नु, स्तु रु આ હ્રસ્વ उ કારાંત ધાતુ + વિકારક વ્યંજનાદિ પ્રત્યય
= ગુણના બદલે વૃદ્ધિ + વિકારક વ્યંજનાદિ પ્રત્યય

**દા.ત.** 'नु' ➡ नौमि । नौषि । नौति ।

૬) 'स्तु' અને 'रु' ધાતુને વ્યંજન વિકારક પ્રત્યય પૂર્વે વિકલ્પે (દીર્ઘ) 'ई' લાગે. અને.. ત્યારે વૃદ્ધિના બદલે ગુણ થાય. તથા વ્યંજન અવિકારક પ્રત્યય પૂર્વે પણ વિકલ્પે 'ई' લાગે.

**દા.ત.** स्तु ➡ स्तौति કે स्तवीति ।'रु' ➡ रौति કે रवीति ।

| | વિકારક | અવિકારક |
|---|---|---|
| વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે અંગ ➡ | स्तौ કે स्तवी | स्तु કે स्तुवी |
| સ્વરાદિ પ્રત્યય પૂર્વે અંગ ➡ | स्तव् | स्तुव् |

૭) 'शी' (આ. પ. સૂવું) ધાતુનું બધા પ્રત્યયો પર 'शे' અંગ થાય.

**દા.ત.** शये शेवहे... । તેમજ તૃતીય પુરુષ બહુવચન ના

अते अत अताम् ના બદલે ક્રમશ:रते रत रताम् પ્રત્યયો લાગે.

**દા.ત.** शेरते ।अशेरत । शेरताम् ।

૮) A 'ब्रू' ધાતુમાં વર્તમાનકાળ પરસ્મૈપદમાં પાંચ વધારાના રૂપ થાય.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દ્વિતીયપુરુષ ➡ | ब्रवीसि <u>आत्थ</u> | ब्रूथः <u>आहथुः</u> | |
| તૃતીયપુરુષ ➡ | ब्रवीति <u>आह</u> | ब्रूतः <u>आहतुः</u> | ब्रुवन्ति <u>आहुः</u> । |

B વ્યંજનાદિ વિકારક પ્રત્યય પૂર્વે ધાતુમાં દીર્ઘ ई ઉમેરાય છે.

**દા.ત.** ब्रू + ति = ब्रू + ई + ति = ब्र + व् + ई + ति=ब्रवीति ।

૯) 'सू' (આત્મનેપદ) માં આજ્ઞાર્થના બધા પ્રત્યયો અવિકારક છે.

**દા.ત.** सुवै सुवावहै सुवामहै ।

૧૦) अन्, जक्ष्, श्वस्, स्वप्, रुद् માં વિધ્યર્થ સિવાયના વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે 'इ' ઉમેરાય. **દા.ત.** रोदिति । जक्षिति ।

પરન્તુ... હ્યસ્તનભૂતકાળમાં स् ના બદલે अस् કે ईस् અને 'त्' ના બદલે अत् કે 'ईत्' પ્રત્યય લાગે.

**દા.ત.** अरोदः કે अरोदीः । अरोदत् કે अरोदीत् ।

(૧૧) A हन् + धूट् અવિકારક પ્રત્યય હોય તો.....

हन् નો न् લોપાય. દા.ત. हन् + थस् = हथः ।

B हन् + સ્વરાદિ અવિકારક પ્રત્યય હોય તો... 'हन्' નો अ લોપાય.

અને... ह् નો घ् થાય છે. દા.ત. हन् + अन्ति = ह्न् + अन्ति = घ्नन्ति ।

C તથા આજ્ઞાર્થમાં हन् + हि નું जहि રૂપ થાય.

(૧૨) 'ईश्' 'ईड्' (આત્મને) + વર્તમાન. से / ध्वे તથા આજ્ઞાર્થના

स्व કે ध्वम् પ્રત્યય તો ધાતુની મધ્યમાં इ ઉમેરાય.

દા.ત. ईश् + इ + से = ईशिषे । ईश् + इ + स्व = ईशिष्व ।

ईश् + इ + ध्वे = ईशिध्वे । ईश् + इ + ध्वम् = ईशिध्वम् ।

(૧૩) मृज् + વિકારક પ્રત્યય = ગુણને બદલે વૃદ્ધિ થાય. દા.ત. मार्जिम ।

मृज् + સ્વરાદિ અવિકારક પ્રત્યય = વિકલ્પે વૃદ્ધિ થાય.

દા.ત. मृज् + अन्ति = मार्जन्ति मृजन्ति ।

(૧૪) 'वश्' + બધા અવિકારક પ્રત્યયો તો અંગ 'उश्' થાય.

દા.ત. उश्वः । उश्मः ।

(૧૫) शास् + વ્યંજનાદિ અવિકારક પ્રત્યય.

= शिष् + વ્યંજનાદિ અવિકારક પ્રત્યય.

દા.ત. शास् + वस् = शिष् + वस् = शिष्वः ।

(૧૬) I शास्, जक्ष्, चकास्, दरिद्रा, जागृ અને विद् ધાતુમાં

अन् ના બદલે उस् લાગે. દા.ત. अशासुः । अजक्षुः । अजागरुः ।

II विद् સિવાયના પાંચ ધાતુમાં 'अन्ति' 'अन्तु' ને બદલે...'अति' 'अतु' લાગે.

દા.ત. शासति । शासतु । जाग्रति । जाग्रतु । चकासति । चकासतु ।

પરન્તુ.... 'विद्' માં विदन्ति । विदन्तु ।

(૧૭) शास् + हि = शाधि ।

चकास् + हि = चकाधि चकाद्धि ।

(૧૮) दरिद्रा + સ્વરાદિ અવિકારક પ્રત્યય તો आ નો લોપ. દા.ત. दरिद्रति ।

दरिद्रा + વ્યંજનાદિ અવિકારક પ્રત્યય તો आ ના બદલે इ લાગે.

દા.ત. दरिद्रितः ।

વ્યંજન વિકારક પ્રત્યયમાં ➡ दरिद्राति ।

(૧૯) A विद् ના આજ્ઞાર્થ રૂપમાં વિકલ્પે विदाम् + कृ ના આજ્ઞાર્થ રૂપ લાગે.

દા.ત.

| | | |
|---|---|---|
| वेदानि<br>विदांकरवाणि । | वेदाव<br>विदांकरवाव । | वेदाम<br>विदांकरवाम । |

B 'विद्' ના વર્તમાન કાળનારૂપ વિકલ્પે પરોક્ષ પ્રત્યયો લગાડીને થાય.
તેમાં એકવચનના પ્રત્યયો વિકારક જાણવા.

*'विद्' ના વર્તમાન ના પરોક્ષ પ્રત્યયવાળા રૂપો*

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરૂષ ➡ | वेद | विद्व | विद्म । |
| દ્વિતીય પુરૂષ ➡ | वेत्थ | विदथुः | विद । |
| તૃતીયપુરૂષ ➡ | वेद | विदतुः | विदुः । |

## સામાન્ય નિયમો (૨ ૪=૩૩- અનુનાસિક - અંતઃસ્થ = 'धुट्')

૧. અંતે ह् + ૨૪ કે શૂન્ય
= ढ् + ૨૪ કે શૂન્ય

દા.ત. लिह् + सि
= लिढ् + सि = लेढ् + सि ।

૨. ढ् કે ष् + स्
= क् + स्

દા.ત. लेढ् + सि
= लेक् + षि = <u>लेक्षि</u> ।

('अ आ' સિવાયનો સ્વર, કંઠ્ય, કે र् + स् તો स् નો ष् થાય.)

૩. વર્ગીય ચોથો + त અને थ થી શરૂ થતા પ્રત્યય
= વર્ગીય ચોથો + ध થી શરૂ થતા પ્રત્યય

દા.ત. लेढ् + ति
= लेढ् + धि
लेढ् + ढि
= लेढि ।

लिढ् + थस्
= लिढ् + धस्
लिढ् + ढस्
= लीढः ।

(વ્યંજન સંધિ નિયમ મુજબ ढ् + ढ् તો પૂર્વનો ढ् લોપાય અને... પૂર્વનો હ્રસ્વ સ્વર દીર્ઘ થાય છે.)

૪. એકસ્વરી ધાતુના આરંભે 'द्' અને અંતે ह् + ૨૪ કે શૂન્ય હોય,

તો ह् નો घ् + ૨૪ કે શૂન્ય હોય.

દા.ત. दुह् ➡ दुह् + सि = दोह् + सि = दोघ् + सि

૫. એક સ્વરી ધાતુના પ્રારંભે ब् ग् द् અંતે વર્ગીય ચોથો + स् ध्व કે શૂન્ય

= ધાતુના પ્રારંભે ત્રીજાનો ચોથો અંતે વર્ગીય ચોથો + स् ध्व, કે શૂન્ય

**(એટલે કે ब् – ग् – द् ના સ્થાને भ् – घ् – ध् થાય છે.)**

દા.ત. दोघ् + सि = धोक् + सि = धोक्षि ।

૬. પદની અસિદ્ધ અવસ્થામાં ૨૮ + વર્ગીય ત્રીજો કે ચોથો

= સ્વવર્ગનો ત્રીજો + વર્ગીય ત્રીજો કે ચોથો.

દા.ત. दुह् + थस् = दुघ् + थस् = दुघ् + धस् = दुग् + धस्

**(૨૮ એટલે... ૩૩ – ૫ અનુનાસિક.)** = दुग्धः ।

અહી ૨૮ માં જો श् ष् स् હોય તો ક્રમશ: ज् ड् द् થાય છે.

દા.ત. चक्ष् + ध्वे = चक्ष् + ध्वे

= चड् + ध्वे = चड्ढ्वे ।

૭. ધાતુના અંગના અંતે વ્યંજન + ભૂતકાળના स् त् પ્રત્યય હોય તો તે

स् त् નો લોપ. દા.ત. अहन् + स् = अहन् । अहन् + त् =अहन् ।

૮. પદાન્તે અનુનાસિક સિવાયનો વ્યંજન = એ વર્ગનો પહેલો અથવા ત્રીજો ✗

વ્યંજન અનેજો પદાન્તે ' ष्' હોય તો તેનો 'ट्' કે 'ड्' થાય.

દા.ત. अमार्ज् + स् त् = अमार्ष् + = अमार्ट् – ड् ।

૯. व्रश्च्, सृज्, मृज्, यज्, राज्, भ्राज् તથા श्, छ् અંતવાળા ધાતુઓ + ૨૪ કે શૂન્ય

= અંત્ય વ્યંજનનો ष्. + ૨૪ કે શૂન્ય

દા.ત. सृज् + त (કર્મણિ ભૂત કૃદન્ત) = सृष् + त = सृष्ट ।

| | |
|---|---|
| ૧૦. I અંગના અંતે स् + स् પ્રત્યય = त्, द्, : + 0 | દા.ત. 'शास्' अशात्, अशाद्, अशाः । |
| II અંગના અંતે द् + स् પ્રત્યય = त्, द् : + 0 | દા.ત. 'विद्' अवेत्, अवेद्, अवेः । |
| III અંગના અંતે स् + त् પ્રત્યય = त् द् + 0 | દા.ત. 'शास्' अशात्, अशाद् । |

૧૧.જોડાક્ષરમાં આદ્ય स् કે क् + ૨૪ કે ૦ આવે તો

स्, क् નો લોપ + ૨૪ કે ૦

દા.ત. • चक्ष् + से = चष् + से

= चक् + से = चक् + षे = चक्षे ।

• चक्ष् + ते = चष् + ते

= चष् + टे = चष्टे ।

૧૨. બીજી બુકના ... છ ગણમાં ધાતુ અંતે ૨૪ + આજ્ઞાર્થ हि

= ૨૪ + धि

દા.ત.लिह् ☛ लिह् + हि = लिढ् + धि = लिढ् + ढि = लीढि ।

૧૩. स् + धादि પ્રત્યય = ० + धादि પ્રત્યય } દા.ત. 'आस्' आस् + ध्वे = आध्वे ।

NOTE :- આ સામાન્ય નિયમો ધાતુ સાધિત નામોના રૂપો વખતે પણ પ્રાય: લાગે છે.

## ત્રીજો ગણ

૧. ત્રીજા ગણના ધાતુમાં દ્વિરુક્તિ (અભ્યાસ) કરવામાં આવે છે. અર્થાત્ ધાતુનો આદ્ય વ્યંજન સ્વર સહિત બેવડાય અને જો આદ્ય એકલો સ્વર હોય તો એ સ્વર બેવડાય છે.

દા.ત. दा ☛ दादा । निज् ☛ निनिज् । इष् ☛ इइष् ।

૨. **નવા આવેલા દ્વિરુક્તમાં થતા ફેરફારો**

(A) વર્ગીય બીજાનો પહેલો થાય. દા.ત. फल् ☛ फफल् पफल् ।

વર્ગીય ચોથાનો ત્રીજો થાય. દા.ત. धा ☛ धाधा दाधा ।

(B) કંઠ્યનો તેટલામો જ તાલવ્ય થાય. ह નો ज થાય

દા.ત .खन् ☛ खखन्, कखन् = चखन् । हा ☛ हाहा, जाहा ।

(C) દીર્ઘ સ્વરનો હ્રસ્વસ્વર અને ऋ નો अ થાય છે.

દા.ત.दादानुं ददा । जाहा नुं जहा । कृ ☛ कृकृ, चृकृ, चकृ ।

(D) સંયુક્ત વ્યંજનમાં માત્ર પ્રથમ અક્ષરની દ્વિરુક્તિ થાય. પણ જો પ્રથમ અક્ષર ઉષ્માક્ષર હોય અનેબીજો અક્ષર અઘોષ હોય તો અઘોષની દ્વિરુક્તિ થાય.

દા.ત. ह्री ☛ हीह्री – जीह्री ।

स्पर्ध ☛ पस्पर्ध । स्वन् ☛ सस्वन् ।

(E) मा, हा (આ. જવું) भृ, पृ, पॄ तथा ऋ ના દ્વિરુક્તમાં સ્વરનો હ્રસ્વ इ થાય છે.

દા.ત. मा ➡ मामा मिमा । भृ ➡ भृभृ–बृभृ–बिभृ । ऋ ➡ ऋऋ–इऋ ।

हा ➡ हाहा–जहा–जहा–जिहा । पृ ➡ पृपृ पिपृ ।

(F) પૂર્વમાં રહેલ દ્વિરુક્તિના 'इ' અને 'उ' પછી કોઈ પણ વિજાતીય સ્વર આવે તો અનુક્રમે 'इ', 'उ' નો'इय्; 'उव्' થાય છે.

દા.ત. इऋ इयृ । નિયમ (E) થી इऋ થયેલઅને (F) થી इ નો इय् થયો

(G) निज्, विज्, विष्, ધાતુની દ્વિરુક્તિમાં इ નો ए થાય અને સ્વરાદિ વિકારક પ્રત્યય પૂર્વે ધાતુના ઉપાંત્ય इ નો ગુણ ન થાય

દા.ત. निज् निनिज् = नेनिज् + मि = नेनेज्मि, नेनिज्वः, नेनिज्मः ।

સ્વરાદિ વિકારક પ્રત્યયમાં ➡ अनेनिजम् ।

૩ તૃતીય પુરુષ બહુવચનના अन्ति અને अन्तु પ્રત્યયના બદલે अति અને अतु પ્રત્યય લાગે दा ➡ ददति । ददतु ।

૪. હ્યસ્તનભૂતકાળ તૃતીય પુરુષ બહુવચન ના 'अन्' પ્રત્યયના બદલે 'उस्' પ્રત્યય લાગે. उस् લાગતા પહેલા आ નો લોપ અને હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ નો ગુણ થાય. દા.ત भी ➡ बिभी – अबिभे + उस् = अबिभयुः ।

૫. मा, हा (આત્મનેપદ) + વ્યંજન અવિકારકમાં ધાતુના आ નો ई થાય. અને... સ્વરાદિ અવિકારકમાં आ નો લોપ થાય છે.

દા.ત. વ્યંજન અવિકારકમાં मा ➡ मामा ममा मिमा + वहे = मिमीवहे ।

સ્વરાદિ અવિકારકમાં मा ➡ मिमा + अते = मिमते ।

૬. I हा (પરસ્મૈ જવું) + વ્યંજન અવિકારક પ્રત્યય

= हा ના आ નો વિકલ્પે इ/ई + વ્યંજન અવિકારક પ્રત્યય

દા.ત. हा ➡ जहा + वस् = जहिवः / जहीवः ।

II વિધ્યર્થ તથા સ્વરાદિ અવિકારક માં हा નો आ લોપાય છે.

દા.ત. વિધ્યર્થમાં ➡ जहा + यात् = जह्यात् ।

સ્વરાદિ અવિકારકમાં ➡ जहा + अति = जहति ।

III આજ્ઞાર્થ બીજો પુ૦ એ૦ વ૦ માં ત્રણ રૂપો થાય जहाहि, जहिहि, जहीहि ।

૭. भी + વ્યંજન અવિકારક પ્રત્યય

भि કે भी + વ્યંજન અવિકારક પ્રત્યય

દા.ત.'भी' बिभी + वस् = बिभिवः बिभीवः । પરન્તુ <u>बिभेति</u> ।

૮. A दा,धा + બધા અવિકારક પ્રત્યય

= અંત્ય आ નો લોપ + અવિકારક પ્રત્યય

**દા.ત.** 'दा' ददा + वस् =दद्वः । धा दधा + वस् = दध्वः ।

B આજ્ઞાર્થ બીજો પુ૦ એકવ૦ માં 'दा' નું 'देहि' અને 'धा' નું 'धेहि' રૂપ થાય.

C 'दा' નું અંગ ददा + અવિકારક स्, ध्व, त्, थ् પ્રત્યય

= दत् + અવિકારક स्, ध्व, त्, थ પ્રત્યય

**દા.ત.** ददा + थस् = दत्थः । ददा + ध्वे = दद्ध्वे ।

ददा + से = दत्से । ददा + ते = दत्ते ।

D 'धा'નું અંગ दधा + અવિકારક स् ध्व्, त् थ् પ્રત્યય

= धत् + અવિકારક स् ध्व्, त् थ् પ્રત્યય

**દા.ત.** दधा + थस् = धत्थः । दधा + से = धत्से ।

दधा + ध्वे = धद्ध्वे । दधा + ते = धत्ते ।

## ગણકાર્ય રહિત છ કાળ /અર્થ

અહીં ધાતુના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે.

। સેટ્ = જેને 'इ' ઉમેરાય.

।। અનિટ્ = જેને 'इ' ન ઉમેરાય.

।।। વેટ્ = જેને 'इ' વિકલ્પે ઉમેરાય.

**ધાતુ – ૧ <u>સ્વરાંત ધાતુ.</u>** **૨. <u>વ્યંજનાન્ત ધાતુ</u>**

**૧. સ્વરાંત ધાતુ–** A અનેક સ્વરી તમામ ધાતુઓ સેટ્ છે.

B સેટની કારિકામાં બતાવેલા એક સ્વરી ધાતુઓ સેટ્ છે.

C બાકીના એકસ્વરી ધાતુઓ અનિટ્ છે.

**૨. વ્યંજનાંત ધાતુ –** A કારિકામાં બતાવેલા અનિટ્ છે.

B બાકીના બધાય સેટ્ છે.

### સ્વરાન્ત સેટ્ કારિકા

- ऊदृदन्तैर्यौति–रु–क्ष्णु–शी–स्नु–नु–क्षु–श्वि–डीङ्–श्रिभिः ।

  वृङ्वृञ्भ्यां च विनैकाचोऽजन्तेषु निहताः स्मृताः ॥

**અર્થ** - દીર્ઘ ऊ ॠ કારાંત તથા यु, रु, क्ष्णु, शी, स्नु, नु,क्षु, श्वि, डी, श्रि,वृ, वृ (ગણ ૯/૫ પરસ્મૈ) અને विना एकाच (= એક સ્વરી વિનાના = અનેક સ્વરી) સ્વરાંત ધાતુઓ સેટ્ છે.

## વ્યંજનાન્ત અનિટ્ કારિકા

- शक्लृ–पच्–मुचि–रिच्–वच्–विच् । सिच्–प्रच्छि–त्यज्–निजिर्भजः ।
भञ्ज्–भुज्–भ्रस्ज्, मस्जि–यज्–युज्।रुज्–रञ्ज्–विजिर्–स्वञ्जि–सञ्ज्–सृजः ॥ १ ॥
- अद्–क्षुद्–खिद्–छिद्–तुदि–नुदः । पद्–भिद्–विद्यतिर्विनद् ।
शद्सदी–स्विद्यति स्कन्दि । हदी–क्रुध्–क्षुधि–बुध्यती ॥ २ ॥
- बन्धिर्युधि–रुधी–राधि,व्यध्–शुध्–साधि–सिध्यति ।
मन्य–हन्–आप्–क्षिप्–छुपि–तप्ः,तिपस्,तृप्यति–दृप्यती ॥ ३ ॥
- लिप्–लुप्–वप्–शप्–स्वप्–सृपि–यभ्–रभ्–लभ्–गम्–नम्–यमो रमिः ।
क्रुशिर्–दंशि–दिशी–दृश्–मृश्–रिश्–रुश्,–लिश्–विश्–स्पृश–कृषिः ॥४॥
- त्विष्–तुष्–द्विष्–दुष्–पुष्य्–पिष्–विष्–शिष्–शुष्–श्लिष्यतो घसिः ।
वसतिर्–दह्–दिहि–दुहो–नह्–मिह्–रुह्–लिह्–वहिस्तथा ॥ ५ ॥
अनुदात्ता – हलन्तेषु धातवो द्व्यधिकं शतम् ।

**અર્થ** - [क्] शक्. [च्] पच्, मुच्, रिच्, वच्, विच्, सिच्. 6
[छ्] प्रच्छ्, [ज्] त्यज्, निज्, भज्, भञ्ज्, भुज्, भ्रस्ज्, मस्ज्, यज्. युज्, रुज्, रञ्ज्, विज्, स्वञ्ज्, सञ्ज्, सृज्.।5 [द्] अद्, क्षुद्, खिद्, छिद्, तुद्, नुद्, पद्, भिद्, विद्, शद्, सद्, स्विद्, स्कन्द्, हद् ।14
[ध्] क्रुध्, क्षुध्, बुध्, बन्ध्, युध्, रुध्, राध्, व्यध्, शुध्, साध्, सिध्, ।।
[न्] मन्, हन्, [प्] 3आप्, क्षिप्, छुप्, तप्, तिप्, तृप्, दृप्, लिप्, लुप्, वप्, शप्, स्वप्, सृप् [भ्] यभ्, रभ्, लभ्.
[म्] गम्, नम्, यम्, रम्. [श्] क्रुश्, दंश्, दिश्, दृश्, मृश्, रिश्, रुश्, लिश्, विश्, स्पृश्.। [ष्] कृष्, त्विष्, तुष्, द्विष्, दुष्, पुष्, पिष्, विष्, शिष्, शुष्, श्लिष्.।। [स्] घस्, वस्. [ह्] दह्, दिह्, दुह्, नह्, मिह्, रुह्, लिह्, वह् । 8

ઉપરોક્ત (102) વ્યંજનાંત (हलन्त) ધાતુઓ અનિટ્ (अनुदात्त) છે

# વેટ્ ધાતુની કારિકા

• स्वरतिः सूयते सूते, पँञ्चमे नवमे च धूञ् ।
तनक्तिः वृश्चतिश्चान्ता, वनक्तिश्च तनक्तिना ॥ १ ॥
• मार्ष्टि मार्जीति जान्तेषु दान्तौ क्लिद्यति स्यन्दते ।
रध्यतिः सेधतिः धान्तौ पान्ताः पञ्चैव कल्पते ॥ २ ॥
• गोपायतिस्तृप्यतिश्च त्रपते दृप्यतिस्तथा ।
मान्तौ क्षाम्यति क्षमतेऽश्नुते क्लिश्नाति नश्यति ॥ ३ ॥
• शान्तास्त्रयोऽथाक्षतिश्च निष्कुष्णातिश्च तक्षतिः ।
त्वक्षतिश्च षकारान्ता ह्यथ हान्ताश्च गाहते ॥ ४ ॥
• पदद्वये गूहतिश्च ऋकारोपान्त्यगर्हते ।
तृहति तृंहति द्रुह्यतयो बृहति मुह्यति ॥ ४ ॥
• स्तृहति स्निह्यति स्नुह्यत्येते वेट्काहि धातवः ।
(अजन्तानां तु थल्येव वेट् स्यादन्यत्र सर्वदा ॥ ६ ॥ )

**स्वरान्त वेट्** • स्वृ, • सू (गण 4 आत्मने), • सू (गण 2 आत्मने)
° धू – (ગણ પાંચ. ઉભ. પદી હલાવવું.) ° धू –( ગણ નવ. ઉભ. પદી હલાવવું કે હલાવવું.) –

**व्यंजनान्त वेट्** (33) [च्] तञ्च्, व्रश्च्, [ज्] अञ्ज्, तञ्ज्, मृज्,
[द्] क्लिद्, स्यन्द्, [ध्] रध्, सिध्, [प्] क्लृप्, गुप्, तृप्,
त्रप्, दृप्, [म्] क्षम्, [श्] अश्, क्लिश्, नश्, [क्ष्] अक्ष्,
निस् + कुष्, तक्ष्, त्वक्ष्, [ह्] गाह्, गुह्, गर्ह्, तृह्,
द्रुह्, बृह्, मुह्, स्तृह्, स्निह्, स्नुह्.

## શ્વસ્તન ભવિષ્યકાળ આદિ ચારના પ્રત્યયો

### શ્વસ્તનભવિષ્યકાળ

| परस्मै | | | आत्मने | | |
|---|---|---|---|---|---|
| तास्मि | तास्वः | तास्मः । | ताहे | तास्वहे | तास्महे । |
| तासि | तास्थः | तास्थ । | तासे | तासाथे | ताध्वे । |
| ता | तारौ | तारः । | ता | तारौ | तारः । |

## સામાન્ય ભવિષ્યકાળ

| परस्मै | | | आत्मने | | |
|---|---|---|---|---|---|
| स्यामि | स्यावः | स्यामः । | स्ये | स्यावहे | स्यामहे । |
| स्यसि | स्यथः | स्यथ । | स्यसे | स्येथे | स्यध्वे । |
| स्यति | स्यतः | स्यन्ति । | स्यते | स्येते | स्यन्ते । |

## આશીર્વાદાર્થ

| | | | | | |
|---|---|---|---|---|---|
| यासम् | यास्व | यास्म । | सीय | सीवहि | सीमहि । |
| याः | यास्तम् | यास्त । | सीष्ठाः | सीयास्थाम् | सीध्वम् । |
| यात् | यास्ताम् | यासुः । | सीष्ट | सीयास्ताम् | सीरन् । |

## ક્રિયાતિપત્ત્યર્થ

| | | | | | |
|---|---|---|---|---|---|
| स्यम् | स्याव | स्याम । | स्ये | स्यावहि | स्यामहि । |
| स्यः | स्यतम् | स्यत । | स्यथाः | स्येथाम् | स्यध्वम् । |
| स्यत् | स्यताम् | स्यन् | स्यत | स्येताम् | स्यन्त। |

• આશીર્વાદના પરસ્મૈપદી પ્રત્યયોને છોડીને બાકીના બધા પ્રત્યયો વિકારક છે.
અને ત્યાં ગુણનો નિયમ લાગે છે.

• स् અને त् થી શરૂ થતા પ્રત્યયોની પૂર્વે...

I સેટ્ ધાતુને નિત્ય 'इ' લાગે.

II વેટ્ ધાતુને વિકલ્પે 'इ' લાગે.

III અનિટ્ ધાતુને 'इ' ન લાગે.

• ક્રિયાતિપત્ત્યર્થ અને અદ્યતનમાં હ્યસ્તન ભૂતકાળની જેમ ધાતુની પૂર્વે अ આવે.
સ્વરાદિ ધાતુ હોય તો આદ્ય સ્વરની વૃદ્ધિ થાય.
ઉપસર્ગસહિત ધાતુ હોય તો બંનેની વચ્ચે अ લાગે.

દા.ત. अगमिष्यम् ।

# છ કાળના સામાન્ય નિયમ

૧. ધાતુના અંતે ए ऐ ओ औ હોય તો તેનો आ થાય.

દા.ત. धे ➡ धाता શ્વસ્તન. । धास्यति સામાન્ય. ।

अधास्यत् ક્રિયાતિ.। अधात् અદ્યતન.। धेयात् આશી.

गै ➡ गाता । ग्लै ➡ ग्लाता । शो ➡ शाता ।

આ પ્રમાણે અન્ય કાળમાં પણ आ કરીને રૂપો કરવા.

૨.मि मी दी માં વિકારક પ્રત્યય પૂર્વે आ થાય.

અને.... ली માં વિકારક પ્રત્યય પૂર્વે વિકલ્પે आ થાય.

દા.ત. मि ( ગણ પાંચ.આ૦ ફેંકવું ) = माता । दी ( ગણ ચાર આ૦ નષ્ટ થવું) = दाता

ली-( ગણ ૫/૪ આ૦ ચોંટવું) = लाता કે..लेता ।

मी – ( ગણ ૯ ઉ૦ હિંસા કરવી)= माता ।

અન્ય કાળમાં પણ 'आ' કરવો

૩.A દશમા ગણ સિવાયના નવે ગણના મૂળ ધાતુ પર જ સમાન રીતે છ કાળનું કાર્ય થાય. અર્થાત્ ગણની નિશાની લાગે નહિં.

B દશમા ગણના ધાતુને ગુણ – વૃદ્ધિ સહ'अय' લાગે.

૪. गुप् धूप् આદિમાં વિકલ્પે आय લાગે. गोपिष्यति । गोपायिष्यति ।

ऋत् માં વિકલ્પે ईय् લાગે.

कम् માં વિકલ્પે દશમાં ગણની જેમ રૂપ થાય.

દા.ત. कामयांचक्रे – चकमे । कामयिष्यते – कमिष्यते ।

૫. (૧) अस् નો भू આદેશ થાય. भविता । भविष्यति । अभूत् । अभविष्यत् ।

(૨) ब्रू નો वच् આદેશ થાય. वक्ता । वक्ष्यति । उवाच । अवोचत् ।

(૩) भ्रस्ज् નો भ्रज्ज् કે भर्ज् આદેશ થાય. દા.ત. भ्रष्टा । भर्ष्टा

૬. सृज् અને दृश् + વ્યંજન વિકારક પ્રત્યય
= स्रज् અને द्रश् + વ્યંજન વિકારક પ્રત્યય } દા.ત.स्रष्टा । અને...द्रष्टा

પરન્તુ જ્યારે સેટ્ નો 'इ' લાગે ત્યારે अर् થાય છે.

દા.ત. ससृज् + इ + थ = ससर्जिथ ।

૭. 'दरिद्रा' નો 'आ' લોપાય પણ અદ્યતનમાં વિકલ્પે आ લોપાય.

દા.ત. दरिद्रिष्यति । अदरिद्रीत् अदरिद्रासीत् ।

૮. 'मृ' ધાતુ અદ્યતન અને આશીર્વાદાર્થ સિવાય પરસ્મૈપદી બને मर्तास्मि ।

૯. 'ग्रह्' ધાતુને પરોક્ષ સિવાય જ્યાં સેટ્ નો इ લાગવાનો હોય ત્યાં બધેય દીર્ઘ ई લાગે. દા.ત. ग्रहीता ।

૧૦. આશીર્વાદાર્થનો सीध्वम् પરોક્ષનો ध्वे અને અદ્યતનના ध्वम् પ્રત્યય પૂર્વે.

I ધાતુના અંતે अ કે आ સિવાયનો સ્વર હોય તો ध् નો ढ् થાય છે.

II પરન્તુ જો તેની પૂર્વે इ હોય અને इ ની પહેલા અંતસ્થા કે ह् હોય તો ध् નો વિકલ્પે ढ् થાય છે. દા.ત. कृ + ध्वे = चकृढ्वे ।

वृ + ध्वे = ववरिढ्वे – ववरिध्वे ।

૧૧. द्रुह्, मुह्, स्नुह् स्निह् (વેટ્) + ૨૪ કે ૦ } તો ह् નો घ् કે ढ् થાય + ૨૪ કે ૦ } દા.ત. 'द्रुह्'- द्रोग्धा, द्रोढा, द्रोहिता ।

૧૨. 'नह्' + ૨૪ કે શૂન્ય } = नध् + ૨૪ કે શૂન્ય } દા.ત. नह् + ता = नद्धा । ननह् + थ = ननध् + थ = ननद्ध ।

૧૩. 'अज्' નો વ્યંજનાદિ પ્રત્યય પર વિકલ્પે 'वी'આદેશ થાય છે.

પરન્તુ.. 'य' થી શરુ થતા પ્રત્યય પર નિત્ય 'वी' આદેશ થાય છે.

દા.ત. अजिता – वेता । अज् + यात् = वीयात् ।

૧૪. ઉપાંત્ય હ્રસ્વ ऋ વાળા અનિટ્ ધાતુ + અઘોષ વ્યંજન વિકારક પ્રત્યય આવે તો 'ऋ' નો વિકલ્પે 'अर्' કે 'र्' થાય.

પરન્તુ.. सृज् दृश् ધાતુમાં નિત્ય 'र्' થાય છે.

દા.ત. दृप् + थ = दद्रप्थ । ददर्पिथ । ददर्प्थ ।

૧૫. 'मस्ज्' અને 'नश्' + અઘોષ વ્યંજન વિકારક પ્રત્યય આવે તો સેટ્નો इ ન લાગે અને ત્યારે ધાતુમાંના अ પછી न् ઉમેરાય.

દા.ત. मस्ज् + ता = मङ्क्ता । પરોક્ષમાં ➔ ममज्ज ।

नश् + ता = नंष्टा કે नशिता । પરોક્ષમાં➔ नश् + थ = ननंष्ट ।

૧૫. चक्ष् નો ख्या અને क्शा આદેશ થાય. પરોક્ષમાં વિકલ્પે થાય.

દા.ત. ख्याता । क्शाता । પરોક્ષમાં ➔ चचक्षे ।

તેમજ પરસ્મૈપદમાં चख्यौ આત્મનેપદમાં –चख्ये ।

પરસ્મૈપદમાં– चक्शौ । આત્મનેપદમાં चक्शे ।

૧૬. 'ऊर्णु' ને 'इ' લાગે ત્યારે વિકલ્પે ગુણ થાય. દા.ત. ऊर्णविता ऊर्णुविता ।

૧૭. A कुट्, स्फुट्, त्रुट्, स्फुर्, नु, धू आटला छठ्ठा गણના ધાતુ તથા
कु, गुज्, कुच्, मुज्, गुर्, छुर्, पुट्, लुट् આટલા ધાતુઓમાં
I પરોક્ષ પ્રથમ અને તૃતીય પુરુષ એકવચનના अ પ્રત્યય પૂર્વે...
II પ્રેરક 'अय' ની પૂર્વે.....
III અને... અદ્યતન કર્મણિ તૃતીય પુરુષ એકવચન 'इ' પ્રત્યય પૂર્વે... ગુણ અને વૃદ્ધિ થાય છે.

દા.ત. कुट् + अ = चुकोट । कुट् +अय + ति = कोटयति ।
અદ્યતનમાં ➡ कुट् + इ = कोट् + इ = अकोटि ।

B બાકીના વિકારક પ્રત્યય પૂર્વે... ગુણ/વૃદ્ધિ ન થાય.

દા.ત. 'कुट्' कुटिता । कुट् + थ = चुकुटिथ ।

C પરોક્ષ પ્રથમ પુરુષ એકવચનમાં અંત્ય સ્વરની વૃદ્ધિ વિકલ્પે થાય. ગુણ ન થાય , તથા ઉપાંત્યસ્વરનો માત્ર ગુણ થાય.

દા.ત. 'कुट्' ➡ कुट् + अ = चुकोट અથવા चुकुट ।
'नु' ➡ नु + अ = नुनाव અથવા नुनुव ।
'कु' ➡ कु + अ = चुकाव અથવા चुकुव ।

૧૮. 'विज्' (ગણ ૬ આ૦/૭ પ૦/૩ ઉ૦) ધાતુને इ લાગે ત્યારે ગુણ ન થાય.
દા.ત. विज् + इ + ता = विजिता । પરોક્ષમાં विविजे / विवेज।

૧૯. रभ्–लभ् માં પરોક્ષ તથા ચાર કાળ છોડી સ્વરાદિ પ્રત્યય પર 'न्' નો આગમ થાય. દા.ત. 'रभ्' ➡ रम्भिता । 'लभ् ➡ लम्भिता ।

૨૦ I अधि + इ + ક્રિયાતિપત્ત્યર્થ તથા અદ્યતનના પ્રત્યય.
= अधि + गी + ક્રિયાતિપત્ત્યર્થ તથા અદ્યતનના પ્રત્યય.
અહી 'गी' આદેશ વિકલ્પે થાય. અને ત્યારે ગુણ ન થાય.

દા.ત. अधि + अ + गी + स्त = अध्यगीष्ट अध्यैष्ट ।
अधि + अ + गी + स्यत = अध्यगीष्यत अध्यैष्यत ।

II પરોક્ષ વગેરે કાળમાં 'इ' નો 'गा' થાય છે. 'गा' થયા પછી કાળના પ્રત્યય અવિકારક ગણવા. દા.ત. अधि + गा + ए = अधिजगे ।

૨૧. कृत्, चृत्, छृद्, तृद्, नृत् આટલા સેટ્ ધાતુઓને અદ્યતનસિવાયના સાદિ પ્રત્યયો પર વિકલ્પે इ લાગે. દા.ત. कर्तिष्यति / कर्त्स्यति ।

૨૨. 'वृ' ધાતુ તથા દીર્ઘ ॠ કારાંત ધાતુઓને પરોક્ષ ભૂતકાળ તથા આશીર્વાદ અને પરસ્મૈપદ અદ્યતન ભૂતકાળ સિવાયના રૂપોમાં વિકલ્પે દીર્ઘ 'ई' લાગે.

**દા.ત.** वृ ➡ वरीता / वरिता । <u>પરોક્ષમાં</u> ➡ ववरिथ ।

कॄ ➡ करीता / करिता । <u>આશીર્વાદમાં</u> ➡ वरिषीष्ट ।

## શ્વસ્તન ભવિષ્યકાળ

૧. इष्, रुष्, रिष्, सह्, लुभ् આ પાંચ ધાતુમાં શ્વ૦ ભવિ૦ ના પ્રત્યયની પૂર્વે વિકલ્પે 'इ' લાગે. 'इष्' ➡ इष् + ता = एषिता के एष्टा ।

'लुभ्' ➡ लुभ् + ता = लोभितां के लोब्धा ।

૨.सह्, वह् ધાતુમાં જ્યારે ह् નો ढ् થાય અને તે ढ् નો પછીના ढ् પર લોપ થાય ત્યારે પૂર્વના अ નો ओ થાય છે.

**દા.ત.** 'सह्' ➡ सह् + ताहे = सढ् + धाहे = सढ् + ढाहे = सोढाहे અથવા सहिताहे । वह् ➡ वोढास्मि ।

3.क्लृप् (આત્મનેપદ વેટ્) ધાતુ વિકલ્પે પરસ્મૈપદ બને છે. અને ત્યારે 'इ' ન લાગે. **દા.ત.** क्लप्तास्मि । कल्पिताहे कल्प्ताहे ।

## સામાન્ય ભવિષ્ય અને ક્રિયાતિપત્ત્યર્થ

૧.हन् અને હ્રસ્વ ऋ કારાંત અનિટ્ ધાતુ સેટ્ બને તેથી 'इ' લાગે.

**દા.ત.** 'हन्' ➡ हनिष्यति । अहनिष्यत् ।

'कृ' ➡ करिष्यति ।अकरिष्यत्। 'स्वृ' ➡ स्वरिष्यति । अस्वरिष्यत् ।

૨.गम्, इ નો આદેશ गम् તથા अधि + इ (સ્મરણ કરવું) માં 'इ' લાગે.

**દા.ત.** गम् ➡ गमिष्यति । अगमिष्यत् ।अधि + इ = अधिजिगमिषति ।

(ઈચ્છાદર્શકમાં પણ इ લાગે. **દા.ત.** गम् ➡ जिगमिषति )

3.क्लृप्, वृत्, वृध्, शृध्, स्यन्द्, આ પાંચ ધાતુ વિકલ્પે પરસ્મૈપદી બને. અને ત્યારે 'इ' ન લાગે. **દા.ત.** 'क्लृप्' ➡ कल्प्स्यति । अकल्प्स्यत् ।

આત્મનેપદમાં ➡ कल्प्स्यते – कल्पिष्यते । अकल्प्स्यत । अकल्पिष्यत ।

<u>NOTE</u> ઉપરોક્ત પાંચ ધાતુ ઈચ્છાદર્શકમાં પણ વિકલ્પે પરસ્મૈપદ બને છે.

**દા.ત** क्लृप् ➡ चिकल्पिषते – चिक्लृप्सते = चिक्लृप्सति ।

૪ ધાતુના અંતે स् + સાદિ પ્રત્યય = त् + સાદિ પ્રત્યય } **દા.ત.** वस् + स्यति = वत् + स्यति = वत्स्यति ।

# આશીર્વાદાર્થ

**પરસ્મૈપદ**

૧. બધાય પ્રત્યયો અવિકારક છે તથા સેટ્ ધાતુને પણ 'इ' ન લાગે.

દા.ત. चि ➡ चियात् । भू ➡ भूयात् ।

૨. કર્મણિના નિયમો લાગે. દા.ત. कृ ➡ क्रियात् ।

3. दा, धा, मा, स्था, गै, पा, सो, हा આટલા ધાતુઓમાં અંત્યસ્વરનો 'ए' થાય. દા.ત. दा ➡ देयात् । गै ➡ गेयात् ।

૪. સંયુક્ત પર આ કારાંત ધાતુના આનો વિકલ્પે 'ए' થાય.

દા.ત. 'ग्लै' ➡ ग्लेयात् – ग्लायात् ।'घ्रा' ➡ घ्रेयात् – घ्रायात् ।

૫. शास् નું शिष्यात् । हन् નું वध्यात् । ऋ નું अर्यात् ।

पा (૨ ગણ)નું पायात् । पा (૧ ગણ)નું पेयात् । આ પ્રમાણે રૂપ થાય છે.

૬. દશમાં ગણના ધાતુમાં માત્ર ગુણ/વૃદ્ધિ થાય છે. દા.ત. 'मृष्' ➡ मर्ष्यात्

**આત્મનેપદ**

૧. A I વેટ્ ધાતુઓ II દીર્ઘ ॠ કારાંત ધાતુ

III સંયુક્તપર હ્રસ્વ ऋ કારાંત તથા

IV वृ ધાતુને વિકલ્પે इ લાગે. અને.. ત્યારે ગુણ થાય.

દા.ત. 'सू' ➡ सविषीष्ट–सोषीष्ट । 'तॄ' ➡ तरिषीष्ट–तीर्षीष्ट ।

'स्तॄ' ➡ स्तरिषीष्ट–वूर्षीष्ट । 'वृ' ➡ वरिषीष्ट–वृषीष्ट ।

B 'इ'ન લાગે ત્યારે હ્રસ્વ/દીર્ઘ 'ॠ' કારાંત ધાતુમાં અંત્ય 'ऋ' નો તેમજ અન્ય ધાતુઓમાં ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ ન થાય.

દા.ત. स्मृ ➡ स्मृषीष्ट–स्मरिषीष्ट । भुज् ➡ भुक्षीष्ट । कृ ➡ कृषीष्ट ।

C ગુણ ન થાય ત્યારે દીર્ઘ ॠ નો इर्–उर् થાય છે.

દા.ત. स्तॄ ➡ स्तरिषीष्ट – स्तीर्षीष्ट ।

૨. દશમા ગણના ધાતુમાં ગુણ/વૃદ્ધિ ઉપરાંત अय પણ લાગે.

દા.ત. 'मृष्' ➡ मर्षयिषीष्ट ।

# પરોક્ષભૂતકાળ

| પરસ્મૈ | | | આત્મને | | |
|---|---|---|---|---|---|
| (अ) | व | म | ए | वहे | महे |
| (थ) | अथुस् | अ | से | आथे | ध्वे |
| (अ) | अतुस् | उस् | ए | आते | ईरे |

• વર્તુળ○ માં આપેલા ત્રાણ પ્રત્યયો વિકારક છે બાકીના પંદર અવિકારક છે.

**નિયમો :- ૧ પરસ્મૈપદના...**

I પ્રથમ પુરૂષ એકવચનમાં વિકલ્પે અંત્ય કોઈપણ સ્વરની અને ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાય. અને વિકલ્પે અંત્ય સ્વર તથા ઉપાંત્ય હ્રસ્વસ્વર નો ગુણ થાય.

**દા.ત.** 'कृ' ➡ चकार–चकर– ।

II દ્વિતીયપુરૂષ એકવચનમાં અંત્ય કોઈપણ અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

**દા.ત.** 'कृ' ➡ चकर्थ ।

III તૃતીયપુરૂષ એકવચનમાં અંત્ય કોઈપણ સ્વરની અને ઉપાંત્ય अ ની નિત્ય વૃદ્ધિ થાય. તથા ઉપાંત્ય હ્રસ્વસ્વરનો ગુણ થાય. **દા.ત.** 'बुध्' ➡ बुबोध ।

૨. ત્રીજા ગણની જેમ દ્વિરુક્તિના નિયમ લાગે.

**દા.ત.** 'कृ' ➡ चकार । ⬅ અહીં દ્વિરુક્ત क નો च થયો.

૩. વ્યંજન થી શરુ થતા પ્રત્યયની પહેલા સેટ્ તથા અનિટ્ ધાતુને અવશ્ય 'इ' લાગે. વેટ્ ધાતુને વિકલ્પે 'इ' લાગે.

**દા.ત.** 'बुध्' ➡ बुबुध् + इ + व = बुबुधिव ।

बुबुध् + इ + थ = बुबोधिथ ।

વેટ્ ધાતુમાં 'मुह्' ➡ मुमुह् + इ + व = मुमुहिव मुमुह्व ।

**અપવાદ:-**

I कृ, सृ, भृ, वृ, स्तु, द्रु, सु, श्रु આ ધાતુઓને 'इ' ન લાગે. **દા.ત.** चकृव ।

II હ્રસ્વ ऋ કારાંત અનિટ્ ધાતુને थ પ્રત્યય પૂર્વે 'इ' ન લાગે.

**દા.ત.** 'मृ' ➡ ममर्थ । 'स्तृ' ➡ तस्तर्थ ।

III સ્વરાંત અનિટ્, વચ્ચે अ વાળા વ્યંજનાન્ત અનિટ્, તથા सृज्–दृश् માં
थ પ્રત્યય પૂર્વે વિકલ્પે इ લાગે.

દા.ત. 'नी' ➡ निनयिथ – निनेथ । 'शक्' ➡ शेकिथ – शशक्थ ।

'सृज्' ➡ ससर्जिथ – सस्रष्ठ ।

IV स्वृ, सू (૨,૪ ગણ)धू (૫,૯ ગણ) વેટ્ હોવા છતાં थ પૂર્વે જ વિકલ્પે 'इ' લાગે
અન્યત્ર નિત્ય इ લાગે. દા.ત.'स्वृ' ➡ सस्वरिथ–सस्वर्थ । सस्वरिव ।

'धू' ➡ दुधविथ–दुधोथ । दुधुविव ।

V ऋ, व्ये, अद्, घस्, वे, सम् + कृ આટલા ધાતુને थ પ્રત્યય પૂર્વે 'इ'
લાગે. દા.ત. ऋ ➡ आरिथ ।

• 'वृ' ધાતુને थ પૂર્વે વિકલ્પે લાગે. દા.ત. वृ ➡ ववरिथ–ववर्थ ।

૪. દ્વિરુક્તિ વગેરેમાં થતા ફેરફાર

I દ્વિરુક્ત इ,उ + વિજાતીય સ્વર = इय्, उव् + વિજાતીય સ્વર

દા.ત.'इ' ➡ इइ + अ = इऐ + अ = इय् + ऐ + अ = इयाय ।

II દ્વિરુક્ત इ उ + સજાતીય સ્વર

= બંને મળીને દીર્ઘ ई ऊ દા.ત. 'इष्' ➡ ईषिव ।

III इ (જવું) માં સ્વરાદિ અવિ૦ પૂર્વે દ્વિરુક્ત इ દીર્ઘ થાય. દા.ત. ईयिव ।

IV ધાતુને અંતે અસંયુક્ત વ્યં૦ પર, इ કે ई + સેટ્નો इ + અવિ૦ પ્રત્યય

= य् + સેટ્નો इ + અવિકારક પ્રત્યય

દા.ત.'इ' ➡ इ + इ + व = इइ + इव

= ईय् (નિયમ III થી દીર્ઘ થયો) + इव =ईयिव ।

'नी' ➡ निनी + इव = निन्यिव ।

૫.A आ કારાંત ધાતુને પ્રથમા અને તૃ૦ પુ૦ એ૦ વ૦ ના अ ને બદલ औ પ્રત્યય લાગે

B 'आ' કારાંત ધાતુ + સેટ્ इ કે સ્વરાદિ પ્રત્યય = आ નો લોપ

દા.ત.'दा' ➡ ददा + अ = ददा + औ = ददौ ददिव, ददुः ।

'धा' ➡ दधौ ।

૬.I દીર્ઘ ॠ કારાંત, સંયુક્ત પર હ્રસ્વ ऋ કારાંત, તથા ऋच्छ् અને जागृ
આટલા ધાતુઓને બધા પ્રત્યયો પર ગુણ થાય.

દા.ત.'कॄ' ➡ कॄ + इव = चकरिव । 'ऋ' ➡ आरिव ।

'ऋच्छ्' ➡ आनर्च्छिव । 'जागृ' ➡ जजागरिव । 'स्वृ' ➡ सस्वरिव ।

II પરન્તુ शॄ दॄ पॄ આ ત્રણ ધાતુમાં અવિ૦ પ્રત્યયો પર વિકલ્પે ગુણ ન થાય. અને ત્યારે દીર્ઘ 'ॠ'નો હ્રસ્વ 'ऋ' થાય.

દા.ત. शॄ ➡ शशॄ + अथुस् = शशृ + अथुस् = शश्रथुः ।

ગુણ થાય ત્યારે शशरथुः । વ્યંજન પ્રત્યય પર शशॄ + व = शश्रिव અને शशरिव ।

૭. ધાતુના આદેશ થયેલા અંગ.

- भू નું बभूव દા.ત. बभूव बभूविव... ।
- जि નું जिगि દા.ત.जिगाय–जिगय ।
- हि નું जिघि દા.ત. जिघाय–जिघय ।
- चि નું चिचि } દા.ત. चिचाय–चिचय ।
  चिकि } દા.ત. चिकाय–चिकय ।
- अधि + ई નું अधिजगा દા.ત अधिजगे ।
- ऊर्णु નું ऊर्णुनु उर्णुनावः ऊर्णुनव ।
- दी નું दीय् દા.ત. दिदीये ।
- दे નું दिगि દા.ત. दिग्ये ।
- द्युत् નું दिद्युत् દા.ત. दिद्युते ।
- प्यै નું पिपी દા.ત. पिप्ये ।
- अद् નું अद् } દા.ત. आद ।
  घस् } जघास – जघस ।

थ પ્રત્યય પર નિત્ય इ લાગે દા.ત. जघसिथ ।

૮. गम्, हन्, जन्, खन्, घस् + સ્વરાદિ અવિકારક તથા સેટ્નો इ + વ્યં૦ અવિ૦ પ્રત્યય = ધાતુનો अ લોપાય.

| દા.ત. ધાતુ | અંગ | વ્યં૦ પ્ર૦ રૂપ | સ્વર પ્ર૦ રૂપ |
|---|---|---|---|
| गम् ➡ | जग्म् | जग्मिव । | जग्मुः । |
| जन् ➡ | जज्ञ् | जज्ञिवहे । | जज्ञिरे । |
| खन् ➡ | चख्न् | चख्निव । | चख्नुः । |
| घस् ➡ | जक्ष् | जक्षिव । | जक्षुः । |
| हन् ➡ | जघ्न् | जघ्निव । | जघ्नुः । |

૯. ધાતુ અંતે म् + वके म } દા.ત. क्षम् चक्षम् + व = चक्षण्व ।
= ण् + वके म } इ લાગે ત્યારે चक्षमिव ।

## एत्व થવાના નિયમો

૧. બે સાદા (= અસંયુક્ત) વ્યં૦ ની વચ્ચે अ હોય અને દ્વિરુક્તિમાં જો વ્યંજન બદલાય નહિં તો, તેવા ધાતુના अ નો અવિકારક પ્રત્યય તેમજ इथ પ્રત્યય પૂર્વે ए થાય. અને ત્યારે દ્વિરુક્તિ ન થાય.

દા.ત. 'पच्' ➡ प् + ए + च् + इ + व = पेचिव ।
प् + ए + च् + इ + थ = पेचिथ – पपक्थ ।

૨. तॄ फल्, भज्, त्रप्, राध् ધાતુમાં પણ 'ए' થાય છે.

દા.ત. तॄ ➡ ततार–ततर, तेरिव, । फल् ➡ फेलिव ।
त्रप् ➡ त्रेपिव, त्रेपिम ।

3. जॄ भ्रम्, त्रस्, फण्, राज्, भ्राज्,भ्राश्, भ्लाश्, स्यम्, स्वम्, स्वन्, આટલા ધાતુઓમાં વિકલ્પે ए થાય છે.

દા.ત. 'जॄ ➡ जजरिव – जेरिव । भ्रम् ➡ बभ्रमिव – भ्रेमिव ।

૪. श्रन्थ्, ग्रन्थ्, दम्भ् આ ધાતુમાં બધાય પ્રત્યયો પૂર્વે વિકલ્પે ए થાય. અને ત્યારે અનુનાસિક લોપાય દા.ત. श्रन्थ् ➡ श्रेथ – शश्रन्थ । श्रेथिव –शश्रन्थिव ।

૫. शस्, दद् અને व થી શરુ થતા ધાતુમાં 'ए' ન થાય

દા.ત. 'शस्' ➡ शशास / शशस, शशसिव... । वम् ➡ ववाम ।

## સંપ્રસારણ નિયમ

° કર્મણિની જેમ પરોક્ષમાં પણ સંપ્રસારણ થાય છે.

## વિશેષ નિયમો

૧ I વિકારક પ્રત્યયો પૂર્વે ધાતુની દ્વિરુક્તિ થયા પછી દ્વિરુક્તિમાં સંપ્રસારણ થાય. સંયુક્ત વ્યં૦ હોય તો આખા સંયુક્ત વ્યંજનની દ્વિરુક્તિ કરી પછી સંપ્રસારણ કરવું.

દા.ત. यज् ➡ ययज् + अ = इयाज કે इयज । स्वप् ➡ सुष्वाप કે सुष्वप ।

II અવિકારક પ્રત્યયો પર સંપ્રસારણ થયા પછી દ્વિરુક્તિ થાય.

દા.ત. स्वप् ➡ सुप् – सुषुप् = सुषुपिव सुषुपिम ।

૨. प्रच्छ्, भ्रस्ज्, व्रश्च, આ ત્રણ ધાતુમાં સંપ્રસારણ ન થાય.

દા.ત. 'प्रच्छ्' ➡ पप्रच्छ्, पप्रच्छिव, पप्रच्छिम ।

૩.व्यज्-व्यध् ધાતુમાં 'वि' ની દ્વિરુક્તિ થાય.

દા.ત.व्यच् ➡ विव्याच-विव्यच । विविचिव-विविचिम ।

व्यध् ➡ विव्याध-विव्यध, विविधिव, विविधिम ।

૪ह्वे ધાતુ + તમામ પ્રત્યય = हु + તમામ પ્રત્યય

દા.ત. ह्वे ➡ जुहु + अ = जुहाव કે जुहव ।

પશ્વિ નો વિકલ્પે शु થાય.

દા.ત. शुशाव - शुशव, કે शिश्वाय - शिश्वय ।

૬. 'वे' ધાતુનો વિકારક પ્રત્યય પૂર્વે उवय्

અને અવિકારક પ્રત્યય પૂર્વે ऊय्, ऊव् કરીને રૂપો કરવા.

દા.ત. वे ➡ वे + अ = उवय् + अ = उवाय, उवय ।

वे + व = ऊय् + व = ऊयिव ।

અથવા ऊव् + व = ऊविव ।

અથવા તો 'वे' નો બધાય પ્રત્યયો પર 'वा' કરીને રૂપ કરવા

દા.ત. वे ➡ वे + अ = वा + अ = ववा + अ

= ववा + औ = ववौ । वे + व = ववा + इ + व

= वव् + इ + व = ववव ।

૭.I व्ये + વિકારક પ્રત્યય = विव्या + વિકારક પ્રત્યય } દા.ત. व्ये ➡ विव्याय ।

II व्ये + અવિકારક પ્રત્યય = विवी + અવિકારક પ્રત્યય } દા.ત. व्ये ➡ विव्यिव, विव्यिम ।

## न् આગમ થવાના નિયમો

૧.(I) अ થી શરુથતા અને અંતે સંયુક્ત વ્યંજનવાળા ધાતુમાં, (II) 'ऋ' થી શરુ થતા ધાતુમાં, અને (III) 'अश्' (૫ ગ. આ.) ધાતુમાં દ્વિરુક્તિ પછી न् લાગે છે. તેમજ દ્વિરુક્તિ માં अ હોય તો आ થાય છે.

દા.ત. 'अर्द्' ➡ अअर्द् = अ + न् + अर्द् + अ

= आ + न् + अर्द् + अ = आनर्द ।

ऋज् ➡ अऋज् = अ + न् + ऋज् + ए

= आ + न् + ऋज् + ए = आनृजे ।

'अश्' ➡ अअश् નું आनशे ।

૨ रध्, रभ् + સ્વરાદિ પ્રત્યય = વચ્ચે 'न्' લાગે + સ્વરાદિ પ્રત્યય } દા.ત. रध् ➡ ररन्ध । जभ् ➡ जजम्भे ।

**અપવાદ** 'रध्' માં અદ્યતનમાં 'इ' લાગે ત્યાં 'न्' ન લાગે.

પરન્તુ પરોક્ષમાં લાગે.દા.ત. ररन्धिव ।

## आम् યુક્ત પરોક્ષ

I દ્વિરુક્તિ ન થાય. II આમ્ વિકારક છે. III ધાતુના અંત્ય કોઈપણ અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ.પરન્તુ દસમાં ગણના ધાતુને ગુણ/વૃદ્ધિ પૂર્વક'अय्' લાગે પછી 'आम्' લાગે. IV' आम् 'લાગ્યા પછી . कृ, भू , अस् ના પરોક્ષ રૂપ લાગે.

### आम् નીચેના ધાતુઓને લાગે

૧.अ–आ સિવાયના દીર્ઘ સ્વરથી શરુ થતા ધાતુને

દા.ત. ईश् ➡ ईश् + आम् + चक्रे = ईशाञ्चक्रे ।

૨.'ऋच्छ्' સિવાયના અંતે સંયુક્ત વ્યંજનવાળા अ સિવાયના હ્રસ્વસ્વરથી શરુ થતા ધાતુને. દા.ત.'इन्ध् ➡ इन्ध् +आम् + चक्रे = इन्धाञ्चक्रे ।

૩. I દશમા ગણના ધાતુને II પ્રેરક ધાતુને III ઈચ્છાદર્શક ધાતુને IV નામ સાધિત ધાતુને અને.. V. અનેક સ્વરી ધાતુને आम् લાગે છે.

દા.ત. I 'कथ' ➡ कथयांचकार । II 'दाप् (दापयति)' दापयांचकार । III 'जिज्ञास्' ➡ जिज्ञासाञ्चकार । IV पुत्रीय ➡ (पुत्रीयति)–पुत्रीयाञ्चकार । पुत्रीयांबभूव । V 'चकास्' ➡ चकासाञ्चकार ।

૪. दय्, अय्, आस्, कास्, ધાતુમાં 'आम्' અવશ્ય લાગે.

દા.ત दय्' ➡ दयांचक्रे । 'अय्' ➡ अयाञ्चक्रे ।

'आस्' ➡ आसाञ्चक्रे । 'कास्' ➡ कासाञ्चक्रे ।

૫. कम् ધાતુને વિકલ્પે લાગે. દા.ત. कामयाम्बभूव – चकमे ।

૬. उष्. विद्, जागृ, ऋत्, दरिद्रा આટલા ધાતુમાં વિકલ્પે લાગે.

પરન્તુ विद् માં ગુણ ન થાય.

દા.ત. 'उष्' ➡ ओषांचकार । उवोष ।

विद् ➡ विदाञ्चकार । विवेद । जागृ ➡ जागरामास, जजागार, जजागर ।

ऋत् ➡ आनर्त । दरिद्रा ➡ ददरिद्रौ – दरिद्राञ्चकार ।

૭. गुप्, धुप्, विच्छ्, पण्, पन् ધાતુમાં 'आय' લાગે ત્યારે आम् યુક્ત થાય.

દા.ત. गुप् ➡ गोपायामास – जुगोप ।

૮. भी, ह्री, भृ, हु આટલા ત્રીજા ગણના ધાતુમાં દ્વિરુક્તિ થાય પછી आम् વિકલ્પે લાગે. દા.ત. 'भी' ➡ बिभयांचकार बिभाय–बिभय ।

'ह्री' ➡ जिह्रयांचकार । जिह्राय–जिह्रय ।

'भृ' ➡ बिभरांचकार–बभार । 'हु' ➡ जुहवांचकार । जुहाव–जुहव ।

૯. 'ऊर्णु' મા आम् ન લાગે. દા.ત. ऊर्णुनाव – ऊर्णुनव ।

૧૦.'अस्' ના સામાન્ય રીતે રૂપ થતા નથી. भू ના થાય છે. आम् યુક્ત પરોક્ષમાં લગાડવા માટે 'अस्' ના નીચે મુજબ રૂપ થાય છે.

| | | |
|---|---|---|
| आस | आसिव | आसिम । |
| आसिथ | आसतुः | आस । |
| आस | आसतुः | आसुः । |

૧૧. પરસ્મૈપદી ધાતુને कृ. भृ, अस् ના પરોક્ષ પરસ્મૈપદ રૂપ લાગે. અને આત્મનેપદી ધાતુને 'कृ' ના આત્મનેપદ ના રૂપો લાગે. 'भू','अस्' ના પરસ્મૈપદ ના રૂપો લાગે.

**કર્મણિ પરોક્ષ** ° ઉપરોક્ત બધા નિયમ લાગ્યા પછી આત્મને પદના પ્રત્યયો લગાડવા. દા.ત. 'पच्' ➡ पेचे ।

## અદ્યતન ભૂતકાળ

° ૨૪ કલાકની અંદરના ભૂતકાળ માટે વપરાય.

° અદ્યતનમાં તમામ ધાતુઓ સાત પ્રકારમાં વિભાજિત થયેલ છે.

**(૧) ૧.લો પ્રકાર** – આ પ્રકાર માત્ર પરસ્મૈપદ છે इ (गा), स्था, पा, भू, दा, धा (दा धा અંગવાળા दे,दो,धे વગેરે પણ) આ ધાતુઓ અવશ્ય તથા घ्रा, धे, शो, सो, छो વિકલ્પે પ્રથમ પ્રકારમાં આવે.

**(૨) ૨જો પ્રકાર**– ख्यातीर्यती અને रुचिर्घुटि કારિકાના બધા ધાતુઓ અવશ્ય આવે. તથા 'श्वयति जीर्यति' કારિકાના ધાતુઓ વિકલ્પે આવે.

અને વિકલ્પે ૪થા/ ૫માં માં જાય. (તથા 'रुचिर्घुटिरुटि' કારિકાના આત્મનેપદી (૨૫) ધાતુઓ આ પ્રકારમાં સમાવેશ પામે છે.)

(૩) **૩જો પ્રકાર**– દશમાં ગણના ધાતુ , અનેક સ્વરી ધાતુ, કેટલાક સાધિત ધાતુ, અને... कम्, श्रि, द्रु, स्रु ધાતુ **અવશ્ય** આવે.

તથા... धे, श्वि આ બે ધાતુ વિકલ્પે આવે.

(૪) **૪થો પ્રકાર**– ઉપરોક્ત ત્રણ પ્રકારમાં નહિં આવેલા आ કારાંત ધાતુ, તથા यम्, रम् (वि.आ परि ઉપર્સગ સહિત) અને नम् ધાતુ આવે. આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે.

NOTE : यम् ધાતુ उप કે उद् ઉપસર્ગ યુક્ત હોય તો ૪થા પ્રકારમાં આવે.

(૫) **૭મો પ્રકાર**– 'दृश्' ધાતુને છોડીને श्, स्, ष् અને ह् અંતમા હોય, અને अ–आ સિવાયનો સ્વર ઉપાંત્યે હોય તેવા અનિટ્ ધાતુ આ પ્રકારમાં આવે.

('दृश्' ધાતુ ચોથા પ્રકારમાં અવે છે.) ॥ मृश्, स्पृश्, कृष् (૧ ૫./૯૭.) વિકલ્પે આવે.

(૬) **૪થો પ્રકાર**– ઉપરોક્ત પાંચ પ્રકારમાં ન આવેલા તમામ અનિટ્ ધાતુઓ આવે.

(૭) **૫મો પ્રકાર**– ઉપરોક્ત પાંચ પ્રકારમાં ન આવેલા તમામ સેટ્ ધાતુઓ આવે

## પ્રથમ પ્રકાર

પ્રત્યય

| | | |
|---|---|---|
| अम् | व | म |
| स | तम् | त |
| त् | ताम् | उस् |

(૧) આ પ્રકારના ધાતુના આત્મને પદી રૂપ ચોથા યા પાંચમા પ્રકાર પ્રમાણે થાય.

(૨) भू ધાતુના કર્મણિ રૂપ પાંચમાં પ્રકાર પ્રમાણે થાય.

(૩) दा, धा, स्था અને अधि + इ ના રૂપ ચોથા પ્રકાર પ્રમાણે.

(૪) 'उस्' પ્રત્યય પૂર્વે ધાતુના आ નો લોપ થાય. स्था ➔ अस्थुः ।

(૫) भू ધાતુમાં 'उस्' ના બદલે 'अन्' લાગે છે. અને સ્વરાદિ પ્રત્યય પૂર્વે 'व्' ઉમેરાય છે. **દા.ત.** 'भू' ➔ अ + भू + व् + अन् = अभूवन् ।

(૬) 'इ' ધાતુનો 'गा' આદેશ થાય છે. **દા.ત.** 'इ' अगात् ।

## દ્વિતીય પ્રકાર

| પરસ્મૈ | | | આત્મને | | |
|---|---|---|---|---|---|
| अम् | व | म | इ | वहि | महि |
| स् | तम् | त | थाः | इथाम् | ध्वम् |
| त् | ताम् | अन् | त | इताम् | अन्त |

૧. 1. દરેક ધાતુ પર अ લાગ્યા બાદ પ્રત્યય લાગે.

**દા.ત.** क्रुध ➡ अ + क्रुध् + अ + त् = अक्रुधत् ।

2. 'अ' થી શરુ થતાં પ્રત્યય પર આ 'अ' લોપાય.

**દા.ત.** 'क्रुध्'➡ अ + क्रुध् + अ + अम् = अक्रुधम् ।

3. 'व' અને 'म' પ્રત્યય પર 'अ' નો 'आ' થાય છે.

**દા.ત.** क्रुध् ➡ अक्रुधाव । अक्रुधाम ।

૨. I ધાતુના સ્વરની ગુણ કે વૃદ્ધિ ન થાય. **દા.ત.** अक्रुधम् ।

પરન્તુ... II દીર્ઘ-હ્રસ્વ 'ऋ' કારાંત તથા 'दृश्' ધાતુમાં ગુણ થાય છે.

**દા.ત.** 'ऋ' ➡ आरम् । 'सृ' ➡ असरत् । 'दृश्' ➡ अदर्शत् ।

૩. ધાતુના ઉપાંત્ય અનુનાસિકનો લોપ થાય છે. **દા.ત.** भ्रंश् ➡ अभ्रशत् ।

૪. ધાતુનાં થતા આદેશ

| ધાતુ | આદેશ | ઉદાહરણ |
|---|---|---|
| • अस्(૪ ગણ)➡ | अस्थ् | आस्थत् । |
| • ख्या ➡ | ख्य | अख्यत् । |
| • पत् ➡ | पप्त | अपप्तत् । |
| • वच् ➡ | वोच् | अवोचत् । |
| • शास् ➡ | शिष् | अशिषत् । |
| • श्वि ➡ | श्व | अश्वत् । |
| • ह्वे ➡ | ह्व | अह्वत्-त । |

૫. ધાતુના ભિન્ન ભિન્ન પ્રકારમાં થતા રૂપ.

° लिप्, सिच्, ह्वे આત્મનેપદી ધાતુના રૂપ બીજા/ચોથા પ્રકાર પ્રમાણે થાય.

**દા.ત.** लिप् ➡ अलिपत - अलिप्त ।

° शक् આત્મનેપદી રૂપ ચોથા/પાંચમા પ્રકાર જેવા થાય.

**દા.ત.** अशकिष्ट । अशक्त ।

° विद् આત્મનેપદી રૂપ ચોથા/પાંચમાં પ્રકાર જેવા થાય.

**દા.ત.** अवेदिष्ट । अवित्त ।

° विष् આત્મનેપદી રૂપ સાતમાં પ્રકાર જેવા થાય. **દા.ત.** अविक्षत ।

° लुप् આત્મનેપદી રૂપ ચોથા પ્રકાર જેવા થાય. **દા.ત.** अलुप्त ।

## ख्यातीर्यती કારિકાના ધાતુઓ

• ख्या, ऋ, सृ, ह्वे, शक्, उच्, मुच्, वच्, सिच्, लुट्, पत्, क्लिद्, क्ष्विद्, मद्, विद्, शद्, सद्, स्विद्, ऋध्, क्रुध्, क्षुध्, गृध्, रध्, शुध्, सिध्, आप्, कुप्, गुप्, दिप्, युप्· रुप्, लिप्, लुप्, सृप्, क्षुभ्, तुभ्, नभ्, लभ्, क्लम्, क्षम्, गम्, तम्, दम्, भ्रम्, शम्, श्रम्, सम्, कृश्, नश्, भृश्, भ्रश्, वृश्, तुष्, तृष्, दुष्, विष्, पुष्, प्लुष्, रिष्, रुष्, विष्, वुष्, व्युष्, शिष्, शुष्, हृष्, अस्, कुस्, घस्, जस्, तस्, दस्, बस्, बिस्, ब्युस्, मस्, मुस्, यस्, वस्, विस्, वुस्, शास्, द्रुह्, मुह्, स्निह्, स्नुह् ।

• કુલ (૮૭) ધાતુઓ છે. • અવશ્ય દ્વિતીય પ્રકારમાં આવે છે.

## श्वयतीजीर्यति કારિકાના ધાતુઓ

• श्वि, जॄ, ग्रुच्, ग्लुच्, ग्लुञ्च, म्रच्, म्लुच्, रिच्, विच्, शुच्, निज्, युज्, विज्, स्फुट्, चुत्, च्युत्, भ्रुत्, श्चुत्, श्च्युत्, क्षुद्, छिद्, छृद्, तृद्, बुन्द्, भिद्, रुद्, स्कन्द्, बुध्, रुध्, तृप् दृप्, स्तम्भ्, दृश्, श्लिष्, घुष्, उह्, तुह्, दुह्, बृह् ।

° કુલ ૩૯ ધાતુઓ છે.° વિકલ્પે દ્વિતીય પ્રકારમાં આવે છે.

## रुचि-र्घुटि કારિકાના ધાતુઓ

• रुच्, घुट्, रुट्, लुट्, लुठ्, द्युत्, वृत्, श्वित्, श्विद्, स्यन्द्, मिद्, स्विद्, वृध्, शृध्, क्लृप्, क्षुभ्, तुभ्, नभ्, शुभ, स्रैभ्, भ्रश्, भ्रंश्, ध्वंस्, भ्रंस्, स्रंस् ।

° કુલ (૨૫) ધાતુઓ છે.° બીજા પ્રકારમાં પરસ્મૈ પદમાં આવે છે.

## તૃતીય પ્રકાર

° પ્રત્યયો બીજા પ્રકાર મુજબ.

૧ I દ્વિરુક્તિ થાય. II ધાતુને अ લાગે.

III ધાતુના અંત્ય इ, उ નો ક્રમશઃ इय्, उव्, થાય છે.

દા.ત. श्रि ➡ अशिश्रियम् ।

IV ધાતુના અંત્ય ओ નો લોપ થાય છે. દા.ત. द्रु ➡ अदुद्रुवम् ।

૨ 1. દશમાં ગણના તથા પ્રેરક ધાતુના અંગમાંથી अय નો લોપ થાય છે.

દા.ત. 'भू' ➡ भावयति = भाव् બને.

2. દીર્ઘ સ્વર હ્રસ્વ થાય. દા.ત. भाव् = भव् જો એમાં ए , ऐ હોય તો 'इ' થાય. અને... ओ औ હોય તો उ થાય. પછી દ્વિરુક્તિ થાય.

**દા.ત.** 'चुर' ➡ चोरय – चोर् – चुर् – चुचुर्

3. અભ્યાસ પછીનો વર્ણ લઘુ હોય તો અભ્યાસના अ નો इ થાય. (લઘુ=પોતે હ્રસ્વ સ્વર હોય અને પછી સંયુક્ત વ્યંજન ન હોય તો. ગુરુ–પોતે દીર્ઘ હોય અથવા પછીનો વ્યંજન સંયુક્ત હોય તો હ્રસ્વ પણ ગુરુ બને.)

**દા.ત.** भव् ➡ बभव् बिभव् ।

4. અભ્યાસની આગળ કે પાછળ ગુરુ સ્વર ન હોય અથવા અભ્યાસનો સ્વર ગુરુ ન હોય તો અભ્યાસનો સ્વર દીર્ઘ થાય. **દા.ત.** बिभव – बीभव – अबीभवत् ।

**પરન્તુ** 'एज्' ➡ एजज्–ऐजिजत् અહિં દીર્ઘ ન થાય

'स्पन्द्' ➡ पस्पन्द् अपस्पन्दत् અહી પછીનો સ્વર ગુરુ હોવાથી નિયમ ત્રણ અને પોતે ગુરુ હોવાથી નિયમ ચોથો લાગશે નહિં.

स्खल् = चस्खल = अचिस्खलत् ।

5. સ્વરાદિ ધાતુમાં પછીના વ્યંજનની સ્વર સહિત દ્વિરુક્તિ કરવી.

**દા.ત.** 'अट्' ➡ आटिटत् ।

સ્વરાદિ ધાતુમાં સ્વર પછીનો વ્યંજન સંયુક્ત હોય અને તેમાં પ્રથમ વર્ણ न्, द्, र्, ब् હોય તો તેની દ્વિરુક્તિ ન કરતા પાછળના વ્યંજન ની દ્વિરુક્તિ કરવી. **દા.ત.** 'अर्ह्' ➡ अर्हह् अर्जह् अर्जिह् = आर्जिहत् ।

'उब्ज्' ➡ औब्जिजत् । 'उन्द्' ➡ उन्दद्–उन्दिद् = औन्दिदत् ।

6. હ્રસ્વ/દીર્ઘ 'उ' અંતે હોય તેવા ધાતુમાં દ્વિરુક્તિ પછી अ કે आ અંતે હોય તેવા ઔષ્ઠ્ય, અંતસ્થ કે ज् વ્યંજન હોય તો અભ્યાસનો 'उ' ન થતા इ થાય.એ સિવાયના उ કારાંત ધાતુમાં અભ્યાસનો સ્વર 'उ' થાય.

**દા.ત.** 'कु' ➡ कावय–काव–कव–चकव = अचूकवत् ।

'नू' ➡ अनूनवत् । **પરન્તુ** 'भू' ➡ अबीभवत् ।

'पू' ➡ अपीपवत् । 'लू' ➡ अलीलवत् ।

**અપવાદ** स्रु, श्रु, द्रु, प्रु, प्लु, च्यु ધાતુમાં વિકલ્પે इ કે उ થાય છે.

**દા.ત.** 'स्रु' ➡ असिस्रवत् । असुस्रवत् ।

'श्रु' ➡ श्राव्–श्रव्–शश्रव् = अशिश्रवत् । अशुश्रवत् ।

7. अ નો 'इ' થવાના અપવાદો

I कथ्, वर्, शठ्, रच्, स्पृह्, सूच्, मृग्, ध्वन्, अर्थ्, पार्, गद्, वण्, शप्
આટલા ધાતુઓમાં अ નો इ વગેરે ફેરફાર ન થાય.

દા.ત. 'कथ्' ➡ अचकथत् । 'ध्वन्' ➡ अदध्वनत् । 'वर्' ➡ अववरत् ।

II स्मृ, दृ, त्वर्, प्रथ्, म्रद्, स्तृ, स्पृश् ધાતુના દ્વિરુક્તિમાં अ નો इ ન થાય. તેમજ સ્વર દીર્ઘ પણ ન થાય. દા.ત. 'स्मृ ➡ असस्मरत् ।
'दृ' ➡ अददरत् । 'म्रद्' ➡ अमम्रदत् ।

III गण् ધાતુમાં વિકલ્પે ફેરફાર થાય. દા.ત. अजीगणत् । अजगणत् ।

IV वेष्ट्, चेष्ट् ધાતુમાં વિકલ્પે 'इ' લાગે.
દા.ત. 'वेष्ट्' ➡ अववेष्टत् – अविवेष्टत् ।

8. भ्राज्, भाष्, भास्, दीप्,जीव्, मील्, पीड्, कण्, चण्, रण्, बण्, भण्, श्रण्, हठ्, ह्वे, लुप्, लुट्, लुठ्, વગેરે ધાતુઓમાં ઉપાંત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે. દા.ત 'भ्राज्' ➡ अबिभ्रजत् । अबभ्राजत् ।

9. शास्, एज्, काश्, क्रीड्, क्षीब्, खाद्, खेल्, ढौक्, ताय्, दाश्, देव्, नाथ्, प्रोद्, बाध्, याच्, योध्, राध्, राज्, लाध्, लेप्, लोक्, लोच्, वेप्, वेल्, श्लाघ्, श्लोक्, सेक्, सेब्, हेष्, सेव्, सार्, वास्, निवास्, વગેરે ધાતુઓમાં ઉપાંત્ય સ્વર હ્રસ્વ થાય છે.
દા.ત. 'शास्' ➡ अशशासत् । एज् ➡ एजिजत् ।

10. ह्वे, स्वप् માં સંપ્રસારણ થાય. 'श्वि' માં વિકલ્પે સંપ્રસારણ થાય.
દા.ત. अशिश्वयत् । अशूशवत् । अजूबवत्–अजुहावत् ।

11. ધાતુના ઉપાંત્ય હ્રસ્વ 'ऋ' નો ગુણ વિકલ્પે ન થાય. અર્થાત્ હ્રસ્વ 'ऋ' વિકલ્પે કાયમ રહે. અને દીર્ઘ ऋ વિકલ્પે હ્રસ્વ થાય છે.
દા.ત. 'वृत्' ➡ वर्तय् = वर्त કે वृत् ।
દ્વિરુક્તિ થતા ववर्त् કે वृवृत् થાય. <u>ववर्त</u> अववर्तत् । वृवृत् ववृत् विवृत् = अवीवृतत् । 'कृत्' ➡ कीर्त अचिकीर्तत् । કે कृत् अचीकृतत् ।

12. આદેશ થઈને થતાં રૂપો

° पा નું अपीप्यत् । ° स्था નું પ્રેરક स्थापय થઈને अतिष्ठिपत् ।

° घ्रा નું अजिघ्रपत् । अजिघ्रिपत् ।

° अधि + इ (ભણવું) નું अध्यायिपत् । अध्यजीगपत् ।

° अधि + इ (યાદ રાખવું) નું अध्यजीगमत् । ° ईर्ष्य નું ऐर्षिष्यत्-ऐर्ष्यियत् ।
° ऊर्णु નું और्णूनवत् । ° चकास् નું अचीचकासत् – अचचकासत् ।
° द्युत નું अदुद्युतत् । ° स्फुर् નું अपुस्फुरत् ।

## ચતુર્થ પ્રકાર

**પ્રત્યયો**

| પરસ્મૈ | | | આત્મને | | |
|---|---|---|---|---|---|
| सम् | स्व | स्म | सि | स्वहि | स्महि |
| सीः | स्तम् | स्त | स्थाः | साथाम् | ध्वम् |
| सीत् | स्ताम् | सुः | स्त | साताम् | सत |

## પંચમ પ્રકાર

**પ્રત્યયો**

| પરસ્મૈ | | | આત્મને | | |
|---|---|---|---|---|---|
| इषम् | इष्व | इष्म | इषि | इष्वहि | इष्महि |
| ईः | इष्टम् | इष्ट | इष्ठाः | इषाथाम् | इध्वम् |
| ईत् | इष्टाम् | इषुः । | इष्ट | इषाताम् | इषत |

### <u>ચતુર્થ / પંચમ પ્રકારના સામાન્ય નિયમ</u>

(૧) અન્ય પાંચ પ્રકારમાં ન આવેલા વેટ્ ધાતુઓ વિકલ્પે અહીં આવે.
(૨) સંયુક્ત વ્યંજન પર હ્રસ્વ/દીર્ઘ ऋ કારાંત वृ, धू ધાતુ વિકલ્પે આવે.
(૩) तृप्–दृप् દ્વિતીય પ્રકારમાં પણ આવે.
(૪) दा, धा, स्था આત્મનેપદમાં ચોથા પ્રકારમાં અને પરસ્મૈપદમાં પાંચમા પ્રકારમાં. (૫) 'हन्' પરસ્મૈપદી, आ + हन् આત્મનેપદી અહીં આવે.
NOTE :- પરસ્મૈપદ પાંચમાં પ્રકારમાં हन् નો આદેશ 'वध्' અને આત્મનેપદમાં વિકલ્પે 'वध्' થાય છે.
(૬) स्तु, क्रम् આત્મનેપદી ચોથા પ્રકારમાં આવે.
(૭) स्तु, सू, धू, अञ्ज्, धातु ધાતુ પરસ્મૈપદમાં પાંચમા પ્રકારમાં આવે.

## ચતુર્થ પ્રકારના નિયમ

### પરસ્મૈપદી

(૧) ધાતુના સ્વરની વૃદ્ધિ થાય.

દા.ત. 'कृ' ➡ अकार्षीत् । 'नी' ➡ अनैषीत् । 'रञ्' ➡ अरांक्षित् ।

(૨) ૨૪ અને હસ્વ સ્વર પછી 'स्त', 'स्थ' થી શરુ થતા પ્રત્યયનો 'स्' લોપાય.

દા.ત. अहन् + स्तम् = अहतम् । अहन् + स्थाः = अहस्थाः

(૩) 'हन्' નો અનુનાસિક લોપાય. अहत (આત્મનેપદ)

(૪) कृष + सीत् = अकार्क्षीत् – अक्राक्षीत् રૂપ થાય.

### આત્મનેપદી

૧. ધાતુના અંત્ય હ્રસ્વ/દીર્ઘ 'इ'–'उ'નો ગુણ થાય. એ સિવાય ક્યાંય ગુણ ન થાય.
અંત્ય દીર્ઘ ॠ નો 'इर्' 'उर्' થાય છે.

દા.ત. चि ➡ चि + स्त = अचेष्ट । स्तॄ ➡ स्तॄ + स्त = अस्तीर्ष्ट ।

૨. दा, धा અંગવાળા ધાતુ તથા 'स्था' ધાતુના અંત્ય સ્વરનો
(= आ નો) 'इ' થાય અને ગુણ ન થાય.

દા.ત. सम + स्था = समस्थिषि । धा ➡ अधिषि । दा ➡ अदित ।

૩ गम् તથા उप + यम् માં વિકલ્પે અનુનાસિક લોપાય.

દા.ત. सम + गम् = समगंस्त/समगत । उप + यम् = उपायत/उपायंस्त

પરન્તુ उद् + यम् માં અવશ્ય લોપાય. उद् + यम् ➡ उदायत / उपायंस्त ।

૪. હ્રસ્વ સ્વર, અનુનાસિક કે र् પછી 'स्त' અને 'स्था' પ્રત્યયનો 'स्' લોપાય.

દા.ત. दा ➡ अदित ।

૫. ધાતુના અંત્ય હ્રસ્વ ऋનો તથા ઉપાંત્ય સ્વરનો ગુણ ન થાય.

દા.ત. 'भृ' ➡ अभृष्ट । भिद् ➡ अभित्त ।

૬. दीप्, जन्, बुध्, पुर्, ताय्, प्याय् ને વિકલ્પે અને पद् ને નિત્ય તૃતીયપુરુષ એકવચનમાં 'स्त' ના બદલે 'इ' લાગે. ત્યારે વૃદ્ધિનો નિયમ લાગે.

દા.ત. बुध् ➡ अबोधि । पद् ➡ अपादि ।

## પંચમ પ્રકારના નિયમ

**પરસ્મૈપદી** ૧. ધાતુના અંત્ય સ્વરની અને 'वद्, व्रज्' તથા 'र्' 'ल्' અંતવાળા ધાતુના ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાય છે. દા.ત. लू ➡ अलौ + ईत् = अलावीत् ।

वद् ➡ अवादित् । चर् ➡ अचारीत् ।

૨.ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. जागृ–श्वि માં અંત્ય પણ સ્વરનો ગુણ થાય છે.

जागृ ➡ अजागरीत् । कृत् ➡ अकर्तीत् । बुध् ➡ अबोधीत् ।

૩. र्, ल् સિવાયના વ્યંજનાન્ત વ્યંજનાદિ ધાતુના ઉપાંત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ.

**દા.ત.** गद् ➡ अगदीत् – अगादीत् ।

**અપવાદ** – I ह्, म्, य् અંતવાળા તથા क्षण्, वध्, जन्, श्वस्, कुट्, हस्, चट्, चत्, चद्, पथ्, मथ्, ह्लस्, लग्, આટલા ધાતુમાં વૃદ્ધિ ન થાય. वध् ➡ अवधीत् ।

૪. ऊर्णु માં વિકલ્પે સ્વર ફેરફાર ન થાય. વિકલ્પે ગુણ/વૃદ્ધિ થાય.

**દા.ત.** और्णुविषम्, और्णाविषम्, और्णविषम् ।

## આત્મનેપદી

૧. અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વર નો ગુણ થાય

'लू' ➡ अलविष्ट । 'मुद्' ➡ अमोदिष्ट ।

૨. 'दरिद्रा' નો आ વિકલ્પે લોપાય. अदरिद्रीत् । अदरिद्रासीत् ।

૩. दीप्, जन्, पूर्, प्याय्, ताय् ધાતુને વિકલ્પે હ્રસ્વ इ લાગે. ત્યારે વૃદ્ધિના નિયમ લાગે. **દા.ત.** दीप् ➡ अदीपि–अदीपिष्ट ।

૪.तन्, मन्, वन्, सन्, क्षण्, क्षिण्, ऋण्, घृण्, तृण्, (૮ માં ગણના न्, ण् કારાંત) ધાતુઓનો અનુનાસિક દ્વિતીય/તૃતીય પુરુષ એકવચનના પ્રત્યય પૂર્વે વિકલ્પે લોપાય. અને... તે 'इष्ठाः', 'इष्ट' પ્રત્યયના સ્થાને ક્રમશઃ 'थास्'– 'त' પ્રત્યય લાગે છે. **દા.ત.** तन् ➡ अतनिष्ठाः । अतथाः /अतनिषिष्ट / अतत ।

૫.ऊर्णु માં વિકલ્પે ગુણ થાય. और्णुविषि के और्णविषि ।

## ષષ્ઠ પ્રકાર

આ પ્રકાર માત્રપરસ્મૈપદી છે.

**પ્રત્યય**

⬇

| | | |
|---|---|---|
| सिषम् | सिष्व | सिष्म |
| सीः | सिष्टम् | सिष्ट |
| सीत् | सिष्टाम् | सिषुः |

**કેટલાક ધાતુના રૂપો**

- यम् ➡ अयंसिषम्, अयंसिष्व – म... ।
- नम् ➡ अनंसिषम्, अनंसिष्व – म... ।
- वि + रम् ➡ व्यंरसिषम् सिष्व..म.... ।
- मि /मी ➡ अमासिषम् सिष्व .. म.... ।
- ली ➡ अलासिषम् सिष्व ग्न....। ● शो ➡ अशासिषम् सिष्व ..म.... ।

## સપ્તમપ્રકાર

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| सम् | साव | साम | सि | सावहि | सामहि |
| सः | सतम् | सत | सथाः | साथाम् | सध्वम् |
| सत् | सताम् | सन् | सत | साताम् | सन्त |

1. दिह् – दुह् – लिह् – गुह् આત્મનેપદમાં હોય ત્યારે
(A) પ્રથમ પુરુષ દ્વિવચન (B) દ્વિતીય પુરુષ એકવચન / બહુવચન અને
(C) તૃતીય પુરુષ એક વચનના પ્રત્યયોમાંથી 'स' નો વિકલ્પે લોપ થાય.

**દા.ત.** 'दिह्' ➡ अधिक्षावहि **અથવા** अदिह्वहि । अधिक्षथाः। अदिग्धाः ।
अदिक्षध्वम् / अधिग्ध्वम् । अधिक्षत / अदिग्ध ।

### અદ્યતન કર્મણિ

૧. તમામ ધાતુના રૂપો માત્ર ચોથા પાંચમાં અને સાતમાં પ્રકારમાં થાય.
સાતમાં પ્રકારના ધાતુ માટે સાતમો પ્રકાર . બાકીના અનિટ્ ધાતુ માટે ચોથો પ્રકાર અને સેટ્ ધાતુ માટે પાંચમો પ્રકાર . આ બધામાં આત્મનેપદ રૂપ એ જ અદ્યતન કર્મણિ રૂપ .

૨. તૃતીય પુરુષ એક વચનમાં માત્ર 'इ' પ્રત્યયો લાગે ત્યારે [A.] ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય અને અંત્ય સ્વર તથા ઉપાંત્ય 'अ' ની વૃદ્ધિ થાય.

**દા.ત.** 'तुद्' ➡ अतोदि । पठ् ➡ अपाठि ।

**અપવાદ** कम्, चम्, आ + चम्, रम्, नम्, गम् वम् આટલા ધાતુને છોડીને 'अम्' અંતવાળા તથા बध्, जन् ધાતુમાં ગુણ વૃદ્ધિ ન થાય.

**દા.ત.** 'कम्' નું ➡ अकामि । जन् ➡ अजनि । क्षम् ➡ अक्षमि ।

[B.] आ કારાંત અંગવાળા ધાતુમાં 'य' ઉમેરાય **દા.ત.** पा ➡ अपायि ।

[C] દસમાં ગણમા ગુણ વૃદ્ધિ થાય પણ ગણની નિશાની ન લાગે

**દા.ત.** चुर् ➡ अचोरि । पीड् ➡ अपीडि ।

3. કેટલાક ધાતુના રૂપો.

गुप् ➡ अगोपि / अगोपायि । मृज् ➡ अमार्जि । 'इ' ➡ अगायि ।
'अधि + इ' ➡ अध्यायि / अध्यगायि । हन् ➡ अघानि ।

# સંખ્યા વાચક શબ્દ

1 एक થી नवदशन् સુધીના સંખ્યા વાચક શબ્દો વિશેષણ બને. અને વચન/વિભક્તિ વિશેષ્ય પ્રમાણે લાગે.

एक થી चतुर् શબ્દમાં લિંગ પણ વિશેષ્ય પ્રમાણે થાય.

**દા.ત.** • चत्वारो घटाः, तिस्रः स्त्रियः । • चत्वारि कुलानि ।

2 पञ्चन् થી नवदशन् સુધીના સંખ્યા વાચક શબ્દોના રૂપ ત્રણેય લિંગમાં એક સરખા થાય છે.

3 एकोनविंशति વગેરે સંખ્યા વાચક શબ્દો યા તો વિશેષણ બને યા તો સ્વયં વિશેષ્ય બને, અને જે વસ્તુની એ સંખ્યા હોય, તે વસ્તુને ષષ્ઠી વિભક્તિ બહુવચન લાગે. **દા.ત.** विंशतिः घटाः । અથવા घटानां विंशतिः ।

4 विंशति થી પછીના બધાય સંખ્યા વાચક શબ્દો સ્ત્રીલિંગમાં છે. અને એક વચનમાં રૂપ થાય. પરન્તુ... જયારે વિંશના બે-ત્રણ વગેરે જોડકા હોય ત્યારે દ્વિવચન કે બહુ વચન પણ લાગે.

**દા.ત.** • ब्राह्मणानां द्वे विंशती ।• ब्राह्मणानां तिस्रः विंशतयः ।

5 (A) विंशति, षष्टि, सप्तति, अशीति, नवति, कोटि ના રૂપ मति પ્રમાણે થાય.

**દા.ત.** विंशतिः, विंशतिम्, विंशत्या ઈત્યાદિ.... कोटिः कोटिम् .. વગેરે.

(B) त्रिंशत्. चत्वारिंशत्, पञ्चाशत् ના રૂપો सरित् સ્ત્રીલિંગ પ્રમાણે થાય છે.

**દા.ત.** • त्रिंशत्, त्रिंशतौ, त्रिंशतः ।

(C) शत, सहस्र, लक्ष વગેરે શબ્દોના રૂપો वन (નપુંસક) પ્રમાણે થાય

**દા.ત.** • शतम् ।• सहस्रम् ।• लक्षम् ।

6 एक, द्वि, વગેરે સંખ્યા विंशति વગેરે શબ્દની પાછળ લખવાથી ૨૧, ૨૨, ૨૩ વગેરે સંખ્યા બને છે. **દા.ત.** • एकविंशतिः = ૨૧ • एकत्रिंशत् = ૩૧

પરન્તુ द्वि નો द्वा, त्रि નો त्रयस् અને अष्टन् નો अष्टा આદેશ થાય છે.

<u>આ આદેશ</u> ૧ विंशति અને त्रिंशत् શબ્દ પર અવશ્ય થાય..

**દા.ત.** • द्वाविंशतिः । • त्रयोविंशतिः । • अष्टाविंशतिः ।

૨ चत्वारिंशत् થી नवति સુધી વિકલ્પે થાય.

**દા.ત.** • द्वाचत्वारिंशत् – द्विचत्वारिंशत् । • त्रयश्चत्वारिंशत् – त्रिचत्वारिंशत् ।

3 તથા.. अशीति અને शत વગેરે પર ન થાય.

**દા.ત.** • द्वयशीतिः । • त्र्यशीतिः । • द्विशतम् । • त्रिशतम् ।

## સંખ્યા વાચક શબ્દો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | एक | ६ | षष् | ११ | एकादशन् | १६ | षोडशन् । |
| २ | द्वि | ७ | सप्तन् | १२ | द्वादशन् । | १७ | सप्तदशन् । |
| ३ | त्रि | ८ | अष्टन् | १३ | त्रयोदशन् | १८ | अष्टादशन् । |
| ४ | चतुर् | ९ | नवन् | १४ | चतुर्दशन् । | १९ | नवदशन् एकोनविंशति । |
| ५ | पञ्चन् | १० | दशन् | १५ | पञ्चदशन् । | २० | विंशति । |

### एक, द्वि, त्रि વગેરેના રૂપો

| पुं० | स्त्री० | पुं० | स्त्री० | पुं० |
|---|---|---|---|---|
| एकः । | एका । | द्वौ । | द्वे । | त्रयः । |
| एकम् । | एकाम् । | द्वौ । | द्वे । | त्रीन् । |
| एकेन । | एकया । | द्वाभ्याम् । | द्वाभ्याम् | त्रिभिः । |
| एकस्मै । | एकस्यै । | द्वाभ्याम् । | द्वाभ्याम् | त्रिभ्यः । |
| एकस्मात् । | एकस्याः । | द्वाभ्याम । | द्वाभ्याम् | त्रिभ्यः। |
| एकस्य । | एकस्याः । | द्वयोः । | द्वयोः | त्रयाणाम् । |
| एकस्मिन् । | एकस्याम् । | द्वयोः । | द्वयोः | त्रिषुः । |
| एक ! | एके ! | द्वौ ! | द्वे | त्रयः ! |

| स्त्री० | पुं० | स्त्री० |
|---|---|---|
| तिस्रः । | चत्वारः । | चतस्रः । |
| तिस्रः । | चतुरः । | चतस्रः । |
| तिसृभिः । | चतुर्भिः । | चतसृभिः । |
| तिसृभ्यः । | चतुर्भ्यः । | चतसृभ्यः । |
| तिसृभ्यः । | चतुर्भ्यः । | चतसृभ्यः । |
| तिसृणाम् । | चतुर्णाम् । | चतसृणां । |
| तिसृषु । | चतुर्षु । | चतसृषु । |
| तिस्रः ! | चत्वारः ! | चतस्रः ! |

**નપુંસકમાં રૂપો**

| | | |
|---|---|---|
| एकम् | द्वे । | त्रीणि । |
| एकम् | द्वे । | त्रीणि । |
| | સંબોધન → | त्रीणि ! |

चतुर् → चत्वारि
चत्वारि

एक વગેરેના બાકીના રૂપો પુંલિંગ પ્રમાણે કરવા

| पञ्चन् | षष् | अष्टन् (अष्टा) | दशन् |
|---|---|---|---|
| ⬇ | ⬇ | ⬇ ⬇ | ⬇ |
| पञ्च । | षट् । | अष्ट – अष्टौ । | दश । |
| पञ्च । | षट् । | अष्ट – अष्टौ । | दश । |
| पञ्चभिः । | षड्भिः । | अष्टभिः–अष्टाभिः । | दशभिः । |
| पञ्चभ्यः । | षड्भ्यः । | अष्टभ्यः–अष्टाभ्यः । | दशभ्यः। |
| पञ्चभ्यः । | षड्भ्यः । | अष्टभ्यः–अष्टाभ्यः । | दशभ्यः । |
| पञ्चानाम् । | षण्णाम् । | अष्टानाम् । | दशानाम् । |
| पञ्चसु । | षट्सु । | अष्टसु – अष्टासु । | दशसु । |
| पञ्च ! | षट् ! | अष्ट – अष्टौ । | दश ! |

Note - a सप्तन्, नवन् ના રૂપ पञ्चन् પ્રમાણે કરવા.
b दशन् પ્રમાણે एकादशन् થી नवदशन् સુધીના રૂપો કરવા.

## સંખ્યા પૂરક

- એક, બે, વગેરે સંખ્યાવાચક કહેવાય
- પહેલો, બીજો, વગેરે સંખ્યાપૂરક કહેવાય

| સંખ્યાવાચક | સંખ્યાપૂરક |
|---|---|
| एक | प्रथम, अग्रिम, आदिम । |
| द्वि, त्रि | द्वितीय, तृतीय । |
| चतुर् | चतुर्थ, तुर्य, तुरीय । |
| पञ्चन्–षष् | पञ्चम, षष्ठ । |

Note

A सप्तन् થી दशन् સુધીના શબ્દમાં न् નો લોપ કરી म લગાડવાથી સંખ્યાપૂરક બને.

દા.ત. सप्तन् ➔ सप्तमः ।

B एकादशन् થી नवदशन् માં न् લોપ કરવાથી સંખ્યાપૂરક બને.

દા.ત. एकादशन् एकादशः।

C 1. विंशति થી ઊપરની સંખ્યામાં 'तम' પ્રત્યય લગાડવાથી સંખ્યાપૂરક બને. દા.ત. विंशतितमः । त्रिंशत्तमः । एकत्रिंशत्तमः ।

2. विंशति  વગેરે શબ્દો સામાસિક પદમાં હોય ત્યારે વિકલ્પે અંત્ય ति  કે त् નો લોપ કરી अ  લગાડવાથી સંખ્યા પૂરક બને.તથા.. विंशति  વગેરેનો અસમાસમાં પણ વિકલ્પે આ રીતે થાય.

દા.ત. एकविंशति ☞ एकविंशः एकविंशतितमः ।

द्विचत्वारिंशत् ☞ द्विचत्वारिंशः – द्विचत्वारिंशत्तमः ।

विंशः, त्रिंशः, चत्वारिंशः पञ्चाशः ।

3. षष्टि  થી માંડી તમામ સંખ્યાપૂરકમાં નિત્ય तम પ્રત્યય લાગે.

☞ षष्टितमः । शततमः ।

4. સંખ્યા પૂરક વિશેષણ બને છે. તેથી..પુંલિંગ માં देव પ્રમાણે રૂપો થાય.

નપુંસક માં वन પ્રમાણે રૂપો થાય.

Note:–૧ પ્રથમા વિભક્તિ બહુ વચન પુંલિંગમાં  प्रथमाः / प्रथमे  રૂપ થાય.

૨. द्वितीय/तृतीय  ના ત્રણે લિંગમાં વિકલ્પે सर्व (સર્વનામ) પ્રમાણે રૂપ થાય છે.

(આ વિકલ્પ માત્ર ૪ થી ૭ વિભક્તિના એક વચનમાં છે.)

द्वितीय  ના પું૦ રૂપો માત્ર એકવચનમાં થાય છે.

| પુંલિંગ રૂપો | | સ્ત્રીલિંગ રૂપ | |
|---|---|---|---|
| द्वितीयाय / द्वितीयस्मै | द्वितीयस्य / द्वितीयस्य | द्वितीयायै, / द्वितीयस्यै, | द्वितीयायाः / द्वितीयस्याः |
| द्वितीयात् / द्वितीयस्मात् | द्वितीये / द्वितीयस्मिन् | द्वितीयायाः / द्वितीयस्याः | द्वितीयायाम् / द्वितीयस्याम् |

5 <u>સ્ત્રીલિંગ રૂપ</u>

૧. प्रथम થી तृतीय સુધીના તથા  तुर्य,तुरीय  (चतुर्थ ના પર્યાયવાચી શબ્દો) સંખ્યાપૂરક શબ્દને आ લગાડીને माला પ્રમાણે રૂપ કરવા

દા.ત. प्रथमा, प्रथमे, प्रथमाः । द्वितीया, द्वितीये, द्वितीयाः ।

૨. चतुर्थी,થી માંડી ઉપરના સંખ્યા પૂરક શબ્દમાં दीर्घ  ई લગાડી नदी પ્રમાણે રૂપો કરવા. દા.ત. चतुर्थी, पञ्चमी ।

## વાર અર્થ

૧. <u>વાર અર્થ</u> A. એકવાર . બેવાર બહુવાર.

B. સંસ્કૃત ભાષામાં આ અર્થ જણાવવા માટે સંખ્યાવાચક શબ્દ પર कृत्वस् પ્રત્યય લગાડાય છે. શબ્દના અંત્ય વ્યંજનનો લોપ કરવો. આ ક્રિયા વિશેષણ અવ્યય બને છે. દા.ત. પાંચવાર = पञ्चकृत्वः ।

C. एक થી चतुर् સુધીમાં નીચે પ્રમાણે ક્રિયા વિશેષણ બને.

દા.ત. • एक ☞ सकृत् । • द्वि ☞ द्विः ।

• त्रि ☞ त्रिः । • चतुर् ☞ चतुः

૨. • यद् ☞ यावत् = જેટલું.
• तद् ☞ तावत् = તેટલું.
• एतद् ☞ एतावत् = આટલું.
• किं ☞ कियत् = કેટલું.

} આ यावत् વગેરે વિશેષણ પણ બને છે. માટે ત્રણે લિંગમાં એના રૂપો થાય છે. भगवत् જેવા રૂપો જાણવા

પુંલિંગમાં ☞ यावान् यावन्तौ यावन्तः ।

સ્ત્રીલિંગમાં ☞ यावती यावत्यौ यावत्यः ।

નપુંસકમાં ☞ यावत् यावती यावन्ति । ઈત્યાદિ રૂપો કરવા.

यावत् વગેરેને कृत्वस् લગાડવાથી જેટલી વાર, તેટલીવાર વગેરે અર્થમાં ક્રિયા વિશેષણ બને છે.

• यद् ☞ यावत्कृत्वः = જેટલીવાર..
• तद् ☞ तावत्कृत्वः = તેટલીવાર
• एतद् ☞ एतावत्कृत्वः = એટલીવાર
• किं ☞ कियत्कृत्वः = કેટલીવાર

### અનિયમિત નામના રૂપ

* પ્રત્યયો વ્યંજનાન્તનામ પ્રમાણે

गोपा પુંલિંગ ગોવાળ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | गोपः | गोपौ | गोपाः । | ४ | गोपे | गोपाभ्याम् | गोपाभ्यः । |
| २ | गोपाम् | गोपौ | गोपः । | ५ | गोपः | गोपाभ्याम् | गोपाभ्यः । |
| ३ | गोपा | गोपाभ्याम् | गोपाभिः । | ६ | गोपः | गोपोः | गोपाम् । |
| | | | | ७ | गोपि | गोपोः | गोपासु । સં० गोपाः । |

गोपा શબ્દની જેમ विश्वपा, धूम्रपा, शङ्खध्मा, सोमपा, बलदा, વગેરે आ કારાંત પુંલ્લિંગના રૂપો કરવા.

## ૨. માત્ર અસમાસિત पति શબ્દના રૂપ

पति – સ્વામી. પુંલિંગ.

| | | | |
|---|---|---|---|
| १ | पतिः | पती | पतयः । |
| २ | पतिम् | पती | पतिन् । |
| ३ | पत्या | पतिभ्याम् | पतिभिः । |
| ४ | पत्ये | पतिभ्याम् | पतिभ्यः । |
| ५ | पत्युः | पतिभ्याम् | पतिभ्यः । |
| ६ | पत्युः | पत्योः | पतीनाम् । |
| ७ | पत्यौ | पत्योः | पतिषु । |

સં० पते !

## ૩. श्री → લક્ષ્મી. સ્ત્રી०

| | | | |
|---|---|---|---|
| ૧. | श्रीः | श्रियौ | श्रियः । |
| ૨. | श्रियम् | श्रियौ | श्रियः । |
| ૩. | श्रिया | श्रीभ्याम् | श्रीभिः । |
| ૪. | श्रिये–श्रियै | श्रीभ्याम् | श्रीभ्यः । |
| ૫. | श्रियः–श्रियाः | श्रीभ्याम् | श्रीभ्यः । |
| ૬. | श्रियः श्रियाः | श्रियोः | श्रियाम्–श्रीणाम् |
| ૭. | श्रियि–श्रियाम् | श्रियोः | श्रीषु । |

સં० श्री !

આ પ્રમાણે ધી, ભ્રૂ વગેરે ધાતુ સાધિત સ્ત્રીલિંગ નામના તથા सुधी, (સ્ત્રીલિંગ) ના રૂપ કરવા.

## ૪.सखि ના પહેલાં છ રૂપ ☞

सखा, सखायौ, सखायः ।
सखायाम्, सखायौ, सखीन् ।
બાકીના રૂપ पति શબ્દ પ્રમાણે.

## ૫. स्त्री ના રૂપ

| | | | |
|---|---|---|---|
| १ | स्त्री | स्त्रियौ | स्त्रियः । |
| २ | स्त्रियम्–स्त्रीम् | स्त्रियो | स्त्रियः / स्त्रीः । |
| ३ | स्त्रिया | स्त्रीभ्याम् | स्त्रीभिः । |
| ४ | स्त्रियै | स्त्रीभ्याम् | स्त्रीभ्यः । |
| ५ | स्त्रियाः | स्त्रीभ्याम् | स्त्रीभ्यः । |
| ६ | स्त्रियाः | स्त्रियोः | स्त्रीणाम् । |
| ७ | स्त्रियाम् | स्त्रियोः | स्त्रीषु । |

स्त्रि !

૬. अवी, तरी, तन्त्री, लक्ष्मी, તથા प्रधी વગેરે દીર્ઘ ई કારાંત શબ્દોને પ્રથમા એકવચનમાં स् નિત્ય લાગે. અર્થાત્ વિસર્ગ કાયમ રહે. બાકીનારૂપો नदी પ્રમાણે થાય.

अवीः। अव्यौ, अव्यः । ઈત્યાદિ...

## ૭ सुधी પું० શ્રેષ્ઠ બુદ્ધિવાળો

| | | | |
|---|---|---|---|
| १ | सुधीः | सुधियौ | सुधियः । |
| २ | सुधीम् | सुधियौ | सुधियः । |
| ३ | सुधिया | सुधीभ्याम् | सुधीभिः । |
| ४ | सुधिये | सुधीभ्याम् | सुधीभ्यः । |
| ५ | सुधियः | सुधीभ्याम् | सुधीभ्यः । |
| ६ | सुधियः | सुधियोः | सुधियाम् । |
| ७ | सुधियि | सुधियोः | सुधीषु । |

सुधि – सुधी !

નપું૦ લિંગમાં सुधि (હ્રસ્વ) થઈ वारि જેવા રૂપ થાય.

દા.ત. सुधि, सुधिनी, सुधीनि ।

તૃતીય વિ૦ એ૦ વ૦ થી સ્વરાદિ પ્રત્યયો પર વિકલ્પે પુંલ્લિંગ જેવા રૂપ થાય.

દા.ત. सुधिना કે सुधिया ।

૮.I પ્રથમાન્ત સિવાયની વિભક્તિથી જેનો વિગ્રહ થઈ શકે તેવા સમાસ થયેલા, તથા II પૂર્વપદમાં નામ કે ઉપસર્ગ હોય III ઉત્તરપદ ધાતુ સાધિત નામહોય અને IV તે શબ્દ અસંયુક્ત પર इ, ई કે उ, ऊ કારાન્ત હોય તો... સ્વરાદિ પ્રત્યયો પર તે इ,ई કે उ,ऊ નો ક્રમશઃ य्, व् થાય. દા.ત. प्रधी, प्रध्यौ प्रध्यः ।

સ્ત્રીલિંગમાં नदीवत् થાય. પ્ર૦ વિ૦ એ૦ વ૦ માં વિસર્ગ થાય દા.ત. प्रधीः ।

જો ઉપરોક્ત મુજબ સામાસિક પદ ન હોય અથવા સંયુક્ત પર इ,ई કે उ,ऊ કારાંત શબ્દ હોય તો...इ, ईનો इय्, उ, ऊ નો उव् થાય.

તથા... वर्षाभू, पुनर्भू ને છોડીને भू અંતવાળા શબ્દોમાં પણउव् થાય છે.

દા.ત અસામાસિક પદમાં ➡ नीः नियौ, नियः ।

સંયુક્ત પર ➡ सुश्रीः, सुश्रियौ, सुश्रियः ।

वर्षाभू – દેડકો પુંલિંગ

| | | | |
|---|---|---|---|
| १. | वर्षाभूः | वर्षाभ्वौ | वर्षाभ्वः |
| २. | वर्षाभ्वम् | वर्षाभ्वौ | वर्षाभ्वः |
| ३. | वर्षाभ्वा | वर्षाभूभ्याम् | वर्षाभूभिः |
| ४. | वर्षाभ्वे | वर्षाभूभ्याम् | वर्षाभूभ्यः |
| ५. | वर्षाभ्वः | वर्षाभूभ्याम् | वर्षाभूभ्यः |
| ६. | वर्षाभ्वः | वर्षाभ्वोः | वर्षाभ्वाम् |
| ७. | वर्षाभ्वाम् | वर्षाभ्वोः | वर्षाभूषु |
| ८. | वर्षाभू ! | | |

૯. स्वयंभू – પુ૦

| | | |
|---|---|---|
| स्वयंभूः | स्वयंभुवौ | स्वभुवः । |
| स्वयंभुवं | स्वयंभुवौ | स्वभुवः । |
| स्वयंभुवा | स्वयंभूभ्याम् | स्वयंभूभिः । |
| स्वयंभुवे | स्वयंभूभ्याम् | स्वयंभूभ्यः । |
| स्वयंभुवः | स्वयंभूभ्याम् | स्वयंभूभ्यः । |
| स्वयंभुवः | स्वयंभुवोः | स्वयंभुवां । |
| स्वयंभवि | स्वयंभुवोः | स्वयंभूषु । |
| स्वयंभू ! | | |

૧૦. पपी – સૂર્ય પુંલિંગ.

| | | |
|---|---|---|
| पपीः | पप्यौ | पप्यः |
| पपीम् | पप्यौ | पपीन् |
| पप्या | पपीभ्याम् | पपीभिः |
| पप्ये | पपीभ्याम् | पपीभ्यः |
| पप्यः | पपीभ्याम् | पपीभ्यः |
| पप्यः | पप्योः | पप्याम् |
| पप्यि | पप्योः | पपीषु |
| पपी! | | |

આ રીતે ययी વગેરે દીર્ઘ ई કારાંતના રૂપ કરવા

## ૧૧. क्रोष्टु    શિયાળ પું૦

| | | |
|---|---|---|
| १. क्रोष्टा | क्रोष्टारौ | क्रोष्टारः |
| २. क्रोष्टारम् | क्रोष्टारौ | क्रोष्टून् |
| ३. क्रोष्ट्रा–क्रोष्टुना | क्रोष्टुभ्याम् | क्रोष्टुभिः |
| ४. क्रोष्ट्रे–क्रोष्टवे | क्रोष्टुभ्याम् | क्रोष्टुभ्यः |
| ५. क्रोष्टुः– क्रोष्टोः | क्रोष्टुभ्याम् | क्रोष्टुभ्यः |
| ६. क्रोष्टुः– क्रोष्टोः | क्रोष्ट्रोः क्रोष्ट्वोः | क्रोष्टूनाम् |
| ७. क्रोष्टरि–क्रोष्टौ | क्रोष्ट्रोः क्रोष्ट्वोः | क्रोष्टुषु |
| क्रोष्टर् – क्रोष्ट्रो । | | |

તા.ક. સંબોધન દ્વિવચન અને બહુ વચન સર્વત્ર પ્રથમ વિભક્તિ દ્વિવચન અને બહુવચન તુલ્ય હોય છે.

## ૧૨ ग्रामणी    પું૦ નેતા.

| | | |
|---|---|---|
| ग्रामणीः | ग्रामण्यौ | ग्रामण्यः । |
| ग्रामण्यम् | ग्रामण्यौ | ग्रामण्यः । |
| ग्रामण्या | ग्रामणीभ्यां | ग्रामणीभिः । |
| ग्रामण्ये | ग्रामणीभ्यां | ग्रामणीभ्यः । |
| ग्रामण्यः | ग्रामणीभ्यां | ग्रामणीभ्यः । |
| ग्रामण्यः | ग्रामण्योः | ग्रामण्याम् । |
| ग्रामण्याम् | ग्रामण्योः | ग्रामणीषु । |
| ग्रामणीः। | | |

આ પ્રમાણે સેનાની વગેરે ની અંતવાળાના રૂપ કરવા.

## ओ કારાંત નામ

## ૧૩. गो—ગાય ,બળદ (પું૦ સ્ત્રી૦)

| | | |
|---|---|---|
| गौः | गावौ | गावः । |
| गाम् | गावौ | गाः । |
| गवा | गोभ्याम् | गोभिः । |
| गवे | गोभ्याम् | गोभ्यः । |
| गोः | गोभ्याम् | गोभ्यः । |
| गोः | गवोः | गवाम् । |
| गवि | गवोः | गोषु । |
| गौः। | | |

આ પ્રમાણે द्यो વગેરે તમામ ओ કારાંત નામના રૂપ કરવા.

## ૧૪. औ કરાંત નામ

ग्लौ – ચંદ્રમા પું૦

| | | |
|---|---|---|
| ग्लौः | ग्लावौ | ग्लावः । |
| ग्लावम् | ग्लावौ | ग्लावः । |
| ग्लावा | ग्लौभ्याम् | ग्लौभिः । |
| ग्लावे | ग्लौभ्याम् | ग्लौभ्यः । |
| ग्लावः | ग्लौभ्याम् | ग्लौभ्यः । |
| ग्लावः | ग्लावोः | ग्लावाम् । |
| ग्लावि | ग्लावोः | ग्लौषु । |
| ग्लौः । | | |

આ રીતે नौ વગેરે औ કારાંન્ત શબ્દના રૂપ કરવા.

## १५. ऐ કારાંત નામ

रै – સંપત્તિ. સ્ત્રી०

| | | |
|---|---|---|
| राः | रायौ | रायः । |
| रायम् | रायौ | रायः । |
| राया | राभ्याम् | राभिः । |
| राये | राभ्याम् | राभ्यः । |
| रायः | राभ्याम् | राभ्यः । |
| रायः | रायोः | रायाम् । |
| रायि | रायोः | रासु । |

राः !

આ પ્રમાણે ऐ કારાંત શબ્દના રૂપો કરવા.

## १६. अस्थि – હાડકું. નપું.

| | | |
|---|---|---|
| अस्थि | अस्थिनी | अस्थीनि |
| अस्थि | अस्थिनी | अस्थीनि |
| अस्थ्ना | अस्थिभ्याम् | अस्थिभिः |
| अस्थ्ने | अस्थिभ्याम् | अस्थिभ्यः |
| अस्थ्नः | अस्थिभ्याम् | अस्थिभ्यः |
| अस्थ्नः | अस्थ्नोः | अस्थ्नाम् |
| अस्थ्नि | अस्थ्नोः | अस्थिषु |

अस्थि/अस्थे !

આ પ્રમાણે दधि सक्थि વગેરેના રૂપ કરવા.

## १७ તૃતીયા એક વચન થી સ્વરાદિ પ્રત્યય પર

- अस्थि ☞ अस्थन्
- सक्थि ☞ सक्थन्
- दधि ☞ दधन्
- अक्षि ☞ अक्षन्

આદેશ થાય છે. અને राजन् પ્રમાણે રૂપો થાય છે.

## १८. अनडुह् – બળદ. પુંલિંગ

| | | |
|---|---|---|
| अनड्वान् | अनड्वाहौ | अनड्वाहः |
| अनड्वाहम् | अनड्वाहौ | अनडुहः |
| अनडुहा | अनडुद्भ्याम् | अनडुद्भिः |
| अनडुहे | अनडुद्भ्याम् | अनडुद्भ्यः |
| अनडुहः | अनडुद्भ्याम् | अनडुद्भ्यः |
| अनडुहः | अनडुहोः | अनडुहाम् |
| अनडुहि | अनडुहोः | अनडुत्सु |

अनड्वन् !

## १९. दिव् દિવસ/સ્વર્ગ. સ્ત્રી०

| | | |
|---|---|---|
| द्यौः | दिवौ | दिवः |
| दिवम् | दिवौ | दिवः |
| दिवा | द्युभ्याम् | द्युभिः |
| दिवे | द्युभ्याम् | द्युभ्यः |
| दिवः | द्युभ्याम् | द्युभ्यः |
| दिवः | दिवोः | दिवाम् |
| दिवि | दिवोः | द्युषु |

द्यौः!

Note दिव् નો स् તથા બીજા વ્યંજનાદિ પ્રત્યયો પર द्यु આદેશ થાય.

ઉદા. द्यौः, द्युभ्याम्, द्युभिः ।

२०. अर्यमन् – સૂર્ય. પુ૦

| | | | |
|---|---|---|---|
| अर्यमा | अर्यमनौ | अर्यमनः | બાકીના રૂપો राजन् જેવા થાય છે |
| अर्यमनम् | अर्यमनौ | अर्यम्नः | |

पूषन्, वृत्रहन् વગેરે ह અંતવાળા શબ્દોમાં પણ આ પ્રમાણે સમજવું.

1 वृत्रहन् માં अ न લોપાય ત્યારે न નો ण् થાય. દા.ત वृत्रहन् + इ = वृत्रहणि ।

2 अ લોપાય ત્યારે ह् નો घ्नः થાય. દા.ત. वृत्रहन् + अस् = वृत्रघ्नः ।

૨૧. श्वन्, युवन्, અને मघवन् નો દ્વિ૦ વિ૦ બહુવ૦ થી સ્વરાદિ પ્રત્યયો પર ક્રમશ: शुन्, यून्, અને मघोन् આદેશ થાય.

દા.ત. તૃતીયા થી સપ્તમી સુધીના એક વચનના રૂપ.

शुना, शुने शुनः शुनः शुनि

यूना, यूने यूनः यूनः यूनि

मघोना, मघोने मघोनः मघोनः मघोनि

श्वन् – કૂતરો. પું.

| | | |
|---|---|---|
| श्वा | श्वानौ | श्वानः |
| श्वानम् | श्वानौ | शुनः |
| शुना | श्वभ्याम् | श्वभिः |
| शुने | श्वभ्याम् | श्वभ्यः |
| शुनः | श्वभ्याम् | श्वभ्यः |
| शुनः | शुनोः | शुनाम् |
| शुनि | शुनोः | श्वसु |
| श्वन् । | | |

२२ पन्थान् – માર્ગ. પું૦

| | | |
|---|---|---|
| पन्थाः | पन्थानौ | पन्थानः |
| पन्थानम् | पन्थानौ | पथः |
| पथा | पथिभ्याम् | पथिभिः |
| पथे | पथिभ्याम् | पथिभ्यः |
| पथः | पथिभ्याम् | पथिभ्य |
| पथः | पथोः | पथाम् |
| पथि | पथोः | पथिषु |
| पन्था । | | |

मथिन्, ऋभुक्षिन् ના રૂપો પણ पन्थान् પ્રમાણે કરવા પરન્તુ ऋभुक्षिन् માં પ્રથમ પાંચ પ્રત્યયમાં न् ઉમેરાય નહી. દા.ત. ऋभुक्षा ऋभुक्षाणौ ऋभुक्षाणः ऋभुक्षाणम् ऋभुक्षाणौ .....

૨૩. प्राच् ના પહેલા પાંચ રૂપ આ પ્રમાણે.. प्राङ् प्राञ्चौ प्राञ्चः प्राञ्चम् प्राञ्चौ ।

આ પ્રમાણે प्रत्यच्, उदच्, अवाच्, सम्यच्, तिर्यच्, વગેરેના રૂપો સમજવા.

બાકીના સ્વરાદિ પ્રત્યયો પર प्रत्यच् ➡ प्रतीच् उदच् ➡ उदीच्
सम्यच् ➡ समीच् तिर्यच ➡ तिरश्च् આદેશ થાય.

ઉદા.ત. દ્વિતીયા વિભક્તિ બહુવચન प्रत्यच् + अस् = प्रतीचः ।

આ જ પ્રમાણે उदीचः ઈત્યાદિ...

<u>સ્ત્રીલિંગમાં રૂપો .</u>

- प्राच् ➡ प्राची • सम्यच् ➡ समीची. • अवाच् ➡ अवाची
- प्रत्यच् ➡ प्रतीची • तिर्यच् ➡ तिरश्ची • उदच् ➡ उदीची

नदी જેવા રૂપો કરવા.

Note : प्राच् શબ્દ પૂજાર્થક હોય તો બીજા સ્વરાદિ પ્રત્યયો પર પણ ञ् લાગે

ઉદા.ત. प्राच् + अस् = प्राञ्च् + अस् = प्राञ्चः ।

<u>નપું૦ માં રૂપ</u>

| | | | |
|---|---|---|---|
| प्राक् / प्राग् | प्राची | प्राञ्चि | બાકીના રૂપ પું૦ પ્રમાણે. આ જ |
| प्राक् / प्राग् | प्राची | प्राञ्चि | પ્રમાણ तिर्यच् વગેરેમાં રૂપ કરવા. |

**૨૪. पुंस् – પુરુષ. પું૦**

| | | |
|---|---|---|
| पुमान् | पुमांसौ | पुमांसः |
| पुमांसम् | पुमांसौ | पुंसः |
| पुंसा | पुम्भ्याम् | पुम्भिः |
| पुंसे | पुम्भ्याम् | पुम्भ्यः |
| पुंसः | पुम्भ्याम् | पुम्भ्यः |
| पुंसः | पुंसोः | पुंसाम् |
| पुंसि | पुंसोः | पुंसु |
| पुमन् ! | | |

**૨૫. गिर् વાણી, ભાષા સ્ત્રી૦**

| | | |
|---|---|---|
| गीः | गिरौ | गिरः |
| गिरम् | गिरौ | गिरः |
| गिरा | गिर्भ्याम् | गिर्भिः |
| गिरे | गिर्भ्याम् | गिर्भ्यः |
| गिरः | गिर्भ्याम् | गिर्भ्यः |
| गिरः | गिरोः | गिराम् |
| गिरि | गिरोः | गिर्षु |
| गीः ! | | |

આ પ્રમાણે धुर्, पुर् વગેરે र् અંતવાળા તથા.. आशिष् શબ્દો નારૂપ કરવા.

**૨૬. आप् પાણી સ્ત્રી૦ આ રૂપો માત્ર બહુવચનમાં થાય છે.**

आपः अपः अद्भिः अद्भ्यः अद्भ्यः अपाम् अप्सु आपः !

**૨૭. अहन् દિવસ (નપું૦)**

| | | |
|---|---|---|
| अहः | अह्नी/अहनी | अहानि |
| अहः | अह्नी/अहनी | अहानि |
| अह्ना | अहोभ्याम् | अहोभिः |
| अह्ने | अहोभ्याम् | अहोभ्यः |
| अह्नः | अहोभ्याम् | अहोभ्यः |
| अह्नः | अह्नोः | अह्नाम् |
| अह्नि अहनि | अह्नोः | अहस्सु |
| अहः ! | | |

૨૭. दीर्घाहन् (ઉનાળો) પુંલિંગ પહેલા છ રૂપ

दीर्घाहा; दीर्घाहणौ दीर्घाहणः दीर्घाहणम् दीर्घाहणौ दीर्घाह्णः ।

શેષ રૂપો अहन्..જેવા કરવા દા.ત. दीर्घाह्णा ઈત્યાદિ

૨૯. पूर्व, अपर, अवर, दक्षिण, पर, उत्तर, अधर, स्व સર્વનામ તરીકે આવે છે.

દા.ત पूर्वस्मै, अपरस्मिन् ।

પરંતુ... ઉપરોક્ત શબ્દો જ્યારે કાલ, દિશા, સ્થાન કે પુરુષનો સંબંધ બતાવતા હોય, તથા...अन्तर्‌નો અર્થ અંદરનું (अघोवास) હોય ત્યારે વિકલ્પે સર્વનામ તરીકે આવે છે.

દા.ત. पूर्वे- पूर्वस्मिन् । अपरे - अपरस्मिन् ।

**पूर्व ના રૂપો**

| | | |
|---|---|---|
| पूर्वः | पूर्वौ | पूर्वाः–पूर्वे |
| पूर्वम् | पूर्वौ | पूर्वान् |
| पूर्वेण | पूर्वाभ्याम् | पूर्वैः |
| पूर्वाय – पूर्वस्मै | पूर्वाभ्याम् | पूर्वेभ्यः |
| पूर्वात् – पूर्वस्मात् | पूर्वाभ्याम् | पूर्वेभ्यः |
| पूर्वस्य | पूर्वयोः | पूर्वेषाम् पूर्वानाम् |
| पूर्वे - पूर्वस्मिन् | पूर्वयोः | पूर्वेषु |

આ રીતે अपर વગેરેના રૂપ કરવા.

૩૦. अन्य, अन्यतर, कतर–कतम, यतर–यतम, ततर–ततम, एकतर–एकतम, વગેરે तर–तम અંતવાળા શબ્દો સંખ્યાવાચી સર્વનામ બને.

અને.... ત્યારે નપુંસક પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ એકવચનમાં અંતે त्, द् આવે. દા.ત. अन्यत् - द् । अन्यतरत् - द् ।

૩૧. चरम, अल्प, कतिपय અને अर्ध શબ્દના પ્ર૦ વિ૦ બ૦ વ૦ માં વિકલ્પે સર્વનામ પ્રમાણે રૂપ થાય છે. દા.ત चरमाः- चरमे । अल्पाः- अल्पे ।

૩૨. नेम શબ્દ સર્વનામ છે. પરન્તુ પ્ર૦ વિ૦ બહુવચનમાં વિકલ્પે राम જેવા રૂપ થાય. દા.ત नेमे - नेमाः ।

૩૩. वाह् અંતવાળા નામોમાં દ્વિ૦ વિ૦ બહુવ૦ થી સ્વરાદિ પ્ર૦ પૂર્વે वाह् નો પૂર્વના अ સાથે મળી 'औह्' આદેશ થાય.

દા.ત विश्वौहे, विश्वौहः..... इत्यादि ।

विश्ववाह् ના રૂપ

| | | |
|---|---|---|
| विश्ववाट्-ड् | विश्ववाहौ | विश्ववाहः |
| विश्ववाहम् | विश्वाहौ | विश्वौहः |
| विश्वौहा | विश्ववाड्भ्याम् | विश्ववाड्भिः |
| विश्वौहे | विश्ववाड्भ्याम् | विश्ववाड्भ्यः |
| विश्वौहः | विश्ववाड्भ्याम् | विश्ववाड्भ्यः |
| विश्वौहः | विश्वौहोः | विश्वौहाम् |
| विश्वौहि | विश्वौहोः | विश्ववाट्षु |
| विश्ववाट्-ड् । | | |

આ પ્રમાણે वाह् અંતવાળાના રૂપો કરવા.

૩૪. उशनस् – શુક્રાચાર્ય પું૦ આ શબ્દના રૂપ चन्द्रमस् પ્રમાણે થાય.પરન્તુ પ્ર૦ વિ૦ એ૦ વ૦ માં વિસર્ગ ન લાગે.
દા.ત. उशना ।

૩૫. तुरसाह् + વ્યંજનાદિ પ્રત્યય = तुराषाट्-ड् + વ્યંજનાદિ પ્રત્યય } દા.ત. तुराषाड्भिः,...भ्यः ઈત્યાદિ.

૩૬. जरा, निर्जर + સ્વરાદિ પ્રત્યય = जरस्, निर्जरस् + સ્વરાદિ પ્રત્યય } ←વિકલ્પે
દા.ત. जरा ➡ जरसा/जरया ।

શેષ પ્રત્યય પર जरा ના शाला પ્રમાણે રૂપ થાય
निर्जर ના राम પ્રમાણે રૂપ થાય

૩૭. अर्वान् – ઘોડો પું૦

| | | |
|---|---|---|
| अर्वा | अर्वन्तौ | अर्वन्तः |
| अर्वन्तम् | अर्वन्तौ | अर्वतः |
| अर्वता | अर्वद्भ्याम् | अर्वद्भिः |
| अर्वते | अर्वद्भ्याम् | अर्वद्भ्यः |
| अर्वतः | अर्वद्भ्याम् | अर्वद्भ्यः |
| अर्वतः | अर्वतोः | अर्वताम् |
| अर्वति | अर्वतोः | अर्वत्सु |
| अर्वन् । | | |

૩૮. નીચેના શબ્દોમાં પ્રથમ પાંચ પ્રત્યય છોડીને શેષ સ્વરાદિ પ્રત્યય પર વિકલ્પે આદેશ થાય છે.

• सानु (પુ.નપું.) ➡ स्नु । રૂપ પું. માં गुरु જેવા થાય.
નપું. માં. मधु જેવા થાય.

❁ दन्त (પુ०) दत् રૂપ मरुत् જેવા થાય.
❁ पृतना (સ્ત્રી०) पृत् રૂપ सरित् જેવા થાય.
❁ पाद (પું०) पद् રૂપ विद् જેવા થાય.
❁ असृज् (નપું०) असन् રૂપ नामन् જેવા થાય.
❁ आस्य (નપું०) आसन् રૂપ नामन् જેવા થાય.
❁ उदक (નપું०) उदन् રૂપ नामन् જેવા થાય.
❁ दोस् (પું०નપું०) दोषन् રૂપ नामन् જેવા થાય.
પુ० રૂપ राजन् જેવા થાય.
❁ शकृत् (નપું०) शकन् રૂપ नामन् જેવા થાય.
❁ निशा (સ્ત્રી०) निश् રૂપ विश् જેવા થાય.
❁ मास (પું०) मास् રૂપ चन्द्रमस् જેવા થાય.
❁ मांस (નપું०) मान्स् રૂપ पयस् જેવા થાય.
❁ नासिका (સ્ત્રી०) नस् રૂપ मनस् જેવા થાય.
❁ हृदय (નપું०) हृद् રૂપ विद् જેવા થાય.

૩૯. मास्, मान्स्, શબ્દનો स् વ્યંજન પ્રત્યય પર લોપાય પરન્તુ सु પ્રત્યય પર લોપ ન થાય. मास् ➡ माभ्याम् ।
सु ➡ माःसु–मास्सु । मान्स् ➡ मान्भ्याम् । मान्सु

## સ્વામિત્વ દર્શક પ્રત્યય

(૧) સ્વામિત્વ દર્શક (વાળા) અર્થમાં શબ્દને मत् પ્રત્યય લાગે છે.

**દા.ત** धी (બુદ્ધિ) ➡ धीमत् = બુદ્ધિવાળો

પરન્તુ શબ્દનો અંત્ય કે ઉપાંત્ય વર્ણ म् કાર... હોય અથવા શબ્દને અંતે કે ઉપાંત્યે अ કે आ હોય તો मत् ના સ્થાને પ્રાયઃ वत् લાગે છે.

**દા.ત** लक्ष्मी ➡ लक्ष्मीवत् । (લક્ષ્મીવાળો)

भास् + वत् = भास्वत् ( = કિરણોવાળો) धन + वत् = धनवत् ।

(૨) भूमि શબ્દમાં मत् લાગે. **દા.ત.** भूमिमत् ( = ભુમિવાળો )

સ્વામિત્વ અર્થમાં अ કારાંત શબ્દને इन् પ્રત્યય પણ લાગે.

અને... ત્યારે અંત્ય अ લોપાય.

દા.ત. धन + इन् = धनिन् ।

शश + इन् = शशिन् । दण्ड + इन् = दण्डिन् ।

माया, मेधा તથા अस् અંતવાળા શબ્દોને આ અર્થમાં विन् પ્રત્યય લાગે છે.

- तपस् + विन् = तपस्विन् – तपस्वी ।
- मनस् + विन् = मनस्विन् – मनस्वी ।
- यशस् + विन् = यशस्विन् – यशस्वी ।
- माया + विन् = मायाविन् – मायावी ।

**ના જેવું = સદૃશ અર્થ.**

આ અર્થમાં तद् વગેરે સર્વનામને ત્રણ પ્રત્યયો લાગે.

| | 1 दृश | 2 दृश् | 3 दृक्ष |
|---|---|---|---|
| • તેવું ➡ | तादृश, | तादृश्, | तादृक्ष |
| • તારા જેવું ➡ | त्वादृश | त्वादृश्, | त्वादृक्ष· |
| • કેવું ➡ | कीदृश, | कीदृश्, | कीदृक्ष |
| • મારા જેવુ ➡ | मादृश, | मादृश्, | मादृक्ष |
| • આવું ➡ | ईदृश, | ईदृश्, | ईदृक्ष |

## च्वि પ્રત્યય • अभूततद्भाव

1 જે પહેલા તેવું હતું નહિ તે તેવું અથવા તેના જેવું થયું એવો અર્થ જણાવવા માટે શબ્દને च्वि પ્રત્યય લાગે છે.

2 આમાં શબ્દને ई લાગે. પછી જો શબ્દ કર્મ રૂપ હોય તો कृ અને કર્તા રૂપ હોય તો भू અને ક્યારેક अस् ધાતુના રૂપો લાગે.

દા.ત. (न गङ्गा) अगङ्गा गङ्गा इव भवति = गङ्गीभवति ।

(न स्वं ) अस्वं स्वं करोति–स्वीकरोति ।

## ई લાગતા થતા ફેરફાર

૧. અવ્યય સિવાયના अ કારાંત તથા आ કારાંત શબ્દના अ – आ નો લોપ થાય. (તેના સ્થાને દીર્ઘ ई લાગે) દા.ત. धनीभवति । गंगीभवति ।

૨. અંત્ય સ્વર इ કે उ હોય તો દીર્ઘ થાય. ई ન લાગે.

દા.ત शुचि ➡ शुचीभवति । पटु ➡ पटूभवति ।

૩. અંત્ય સ્વર હ્રસ્વ ऋ હોય તો री થાય ई ન લાગે. દા.ત. मातृ → मात्रीकरोति ।
૪. न् કારાંત તથા मनस्, अरुष् चक्षुष्, चेतस्, रहस्, रजस् શબ્દના અંત્ય વ્યંજનનો લોપ થાય. દા.ત. राजन् → राजीभवति । चेतस् → चेतीभवति ।

## અધિક્તા અને શ્રેષ્ઠતા દર્શક વિશેષણ

અધિક્તા – બે વસ્તુમાંથી એકમાં બીજા કરતા અધિક પણું– વધુપણું બતાવવું હોય તે અર્થમાં तर પ્રત્યય લાગે છે. દા.ત. द्वाभ्यां अधिकतरः ।

શ્રેષ્ઠતા – તેવા પ્રકારની બધીય વસ્તુમાં તેની શ્રેષ્ઠતા બતાવવી હોય (સર્વાધિકપણું બતાવવું હોય) તો... तम . પ્રત્યય પણ લાગે છે.

દા.ત. सर्वेषु अधिकतमः ।

तर અર્થમાં ईयस् અને..तम અર્થમાં इष्ठ પ્રત્યય લાગે છે.

દા.ત. महत् → महीयस् महिष्ठ । लघु → लघीयस् लघिष्ठ ।

આને तर – तमभाव કહેવાય છે.

### નિયમ

૧.ईयस्–इष्ठ પ્રત્યય લાગતા પહેલાં શબ્દના અંત્યસ્વરનો અથવા અંત્ય વ્યંજન સહિત ઉપાંત્ય સ્વરનો લોપ થાય છે દા.ત. लघु + ईयस् = लघ् + ईयस् = लघीयस् । लघु + इष्ठ = लघ् + इष्ठ = लघिष्ठ ।
महत् + ईयस् = मह् + ईयस् = महीयस् ।
महत् + इष्ठ = मह् + इष्ठ == महिष्ठ ।

૨. ईयस् – इष्ठ પ્રત્યય ગુણવાચી વિશેષણને લાગે છે. ધાતુ સાધિત વિશેષણને લાગતા નથી. तर–तम પ્રત્યય બધાયને લાગે છે.

દા.ત. पृथु → प्रथीयस्, प्रथिष्ठ। पाचकतर पाचकतम ।

3. पृथु, मृदु, भृश, कृश, दृढ, परिवृढ શબ્દના ऋ નો र થાય છે.

દા.ત.पृथु → प्रथीयस् – प्रथिष्ठ । मृदु → म्रदीयस् – म्रदिष्ठ ।

૪ स्थुल, दूर, ह्रस्व, क्षिप्र, क्षुद्र માં A. અંત્ય સ્વર સહિત વ્યંજન લોપાય તથા युवन् શબ્દમાં वन् નો લોપ થાય અને....B. લોપ થાય પછી અંત્ય સ્વરનો અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. स्थुल → स्थुल स्थो = स्थवीयस्–स्थविष्ठ ।
दूर → दूर – दो = दवीयस् – दविष्ठ ।

हस्व ➡ हस् = हसीयस् – हसिष्ठ ।

युवन् ➡ यु–यो = यवीयस् –यविष्ठ ।

૫. મૂળ શબ્દોને પ્રત્યય લાગી વિશેષણ બન્યા હોય તો ईयस् – इष्ठ પ્રત્યય લાગતા પહેલા તે પ્રત્યયો લોપાય. દા.ત. बलवत् અહીં वत् લોપાય તેથી.. बल + इयस् = बलीयस् । बल + इष्ठ = बलिष्ठ ।

**કેટલાક શબ્દના અનિયમિત રીતે ईयस् – इष्ठ લાગીને બનેલા વિશેષણ**

१. प्रशस्य ➡ श्रेयस् श्रेष्ठ । | २. अंतिक ➡ नेदीयस् – नेदिष्ठ ।

३. वृद्ध ➡ वर्षीयस् वर्षिष्ठ । ज्यायस् ज्येष्ठ ।

४. युवन् ➡ यवीयस् यविष्ठ । कनीयस् कनिष्ठ ।

५. अल्प ➡ कनीयस् कनिष्ठ । अल्पीयस् – अल्पिष्ठ ।

६. बाढ ➡ साधीयस् – साधिष्ठ । | ७. प्रिय ➡ प्रेयस्–प्रेष्ठ ।

८. स्थिर ➡ स्थेयस् – स्थेष्ठ । | ९ स्फिर ➡ स्फेयस्–स्फेष्ठ ।

१० गुरु ➡ गरीयस् गरिष्ठ । | ११ उरु ➡ वरीयस् वरिष्ठ ।

१२ बहुल ➡ बंहीयस् बंहिष्ठ । | १३. बहु ➡ भूयस् भूयिष्ठ ।

१४ दीर्घ ➡ द्राघीयस् द्राघिष्ठ ।

## પુંલિંગ / નપુંસક લિંગ રૂપ

- इयस् અંતવાળાના રૂપ श्रेयस् શબ્દ જેવા થાય.
- इष्ठ અંતવાળાના પું. રૂપ देव અને નપું. રૂપ वन પ્રમાણે છે.

## સ્ત્રી લિંગ રૂપ

- इयस् ને દીર્ઘ ई લાગી नदी જેવા રૂપ થાય. દા.ત. श्रेयसी ।
- इष्ठ ने आ લાગી माला જેવા રૂપ થાય. દા.ત. श्रेष्ठा

## तर–तम प्रत्यय

(तर) ➡ અધિકતા દર્શક પ્રત્યય. (तम) ➡ શ્રેષ્ઠતા દર્શક પ્રત્યય.

આ બન્ને પ્રત્યયો વિશેષણને, ક્રિયાપદના રૂપને., તથા કેટલાક અવ્યયને લાગે.

- लघुतर – लघुतम । • पाचकतर तम । • उच्चैस्तर–उच्चैस्तम ।

★ ધાતુમાં તથા કેટલાક અવ્યયોમાં અધિકતા–શ્રેષ્ઠતા બતાવવા માટે કેટલીક વાર तर–तम પ્રત્યયના સ્થાને तराम्–तमाम् પ્રત્યય લાગે છે.

દા.ત. • पचतितराम् – पचतितमाम् • उच्चैस्तराम् – तमाम्

★ तर–तम અંતવાળા નામને સ્ત્રી૦માં आ પ્રત્યય લાગી माला જેવા રૂપ કરવા.

## પ્રેરક રૂપના નિયમ

*દરેક ધાતુના પ્રેરક રૂપ થઈ શકે છે.

*પ્રેરક ધાતુના=બીજા પાસે (જડ કે ચેતન) ક્રિયા કરાવવી કે તે ક્રિયામાં બીજાને પ્રેરણા કરવી આવું જણાવવા થતોપ્રયોગ પ્રેરક કહેવાય છે.

દા.ત. 'મેં ખાધું' આ વાક્યમાં બોલનાર વ્યક્તિ સ્વયં ખાનાર છે. તેથી અહી પ્રેરકભેદ નથી. પરન્તુ... 'મેં ખવડાવ્યું' અહી તેને ખાવાની ક્રિયા કરવામાં બીજા તરફથી પ્રેરણા મળે છે. માટે પ્રેરક કહેવાય.

गम् ➡ એટલે જવું. गमय ➡ એટલે મોકલવું.

करोति = તે કરે છે. कारयति = તે કરાવે છે.

૧. સામાન્ય વાક્ય નો કર્તા સામાન્યકર્તા કે <u>પ્રયોજ્ય કર્તા</u> કહેવાય. અને તે જ ક્રિયામાં જે પ્રેરક બને તે <u>પ્રયોજક કર્તા</u> કહેવાય છે.

દા.ત. रामः गच्छति = રામ જાય છે. અહી राम કર્તા છે.

दशरथः रामं गमयति = દશરથ રામને મોકલે છે. અહી દશરથ પ્રેરક છે.राम પ્રયોજ્યકર્તા છે.

૨. પ્રેરક બનાવવા માટે ધાતુ પર દસમા ગણની જેમ ગુણ-વૃદ્ધિના નિયમ તથા अय લાગે. દશમા ગણના ધાતુનું મૂળ રૂપ જ પ્રેરક રૂપ બને છે. આ પ્રેરક રૂપો ઉભયપદી છે.

દા.ત गण् ➡ गणयति – गणयते ।

3. ધાતુના અંત્ય ए ऐ ओ औ નોआ થાય છે. દા.ત. धे ➡ धाययति ।

૪.● अम् ➡ જવું ● कम् ➡ ચાહવું

● चम् ➡ ખાવું ● यम् ➡ દમન કરવું

આ સિવાયના अम् અંતવાળા અને..નીચેના ધાતુમાં વૃદ્ધિ ન થાય.

अक्, स्तक्, चक्, कख्, कग्, अग्, हग्, लग्, रग्, सग्, स्तग्, क्षञ्ज्, रञ्ज्, घट्, वट्, भट्, नट् गड्, लड्, हेड्, फण्, कण्, रण्, शण्, श्रण्, क्वथ्, क्रथ्, प्रथ् व्यथ्, श्रथ्, कन्द्, क्लन्द्, छन्द्, मद्, स्खद्, म्रद्, चन्, जन्, ध्वन्, वन्, स्वन्, लग्, ज्वर्, त्वर्, ज्वल् ह्वल्, ह्मल्, चल्, दक्ष्, कस्, प्रस् स्मृ, दृ नृ, श्रा, ज्ञा (હણવું) વગેરે. દા.ત. अक् ➡ अकयति । रञ्ज् ➡ रञ्जयति ।

**અપવાદ** અનુપસર્ગ वम्, नम् वन् ज्वल्, ह्वल्, ह्मल्, ધાતુમાં વિકલ્પે વૃદ્ધિ થાય. ઉપર્સગ હોય તો ન થાય. **દા.ત.** नम् नमयति – नामयति ।
प्र + नम् ➜ प्रणमयति ।

૫ I . पा (૧ ગણ પીવું) पा (૨ ગણ રક્ષણ કરવું ) આ બે ધાતુ સિવાયના आ કારાંત ધાતુ, તથા II वे (હલાવવું) व्ये, ह्वे, शो, छो सो સિવાયના ए ऐ औ કારાંત ધાતુ, III તથા ऋ, ह्री, री, ब्ली ધાતુમાં अय ના બદલે पय લાગે.**દા.ત.** ● दा, दे, दो ➜ दापयति । धे ➜ धापयति । गै गापयति। ऋ (૯ ગણ જવું, । ૪ ગણ વહેવું) अर्पयति री ➜ रेपयति ।
**પરન્તુ** शो ➜ शाययति । ह्वे ➜ ह्वाययति ।

૬. मि, मी, दी, जि, क्री ધાતુમાં અંત્ય સ્વરનો आ થાય. પછી पय લાગે છે. **દા.ત** मि (ફેંકવું) मी નાશ કરવો ➜ मापयति ।
जि. ➜ जापयति । क्री ➜ क्रापयति ।

૭. क्षै, श्रा, श्रै, ज्ञा ધાતુમાં સ્વર હ્રસ્વ થાય. તેમજ અનુપસર્ગ स्ना ग्लै ધાતુમાં વિકલ્પે હ્રસ્વ થાય છે. ઉપસર્ગ હોય ત્યારે દીર્ઘ જ રહે.
**દા.ત.** क्षै ➜ क्षपयति । श्रै ➜ श्रपयति । ज्ञा ➜ ज्ञपयति
(ज्ञा જાણવું હોય તો ज्ञापयति થાય) स्ना ➜ स्नपयति स्नापयति
ग्लै ➜ ग्लपयति ग्लापयति ઉપસર્ગ હોય ત્યારે– उपस्नापयति प्रग्लापयति

૮. जभ्, रध्, रभ्, लभ् ધાતુમાં અનુનાસિક ઉમેરાય.
**દા.ત.** जभ् ➜ जम्भयति । रध् ➜ रन्धयति ।

૯. गुप् વગેરે પાંચ ધાતુના પ્રેરક રૂપ બે પ્રકારે થાય. 1 મૂળધાતુ પર अय લગાવીને. **દા.ત.** गुप् + अय + ति = गोपयति । 2 आय ઉમેરી ઉપર अय લગાવીને **દા.ત.** गुप्–आय + अय + ति = गोपाययति ।

૧૦. दीधी, वेवी, दरिद्रा ધાતુનો અંત્ય સ્વર લોપાય અને अय લાગે.
**દા.ત.** दीधी दीधयति । वेवी वेवयति । दरिद्रा दरिद्रयति ।

## ૧૧ નીચેના ધાતુઓના રૂપના આદેશ

| ધાતુ | અર્થ | રૂપ | ધાતુ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|---|
| इ | જવું. | गमयति । | अधि + इ | સ્મરણકરવું | अधिगमयति । |
| अधि+इ | ભણવું. | अध्यापयति। | प्रति + इ | પ્રતીતિકરવી | प्रत्याययति । |

| ધાતુ | અર્થ | રૂપ | ધાતુ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|---|
| क्नु- | અવાજ કરવો. | क्नोपयति | रुह् | ઉગવું | रोहयति-रोपयति |
| क्ष्माय् | ધ્રુજવું | क्ष्मापयति | ला | લાલન કરવું | लालयति । |
| गूह् | છુપાવવું | गूहयति | ली | લય થવો. | लीनयति-लापयति |
| जागृ | જાગવું | जागरयति | वि+ली | વિલય થવો | विलापयति |
| दुष् | પાપ કરવું | दूषयति | वी | જવું | वापयति-वाययति । |
| दुष् | દોષિત કરવું | दूषयति- दोषयति | वे | કંપવું | वाययति । |
| धू | ધ્રુજવું | धूनयति | वा | વીઝવું | वापयति-वाजयति |
| प्री | ખુશ કરવુ | प्रीणयति | वि+स्मि | હસવું | विस्माययति । |
| भी | ભય પામવો | भाययति, भापयति भीषयति | वि+स्मि | આશ્ચર્ય પામવુ | विस्मापयति । |
| मृज् | સાફ કરવું | मार्जयति | शद् | નાશ પામવું | शातयति । |
| रञ्ज् | શિકાર કરવો | रञ्जयति- रजयति | शद् | જવું | शादयति । |
| चि | ભેગું કરવું | चाययति- चापयति | सिध् | તૈયાર કરવું | साधयति । |
| भ्रस्ज् | તળવું | भ्रज्जयति भर्जयति | सिध् | પૂર્ણ કરવું | सेधयति । |
| | | | स्फाय् | સોજો આવવો | स्फावयति । |
| | | | स्फुर् | ધ્રુજવું ચમકવું | स्फोरयति- स्फारयति |
| | | | हन् | હણવું | घातयति । |

## ૧૨ પ્રેરક કર્મણિ

1 ચાર કાળ માંअय લોપાય. દા.ત. बुध् ☞ बोध्यते ।

2 બંને ભવિષ્યકાળ/ સંકેતાર્થમાં વિકલ્પે अय લોપાય.

દા.ત. बुध् ☞ बोधिता बोधयिता । बोधिष्यते-बोधयिष्यते ।

अबोधिष्यत-अबोधयिष्यत ।

ઘ પરોક્ષકાળમાં आम् યુક્ત પરોક્ષ કર્મણિ થાય દા.ત. बोधयांचक्रे ।

4 અદ્યતન પાંચમા પ્રકારમાં વિકલ્પે अय લોપાય. દા.ત. अबोधि-अबोधायि

## ૧૩. પ્રેરક કૃદન્ત

કૃદન્ત માટે દશમા ગણની જેમ નિયમો સમજવા.

**વિશેષ** – ઉપાંત્ય હ્રસ્વ સ્વરવાળા સોપસર્ગ ધાતુને સંબંધક ભૂતકૃદન્તમાં य પ્રત્યય લાગતા પહેલાં अय ના अ નો લોપ થાય.

**દા.ત.** प्रणमय + य = प्रणमय्य ।

## પ્રયોજ્યકર્તાને વિભક્તિવિધાન

**૧) સામાન્ય રીતે તૃતીયા વિભક્તિ લાગે.** **દા.ત.** विरागी संसारं त्यजति = गुरुः विरागिणा संसारं त्याजयति ।

### અપવાદ

**નીચેના પ્રયોગોમાં પ્રયોજ્યકર્તાને દ્વિ. વિભ. આવે છે.**

1 **ગત્યર્થક ધાતુઓ** ☞ मुनिः ग्रामं गच्छति = श्रावकः मुनिं ग्रामं गमयति।

2 **બોધાર્થક ધાતુઓ**– शिष्यः शास्त्रं बोधते = गुरुः शिष्यं शास्त्रं बोधयति।

3 **આહારાર્થક ધાતુઓ**– बालोऽन्नं भुङ्क्ते = माता बालं अन्नं भोजयति ।

4 **શબ્દકર્મક ધાતુઓ**– क्षुल्लकः व्याकरणं पठति = गुरुः क्षुल्लकं व्याकरणं पाठयति ।

5 **અકર્મક ધાતુઓ**– सैनिकाः शेरते = सेनापतिः सैनिकान् शाययति ।

*** અપવાદમાં અપવાદ**

૧. नी, वह्, खाद्, क्रन्द्, शब्दाय **આટલા ધાતુના યોગમાં પ્રયોજ્યકર્તાને તૃતીયા વિભક્તિ આવે.** **દા.ત.** किंकरः भारं वहति= किंकरेण भारं वाहयति।

૨.दृश् **ધાતુના પ્રયોજ્યકર્તાને દ્વિ. વિભ. લાગે.** **દા.ત.** बालः जिनं पश्यति । = जननी बालं जिनं दर्शयति ।

3 हृ कृ **ધાતુના પ્રયોજ્યકર્તાને દ્વિ. /તૃ. વિભક્તિ લાગે.**

**દા.ત.** = चौरो धनं हरति = नायकः चौरं चौरेण वा धनं हारयति ।

श्रावकः सामायिकं करोति = गुरुःश्रावकं श्रावकेण वा सामायिकं कारयति

**૪. સકર્મક ધાતુના કર્મની વિવક્ષા ન હોય ત્યારે દ્વિ./તૃ. વિભ. લાગે**

**દા.ત.** रमेशः करोति

= दिनेशः रमेशं / रमेशेन कारयति ।

# ઈચ્છા દર્શક (સનન્ત)

ઈચ્છાદર્શક રૂપનો અર્થ ક્રિયા કરવાની ઈચ્છા અથવા ક્રિયા કરવાની તૈયારી.
**દા.ત.** गम् ➡ जिगमिष् (ઈચ્છાદર્શક રૂપ) તેનો અર્થ જવાની ઈચ્છા અથવા જવાની તૈયારી• मृ मुमूर्षु = મરવાની તૈયરીવાળો અથવા મરવાની અણી પર હોનાર.

**અપવાદ** ➡

o કેટલાક રૂપો ઈચ્છાદર્શકના ન હોવા છતાં તેવા લાગતા હોય છે.
૧. તેવા રૂપોનો અર્થ ઈચ્છાનો નહિં પરન્તુ સાદો અર્થ કરવો.
૨. તેવા રૂપોને ઈચ્છાદર્શક બનાવવા દ્વિરુક્તિ કર્યા વિના ફરીથી ઈચ્છાદર્શક स् પ્રત્યય લાગે. **દા.ત.** जुगुप्स् (ધૃણા કરવી)जुगुप्स् + इ + ष् + ति = जुगुप्सिषति । જુગુપ્સા કરવા ઈચ્છે છે.

## ઈચ્છાદર્શક બનાવવાના નિયમ

૧) ધાતુમાં આદ્યવ્યંજનની દ્વિરુક્તિ થાય. गम् गगम् ।
પછી ત્રીજા ગણની જેમ દ્વિરુક્તિના નિયમો લાગે.
૨) 1 સેટ્ ધાતુને इ લાગ્યા પછી स् લાગે
2 અનિટ્માં इ ન લાગે તેથી સીધો स् લાગે.
3 ગણકાર્ય કાળોમાં स (अ સ્વર સહિતનો) લાગે.जिगमिषति
3). સંધિના નિયમાનુસાર स्નો ष् થાય. તે વખતે ધાતુના स् નો ष् ન થાય. **દા.ત.** सू ➡ सुसूस् = सुसूष् ।
૪). આત્મનેપદી ધાતુના રૂપો આત્મનેપદમાં થાય. **દા.ત.** मन् ➡ मिमंसते ।
૫) ચાર કાળમાં ધાતુના રૂપો છઠ્ઠા ગણ મુજબ કરવા

## દસ કાળમાં રૂપો

गम् ➡ 1.जिगमिषति 2.अजिगमिषत् 3.जिगमिषतु 4.जिगमिषेत्
5.जिगमिषिता 6.जिगमिषिष्यति 7.जिगमिषांचकार 8.जिगमिष्यात् ।
9.अजिगमिषिष्यत् 10.अजिगमिषिषत् ।

## <u>સેટ્ નો इ લાગવાના નિયમ</u>

1. ग्रह, गुह, હ્રસ્વ ऋ તથા लृ કારાંત અને उ–ऊ કારાંત ધાતુને इ ન લાગે.
**દા.ત.** ग्रह् ➡ जिघृक्षति । भू ➡ बुभूषति ।

**અપવાદ** ऋ (૧ પરસ્મૈ. જવું ) दृ (૬ આ. આદર કરવો)
धृ (૬ આ. ધારણ કરવું) पू (૧ આ.પવિત્ર કરવું) આટલા ધાતુને इ લાગે છે.

**દા.ત.** ऋ ➡ अरिरिषति । दृ ➡ दिदरिषते ।

धृ ➡ दिधरिषते । पू ➡ पिपविषते ।

૨.स्मि, अञ्ज, प्रच्छ्, अश् ધાતુને નિત્ય इ લાગે

**દા.ત.** अञ्ज् ➡ अञ्जिजिषते । स्मि ➡ सिस्मयिषते ।

૩. क्लृप्, वृत्, वृध्, शृध्, स्यन्द् આટલા ધાતુને પરસ્મૈપદમાં इ ન લાગે.

**દા.ત.** क्लृप् ➡ चिक्लृप्सति । वृत् ➡ विवृत्सति - विवर्त्तिषते ।

૪. क्लृप् અને स्यन्द् ધાતુને આત્મનેપદમાં વિકલ્પે इ લાગે છે.

**દા.ત.** क्लृप् ➡ चिकल्पिषते - चिक्लृप्सते ।

स्यन्द् ➡ सिस्यन्दिषते - सिस्यन्त्सते ।

૫. દીર્ઘ ॠ કારાંત ધાતુ , इव् અંતવાળા ધાતુ તથા दरिद्रा, श्रि, ऊर्णु, यु, भृ, वृ, स्वृ, ऋध्, दम्भ्, भ्रस्ज्, ज्ञप्, तन्, पत्, कृत्, चृत्, छृत्, तृद् અને नृत् ધાતુમાં વિકલ્પે इ લાગે **દા.ત.** दिव् ➡ दुद्यूषति-दिदेविषति ।

दरिद्रा ➡ दिदरिद्रासति - दिदरिद्रिषति । श्रि ➡ शिश्रीषति - शिश्रयिषति ।

**અપવાદ** जॄ, पॄ વગેરે દીર્ઘ ॠ કારાંતમાં વિકલ્પે દીર્ઘ ई લાગે છે.

**દા.ત.** जॄ ➡ जिजरीषति । ई લાગી

जिजरिषति । इ લાગી

जिजीर्षति । इ લાગી નહી

2 कॄ (વેરવુ) गॄ ( ગળવું) આ બે ધાતુમાં इ લાગે.

**દા.ત.** कॄ ➡ चिकरिषति । गॄ ➡ जिगरिषति ।

गॄ (૯ગણ) ➡ • जिगरिषति । • जिगरीषति । • जिगीर्षति ।

આમ ત્રણ રૂપ થાય છે.

૬ क्रम्, गम्, स्वृ, ધાતુને પરસ્મૈપદમાં इ લાગે પરન્તુ આત્મનેપદમાં ન લાગે.

**દા.ત.** गम् ➡ जिगमिषति - संजिगंसते ।

क्रम् ➡ चिक्रमिषति - चिक्रंसते । स्वृ ➡ सिस्वरिषति - सुसूर्षति ।

# ગુણ કરવા અંગેના નિયમ

સામાન્યથી ગુણના નિયમ લાગે. ● इ + स् પ્રત્યય વિકારક છે. દા.ત. वृत् ➡ विवर्तिषति विवृत्सति ।दिव् ➡ दिदेविषति । दुद्यूषति ।

એકલો પ્રત્યય અવિકારક છે.

દા.ત. नी ➡ निनी + स् + अ + ति = निनीषति ।

૧.य्, व् સિવાયના વ્યંજનાંત વ્યંજનાદિ ધાતુમાં ઉપાંત્યે રહેલ હ્રસ્વ इ- उ નો इ + ष् લાગે ત્યારે વિકલ્પે ગુણ થાય છે.

દા.ત. द्युत् ➡ दिद्युतिषते - दिद्योतिषते ।

क्लिद् ➡ चिक्लिदिषति, चिक्लेदिषति, चिक्लित्सति ।

૨.रुद् विद्, मुष् ધાતુમાં ગુણ ન થાય. દા.ત. विद् ➡ विविदिषति ।

[illegible] मुष् ➡ मुमुषिषति ।

<u>સામાન્ય નિયમ</u>

૧ ग्रह्, प्रच्छ्, स्वप्, ધાતુમાં સંપ્રસારણ થાય છે.

દા.ત. ग्रह् ➡ जिघृक्षति । प्रच्छ् ➡ पिपृच्छिषति । स्वप्➡ सुषुप्सति ।

૨. इ નો गम् થાય. અભ્યાસના સ્વર પછીના ज् નો ग् ह् નો घ् થાય ( हन् - घन्) चि નો चि કેकि થાય છે.

૩. ધાતુના અંત્ય હ્રસ્વ इ - उ લંબાય છે अधि + इ ના આદેશ अधि + गम् નો તેમજ हन् નો સ્વર લંબાય છે. દા.ત. द्रु➡ दुद्रुषति ।

अधि + इ अधिजिगांसते। - जिघांसति ।અંત્ય હ્રસ્વ /દીર્ઘ ऋ - ॠ નો ईर् થાય છે. દા.ત.कृ ➡ चिकीर्षति मृ ➡ मुमूर्षति तृ ➡ तितीर्षति ।

૪. मि, मी, मा, दा, धा (તેવા અંગવાળા પણ)शक्, पत्, पद्, ધાતુમાં A. ધાતુના સ્વરનો इ થાય. B.દ્વિરુક્તિ ન થાય C.સ્વરાંત ધાતુને स् ને બદલે त्स् લાગે દા.ત. दा ➡ दित्सति । रभ् ➡ रिप्सति ।

૪. A. ***અનિયમિત રૂપ*** प्रति + इ ➡ प्रतीषिषति ।

तन् ➡ तितांसति, तितंसति, तितनिषति ।

दम्भ् ➡ धिप्सति, धीप्सति, दिदम्भिषति ।

ज्ञाप् ➡ ज्ञीप्सती, जीज्ञपयिषति । आप् ➡ ईप्सति ।

पू ➡ पिपविषते । ऋ ➡ अरिरिषति । यु ➡ यियविषति ।

૫. પ્રેરક અને દસમાં ગણમા અંગ ઉપરથી ઈચ્છાદર્શક રૂપ થાય.

**દા.ત.** चुर् ➜ चुचोरयिषति । बुध् ➜ बुबोधयिषति ।

**નોટ** :- અદ્યતન ત્રીજા પ્રકારનો નિયમ છઠ્ઠે લાગે.

**દા.ત.** भू ➜ भावय – बिभावयिषति ।

૬. ज्ञा, श्रु, स्मृ, दृश्, ધાતુના રૂપો આત્મનેપદમાં થાય.

**દા.ત.** ज्ञा ➜ जिज्ञासते ।

૭. ઈચ્છાદર્શક અંગને उ (હ્રસ્વ) લગાડવાથી ઈચ્છાદર્શક નામ બને છે.

**દા.ત.** चिकीर्षुः कटम् ।

૮. ઈચ્છાદર્શક અંગને आ લગાડવાથી ભાવવાચક નામ બને છે.

**દા.ત.** चिकीर्षा = કરવાની ઈચ્છા.

## यङ् પ્રત્યય

નવગણના કોઈપણ વ્યંજનાદિ એકસ્વરી ધાતુના પુનરાવર્તનના અર્થમાં કે આધિક્યના અર્થમાં આ પ્રકાર ના રૂપો થાય.

अट् (જવું) अश् (ખાવું) ऋ (જવું) ऊर्णु (ઢાકવું)

અને.. सूचि सूत्रि मूत्रि ધાતુઓમાં પણ....આ પ્રકારના રૂપો થાય છે.

**દા.ત.** अट् = अटाटचते ।

બધાય રૂપો આત્મનેપદમાં થાય.

## આત્મનેપદી यङ्न्त

૧. ધાતુમાં કર્મણિ પ્રયોગની જેમ બધા ફેરફાર થાય પછી પ્રત્યય લાગે.

**દા.ત.** दा ➜ दीय । नी ➜ नीय । स्मृ ➜ स्मर्य पृ ➜ पूर्य ।

2 घ्रा – ध्मा ધાતુના आ નો ई થાય. અને હ્રસ્વ ऋ નો री થાય

**દા.ત.** घ्रा ➜ घ्रीय ध्मा ➜ ध्मीय कृ ➜ क्रीय.

3. કર્મણિ મુજબ સંપ્રસારણ થાય છે અને शास् નુ शिष्, प्याय् નું पी થાય છે. તથા ઉપાંત્ય इ, उ ऋ, लृ વાળા र्, ल् કારાંત ધાતુઓનો સ્વર દીર્ઘ થાય.

૪. સામાન્ય નિયમ મુજબ દ્વિરુક્તિ થાય. સ્વરાદિમાં પછીના વ્યંજનની દ્વિરુક્તિ થાય. દ્વિરુક્તિના इ, उ નો ગુણ થાય અને. अ નો आ થાય.

पुनः पुनः भवति **અથવા** अतिशयेन भवति = बोभूयते ।

पुनः पुनः पचति = पापच्यते । ऋ ➡ अरार्यते । कृ ➡ चेक्रीयते । व्यच् ➡ विच्य, विविच्य–वेविच्यते ।

૫. अम्, अन् અંતવાળા ધાતુમાં દ્વિરુક્તિના अ પછીન્ લાગે છે. અને अ નો आ થતો નથી.

દા.ત. यम् ➡ यम्य, ययम्य, यंयम्यते । जन् ➡ जंजन्यते–जञ्जन्यते ।

૬. चर्, फल्, जप्, जभ्, दह्, दंश्,भञ्ज्, पश्, ધાતુમાં પણ નિયમ (૫) લાગે. चर् ➡ चंचूर्यते – चञ्चूर्यते । जप् ➡ जंजप्यते / जञ्जप्यते

૭. वञ्च्, स्रंस्, ध्वंस्, भ्रंस्, कस्, पत्, पद्, स्कन्द् ધાતુમાં દ્વિરુક્તિ પછી नी લાગે છે. અને अ નો आ ન થાય.

દા.ત. वञ्च् ➡ वनीवच्यते पत् ➡ पनीपत्यते

૮. ઉપાંત્યે ऋ , ऌ (મૂળધાતુ કે સંપ્રસારણથી) વાળા ધાતુઓમાં દ્વિરુક્તિ પછી री લાગે છે. अ નોआ થતો નથી

દા.ત. ग्रह् ➡ जरीगृह्यते । वृत् ➡ ववृत्य, वरीवृत्यते ।

૯. આ પ્રત્યય પર રૂપો ચોથો ગણ આત્મનેપદ પ્રમાણે થાય છે.

દા.ત. बुध् ➡ बोबुध्यते, अबोबुध्यत, बोबुध्यताम्, बोबुध्येत, बोबुधांचक्रे, अबोबुधिष्ट, बोबुधिता, बोबुधिष्यते, अबोबुधिष्यत, बोबुधिषीष्ट ।

## यङ्लुबन्त (પરસ્મૈ)

ઘણી વારય પ્રત્યયનો લોપ થાય છે. સામાન્ય નિયમ મુજબ દ્વિરુક્તિ થાય છે. દ્વિરુક્ત इ, उ નો ગુણ અને अ નો आ થાય છે. દા.ત. दा ➡ दादा । भू ➡ बोभू નિયમ (૫) (૭) અહી લાગે.

**વિશેષ નિયમ**– ૧ ઉપાંત્યે હ્રસ્વ ऋ કારાંત ધાતુમાં દ્વિરુક્ત अ પછી र्, रि, કે री લાગે. દા.ત.वृत् ➡ वर्वत्, वरिवृत् वरीवृत् ।

૨ ઉપાંત્યે હ્રસ્વ ऌ કારાંત ધાતુમાં દ્વિરુક્ત अ પછી ल् लि કે ली લાગે છે.

દા.ત. क्लृप् ➡ चल्क्लृप्, चलिक्लृप्, चलीक्लृप् ।

૩ આના રૂપ ત્રીજો ગણ પરસ્મૈપદ પ્રમાણે .

भू ➡ बोभोति–बोभवीति । अबोभोत् । अबोभवीत । बोभोतु–बोभवीतु । बोभूयात् । बोभविता । बोभविष्यति । अबोभविष्यत् । बोभूयात् । बोभाव / बोभवाञ्चकार । अबोभावीत् / अबोभवीत् अबोभोत् / अबोभूत्।

# સમાસ પ્રકરણ

**સમાસ લક્ષણ** ➡ બે કે તેથી વધારે પદોને જોડી એકપદ બનાવવું તે સમાસ

<u>સમાસ ના ઉપયોગી મુદ્દાઓ</u> **(સમાસ સુબોધિકામાંથી લીધેલા)**

*સમાસમાં વપરાયેલ છેલ્લા નામ સિવાયનું નામ જો સ્વરાંત હોય તો મૂળ શબ્દ કાયમ રહે છે. જેમકે हरिगोविन्दौ । અને જો વ્યંજનાંત હોય તો भ्याम् પ્રત્યય પૂર્વે જે અંગ હોય એ અંગ લેવાય છે. **દા.ત.** विद्वज्जनः ।

**<u>અપવાદ</u>** – કર્મધારય અને બહુવ્રીહિ સમાસનું પ્રથમ પદ જો महत् હોય તો તેનું महा થાય છે. **દા.ત.**महापुरुषः। અને જો પ્રથમ પદ સર્વનામ હોય તો મૂળ શબ્દ આવે છે.**દા.ત.**तस्य पुस्तकं = तत्पुस्तकम् ।अस्माकं गृहं = अस्मद्गृहम् । પરન્તુ....अस्मद् અને युष्मद् પૂર્વપદ તરીકે એક વચનમાં હોય તો ક્રમશ मत् અને त्वत् થાય. જેમકે मम पिता = मत्पिता ।तव माता = त्वन्माता ।

* સમાસના અર્થ પ્રમાણે દરેક પદોને વિભક્તિ લગાડી છૂટાં પાડવા અથવા અર્થ અનુસાર જરૂર પ્રમાણે શબ્દો ઉમેરીને પણ છૂટા પાડવા તે સમાસનો વિગ્રહ કહેવાય છે. **દા.ત.** राजपुरुषः = राज्ञः पुरुषः ।

**દ્વન્દ્વાદિ સમાસ લક્ષણ કારિકા** चकारबहुलो द्वन्द्वः, स चासौ कर्मधारयः ।
यस्य येषां बहुव्रीहिः शेषस्तत्पुरुषः स्मृतः ॥

## સમાસ પ્રકાર

(૧) દ્વન્દ્વ (૨) તત્પુરુષ (૩) બહુવ્રીહિ (૪) અવ્યયીભાવ (૫) સુપ્સુપ

**(૧) દ્વન્દ્વ સમાસ લક્ષણ**

જ્યારે બે અથવા તેથી વધારે પદો च (= અને) થી યુક્ત હોય ત્યારે च નો લોપ કરી તે પદોને જોડવા તે **દ્વન્દ્વ સમાસ કહેવાય છે.**

દ્વન્દ્વ

1 इतरेतर 2 समाहार 3 एकशेष

1 इतरेतर–જે સમાસના તમામ પદ મુખ્ય હોય તે.

૧) આ સમાસમાં બે વસ્તુનો સમુચ્ચય હોય તો દ્વિવચન અને તેથી વધારે વસ્તુઓનો હોય તો બહુવચન થાય. અને સમસ્ત સમાસનું લિંગ અંતિમ શબ્દ

પ્રમાણે આવે દા.ત. रामश्च भरतश्च = रामभरतौ ।
जनकश्च पुत्रौ च = जनकपुत्राः । रामश्च लक्ष्मणश्च भरतश्च = रामलक्ष्मणभरताः । सर्पश्च कुक्कुटश्च मयूरी च=सर्पकुक्कुटमयूर्यः इमाः ।

<u>અપવાદ</u> 1 अश्वश्च वडवा च अश्ववडवौ અહીં અંતિમ વડવા શબ્દ સ્ત્રીલિંગ છતાં સમસ્ત સમાસનું લિંગ પું. થાય છે.

2 अहश्च रात्रिश्च = अहोरात्रः અહી रात्रि શબ્દ સ્ત્રીલિંગ છતાં અંતે પું. એક વચનનો પ્રયોગ થાય છે.

૨) પરસ્પર યોનિનો સંબંધ ધરાવનાર અથવા...
વિદ્યાનો સંબંધ ધરાવનાર ऋ કારાંત નામ અંતે હોય તો છેલ્લા શબ્દની પૂર્વના શબ્દના ऋ નો आ થાય છે . દા.ત. होता च पोता च नेष्टा च = होतृपोतानेष्टारः । माता च पिता च = मातापितरौ ।
સમાસમાં જો पुत्र શબ્દ હોય તો પણ આ નિયમ લાગે.
દા.ત. पिता च पुत्रश्च = पितापुत्रौ

<u>દેવતા દ્વન્દ્વસમાસ</u> – વેદમાં પ્રસિદ્ધ દેવતા વાચક શબ્દ વપરાયેલા હોય ત્યારે આ સમાસ થાય છે.

A वायु સિવાયના પ્રસિદ્ધ સાહચર્ય સંબંધ ધરાવનાર દેવોના દ્વન્દ્વસમાસ કરતાં પહેલા પૂર્વવર્તી શબ્દનાઅંત્ય સ્વરનો आ કરવો.
દા.ત. सूर्यश्च चन्द्रमाश्च = सूर्याचन्द्रमसौ ।अग्निश्च मरुच्च =अग्नामरुतौ ।
પરન્તુ अग्निश्च वायुश्च = अग्नीवायू કે वाय्वग्नी ।

નોટ :- अग्नि શબ્દ પછી सोम કે वरुण શબ્દ આવે તો अग्नि નો इ દીર્ઘ થાય.
अग्निश्च सोमश्च = अग्नीसोमौ । वरुणश्च = अग्नीवरुणौ ।

<u>સમાહાર દ્વન્દ્વ</u> – આ સમાસ, સમાસમાં આવેલા પદોના વાક્યોના સમુદાયને પ્રધાન કરે છે. (૧) સમાસના વિગ્રહમાં અનેક પદ હોવા છતાંસમાસ થયા પછી રૂપ નપુંસક એકવચનમાં જ આવે દા.ત. आहारश्च निद्रा च भयं च = आहारनिद्राभयम् ।

નોટ :- સમૂહ અર્થ જાણવા માટે વિગ્રહમાં સમાસમાં આવેલ પદની સંખ્યા પ્રમાણે एतद् સર્વ નામના ષષ્ઠી વિભક્તિના રૂપને સમાહાર શબ્દ સાથે જોડવામાં આવે છે. દા.ત. आहारश्च निद्रा च भयं च (एतेषां समाहारः)

= आहारनिद्राभयम् ।

**૨) સમાસમાં દ્વન્દ્વ નીચેના સ્થાનોમાં થાય.**

૧. શરીરના અંગ ➡ हस्तौ च पादौ च (एतेषां समाहारः) = हस्तपादम् ।

૨. જન્મજાત નૈસર્ગિક વૈરી પ્રાણી ➡ सर्पनकुलम् ।

૩. વાજીંત્રના સાધન ➡ वेणुश्च मृदङ्गं च = वेणुमृदङ्गम्

૪. ગુણ સિવાયના જડપદાર્થ ➡ शाकश्च अपूपश्च = शाकापूपम्

ગુણહોય તો ➡ शब्दश्च स्पर्शश्च = शब्दस्पर्शौ ।

૫. જીવજંતુ વાચક શબ્દ ➡ यूका च लिक्षा च =यूकालिक्षम् ।

૬. ભિન્ન લિંગવાળાનદી કે દેશવાચી નામ ➡ गङ्गा च शोणश्च = गंगाशोणम् ।

कोसलाश्च कुरुक्षेत्रं च = कोसलकुरुक्षेत्रम् ।

**નોટ :-A સમાનલિંગ હોય તો ન થાય.**

**દા.ત.** गङ्गा च यमुना = गङ्गायमुने इमे ।

**B ગ્રામ કે નગર વાચક શબ્દ હોય તો ન થાય**

**દા.ત.** सुरतश्च भरुचश्च = सुरतभरुचौ ।

**૩) વિકલ્પે સમાહાર દ્વન્દ્વ સમાસ વૃક્ષ, મૃગ, તૃણ, ધાન્ય, મસાલા પશુવાચી પંખી નામનો તથા** पूर्व / अपर, अधर / उत्तर वडवा **આ જોડકા નો વિકલ્પે સમાહાર. દા.ત.** वृक्ष ➡ आम्रश्च नींबश्च = आम्रनींबौ ।

मृग ➡ रुरुकृष्णसारम्–रुरुकृष्णसाराः । तृण ➡ कुशकाशम् कुशकाशाः ।

धान्य ➡ यवगोधूमम् यवगोधूमाः । पंखी ➡ शुककपोतम् – शुककपोताः।

**જોડકામાં** ➡ अश्ववडवम् – अश्ववडवौ । पूर्वापरम् – पूर्वापरे ।

अधरोत्तरम् – अधरोत्तरे ।

**૪) ઉપરના બે (૨/૩) નિયમ માટેના વિશેષ નિયમો**

1 **છેલ્લા શબ્દના અંતે.. તાલવ્ય** द्, ष्, **કે** ह् **હોય તો તેમાં** अ **ઉમેરાય.**

**દા.ત.** वाक् च त्वक् च = वाक्त्वचम् ।

2 **અંત્ય દીર્ઘ સ્વર હ્રસ્વ થાય.**ए – ऐ **નો** इ **અને** ओ–औ **નો** उ **થાય છે.**

**દા.ત.** यूका च लिक्षा च=यूकालिक्षम् ।धानाश्च शष्कुल्यश्च = धानाशष्कुलि ।

**૫) ગુણવાચક શબ્દ પરસ્પર વિરોધી હોય તો વિકલ્પે સમાહાર થાય.**

**દા.ત.**सुखं च दुखं च = सुखदुखम् **અથવા** सुखदुःखे ।

**૬) નીચેના શબ્દો બહુવચનમાં હોય તો જ સમાહાર થાય.**

સેનાનાઅંગ ➜ रथिकाश्च अश्वारोहाश्च = रथिकाश्वारोहम् ।

फल ➜ बदराणि च आमलकानि च = बदरामलकम् ।

વનસ્પતિ વગેરે ➜ प्लक्षाश्च न्यग्रोधश्च = प्लक्षन्यग्रोधम् ।

પરન્તુ बदरं च आमलकं च = बदरामलके ।

रथिकश्च अश्वारोहश्च = रथिकाश्वारोहौ ।

प्लक्षश्च न्यग्रोधश्चेति प्लक्षन्यग्रोधौ ।

એકવચનમાં હોવાથી इतरेतर સમાસ થયો.

**૭) <u>અનિયમિત સમાહાર</u>**

- गावश्च अश्वाश्च = गवाश्वम् । • पुत्राश्च पौत्राश्च = पुत्रपौत्रम् ।
- स्त्रीकुमारम् । • उष्ट्रखरम् । • उष्ट्रशशम् । • मासशोणितम् ।
- दर्भशरम् । • दासीदासम् । • तृणोपलम् । ઈત્યાદિ...

**૮) <u>નિત્ય ઈતરેતર દ્વન્દ્વ</u>**

- दधि च पयश्च = दधिपयसी । • सर्पिमधुनी । • ऋक्सामे ।
- शुक्लकृष्णौ । • इध्माबर्हिषी ।• अध्ययनतपसी । • आद्यवसाने ।
- उलूखलमूसले । • वाङ्मनसे ( વિશેષ નિયમથી मनस् માં અઉમેરાયો)।

**૯) <u>દ્વન્દ્વ સમાસમાં શબ્દમાં થતા ફેરફાર</u>**

- द्यौश्च पृथिवी च = द्यावापृथिव्यौ । • द्यौश्च पृथिवी च =रोदसी ।
- द्यावाभूमि । द्यावाक्ष्मे । • उषश्च सूर्यश्च = उषासासूर्यम् ।
- जाया च पतिश्च = जायापती, जम्पती, दम्पती ।
- अक्षिणी च भ्रुवौ च =अक्षिभ्रुवम् ।• स्त्री च पुमांश्च = स्त्रीपुंसौ ।
- धेनुश्च अनड्वान् च = धेन्वडुहौ ।• दाराश्च गावश्च = दारागवम् ।
- ऊरु च अष्ठीवन्तौ च = ऊर्वष्ठीवम्।• नक्तं च दिवा च =नक्तंदिवम् ।
- रात्रौ च दिवा च = रात्रिन्दिवम् ।• अहनि च दिवा च =अहर्दिवम्।

**3. एकशेष द्वन्द्व**

**<u>લક્ષણ</u> ➜ એક જ શબ્દ બે વાર અથવા તેથી વધારે વાર સાથે આવે અથવા એક જ વર્ગના એક સ્ત્રીલિંગ અને એક પુંલ્લિંગ એમ બે શબ્દો આવે તો તેનો સમાસમાં એક જ પદ રાખી શેષ પદનો લોપ કરવો તે.**

A. એક શબ્દ બેકે વધુ વાર આવે ત્યારે એકવાર દ્વિવચન કે બહુવચનમાં લખાય

**દા.ત.** • रामश्च, रामश्च, रामश्च रामाः ।

B. એક જ વર્ગના સ્ત્રી અને પુરુષ હોય તો પું. કાયમ રહે. અને જો નપુંસક હોય તો તે કાયમ રહે.

**દા.ત.** • माता च पिता च = पितरौ ।•ब्राह्मणश्च ब्राह्मणी च = ब्राह्मणौ।

• भ्राता च स्वसा च = भ्रातरौ । • तटः तटी तटम् = तटानि ।

## ☙ દ્વન્દ્વ સમાસમાં શબ્દોને ગોઠવવાનો ક્રમ ☙

૧. इ, उ કારાંત શબ્દ પ્રથમ મૂકવો.

**દા.ત.** शकुनिश्च भीमश्च = शकुनिभीमौ. हरिश्च हरश्च = हरिहरौ

પણ हरहरी ન થાય हरिहरगुरवः हरिगुरुहराः થાય.

૨. સ્વરાદિ શબ્દ પ્રથમ આવે છે.

**દા.ત.** अश्वश्च रथश्चेति = अश्वरथौ થાય પણ...रथाश्वौ ન થાય.

૩. જ્યાં એકથી વધુ સ્વરાદિ શબ્દ હોય ત્યાં अ કારાન્ત શબ્દ પ્રથમ આવે

**દા.ત.** इन्द्रश्च अग्निश्च= इन्द्राग्नी પરન્તુ अग्नीन्द्रौ ન થાય.

૪. અલ્પ સ્વર અને હ્રસ્વસ્વરવાળા પ્રથમ મૂકાય.

**દા.ત.** हरिश्च धनंजयश्च = हरिधनंजयौ પણ धनंजयहरी ન થાય.

कुशश्च काशश्च = कुशकाशौ ।

૫. ઋતુ અને નક્ષત્રના નામ ક્રમ પ્રમાણે. બ્રાહ્મણાદિ જાતિના, આશ્રમના, વેદના નામ ઊંચતાના ક્રમે, અને પૂજ્યોના સમુદાયમાં વધુ પૂજનીય સૌ પ્રથમ મુકાય.

**દા.ત.** • हेमन्त शिशिरवसन्ताः • कृत्तिकारोहिण्यौ • युधिष्ठिरभीमौ ।

ब्राह्मणक्षत्रियविट्शूद्राः । • ब्रह्मचर्यगार्हस्थ्ये । • ऋक्सामयजुंषि

• नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ।

## તત્પુરુષ સમાસ

**તત્પુરુષ**

૧. વિભક્તિ

૨. नञ्

૩. કર્મધારય.

૪. દ્વિગુ

૫. પ્રાદિ

૬. ગતિ

૭. ઉપપદ

• આ સમાસ ઉત્તરપદ પ્રધાન છે. •ઉત્તરપદના લિંગ જાતિ લાગે.

• વિગ્રહ કરતી વખતે એને પ્રથમાવિભક્તિ લાગે.

• ઉત્તરપદ સ્ત્રી હોય અને आ, ई, ऊ હોય તો તે હ્રસ્વ થાય છે. गो નું गु થાય છે.

દા.ત. • प्राप्तः जीविकां = प्राप्तजीविकः ।• बहुनाडिः । • अतिमालः ।

• पञ्चगुः । कल्याणपञ्चमीकः આ સ્થાને અંતે ન હોવાથી હ્રસ્વ ન થાય

જે શબ્દમાં સ્ત્રી પ્રત્યયના ई કે ऊ ન હોય તે હ્રસ્વ ન થાય.

દા.ત. • सुष्ठु धीः सुधीः ।

## ૧. વિભક્તિ તત્પુરુષ

<u>લક્ષણ</u> ➡ પ્રથમા વિભક્તિ સિવાયના છ વિભક્તિથી વિગ્રહ પામનારો તત્પુરુષ સમાસ એ વિભક્તિ તત્પુરુષ સમાસ.આના દ્વિતીયા વિભક્તિ તત્પુરુષ તૃતીયા વિભક્તિ તત્પુરુષ વગેરે <u>છ ભેદ</u> છે.

### 1. <u>દ્વિતીયા વિભક્તિ</u>

A. I દ્વિતીયા વિભક્તિ વાળા નામનો श्रित, अतीत, पतित, गत, अत्यस्त, प्राप्त, आपन्न, गमी बुभुक्षु વગેરે ઈચ્છાદર્શક નામ આદિ શબ્દો સાથે થાય છે.

દા.ત. • कृष्णं श्रितः = कृष्णश्रितः ।• दुःखं अतीतः = दुःखातीतः ।

• सुखापन्नः । • अन्नबुभुक्षुः ।• ग्रामगतः ।• तरंगात्यस्तः । ઈત્યાદિ.....

II प्राप्त, आपन्न શબ્દ પ્રથમપદ તરીકે પણ આવે.

દા.ત. • प्राप्तजीविकः,• जीविकाप्राप्तः ।• जीविकापन्नः ।

B. કોઈ પણ કાર્ય અથવા સ્થિતિની સાથે પૂર્વપદમાં દ્વિતીયાન્ત કાલવાચી શબ્દ આવે ત્યારે થાય. દા.ત. • संवत्सरं वासः = संवत्सरवासः ।

• मुहूर्तं सुखम् = मुहूर्तसुखम् ।

C. <u>નિત્ય સમાસ</u> – खट्वारूढः (મૂર્ખ) આવા સમાસનો વિગ્રહ ન થાય. જો કરીએ તો અર્થ બદલાય જાય. દા.ત. खट्वाम् आरूढः (=પલંગ પર ચઢેલો)

### 2 <u>તૃતીયા વિભક્તિ</u>

I તૃતીયાન્ત નામનો पूर्व, सदृश, सम, ऊन, ऊन વાચી તથા कलह, निपुण, मिश्र,श्लक्ष्ण, अवर વગેરે શબ્દો સાથે થાય . દા.ત. मासेन पूर्वः = मासपूर्वः । मात्रा सदृशः = मातृसदृशः ।भगिन्या समः = भगिनीसमः ।एकेन ऊनः = एकोनः ।मासेन विकलः = मासविकलः । वाचा कलहः = वाक्कलहः ।

II પૂર્વપદ સાધન અને ઉત્તરપદ કાર્ય રૂપ હોય ત્યારે થાય.

**દા.ત.** शंकुलया खण्डः = शंकुलाखण्डः । वज्रेण व्रणः = वज्रव्रणः ।

**III પૂર્વપદ કર્તા કે સાધન ઉત્તરપદ ધાતુ સાધિત રૂપ હોય ત્યારે થાય.**

**દા.ત.** हरिणा त्रातः = हरित्रातः । नखैः भिन्नम् = नखभिन्नम् ।

**IV જ્યારે अर्थ નો અર્થ ધન હોય ત્યારે તૃતીયાન્તનો अर्थ શબ્દ સાથે થાય.**

**દા.ત.** धान्येन अर्थः = धान्यार्थः ।

**V ઉત્તરપદ ખાવાની વસ્તુ હોય અને પૂર્વપદ તેમાં મિશ્રણ કરવાની વસ્તુ હોય ત્યારે થાય. દા.ત.** गुडेन सह धानाः गुडधानाः । दध्ना ओदनः = दध्योदनः ।

**VI તૃતીયા અલુક્ સમાસ**

**A. સરળતાથી કરેલું =** अञ्जसाकृतम् । **જન્મથી અંધ =** जनुषान्धः ।**વગેરે.**

**જ્યારે...સંજ્ઞાવાચક હોય ત્યારે** मनसागुप्ता । मनसाज्ञायी ।

**નહિંતર** मनोगुप्तः । मनोज्ञायी ।

**B.** आत्मन् **શબ્દનો સંખ્યા પૂરક ઉત્તરપદ સાથે થાય.**

**દા.ત.** आत्मना पञ्चमः इति आत्मनापञ्चमः ।

## 3. ચતુર્થી વિભક્તિ

**(૧) પૂર્વપદ વિકાર (પરિણામ) હોય ઉત્તરપદ વિકારી (પરિણામી) હોય ત્યારે થાય.**

**દા.ત.** कुण्डलाय हिरण्यम् = कुण्डलहिरण्यम् ।

**(૨)** बलि, हित, सुख, रक्षित, **વગેરે શબ્દો સાથે ચતુર્થ્યન્ત નામનો સમાસ થાય.**

**દા.ત.** भूतेभ्यो बलिः = भूतबलिः । गवे हितं = गोहितम् ।

अर्थ **(=પ્રયોજન) શબ્દાન્ત આ ચતુર્થી તત્પુરુષ સમાસ જેનું વિશેષણ હોય તેના લિંગ અને વચનને અનુસરીને વિગ્રહમાં** इदं **શબ્દનું રૂપ લેવું**

**દા.ત.** द्विजाय अयं = द्विजार्थः चरुः । द्विजाय इमे = द्विजार्थे माले ।

द्विजाय इमानि = द्विजार्थानि पुस्तकानि ।

**(૩) ચતુર્થી અલુક્ સમાસ**

परस्मैभाषा, आत्मनेभाषा । परस्मैपदम्, आत्मनेपदम् ।

## 4. પંચમી વિભક્તિ

**I** भय, भीत, भीति, भी **વગેરે ભયવાચક તથા** अपेत, अपोढ **(=રહિત),** मुक्त,पतित, अपत्रस्त **(ત્રાસેલો) વગેરે શબ્દો સાથે પંચમ્યન્ત નામનો આ સમાસ થાય. દા.ત.** चौराद् भयं = चौरभयम् ।

सुखाद् अपेतः = सुखापेतः । चक्रात् मुक्तः = चक्रमुक्तः ।

स्वर्गात् पतितः = स्वर्गपतितः । तरंगात् अपत्रस्तः = तरंगापत्रस्तः ।

**II પંચમી અલુક્ સમાસ**

**પૂર્વપદમાં** स्तोक, अल्प, अन्तिक, **(નજીક)** दूर **તથા તેવા અર્થવાળા** कृच्छ्र **(=કઠિનાઈ) વગેરે શબ્દ હોય અને..ઉત્તરપદમાં કૃદન્ત હોય તો અલુક્ સમાસ થાય.**

स्तोकात् मुक्तः = स्तोकान्मुक्तः । अल्पात् मुक्तः = अल्पान्मुक्तः ।

अन्तिकादागतः । कृच्छ्रादागतः ।

**5. ષષ્ઠી વિભક્તિ તત્પુરુષ**

**A. ષષ્ઠ્યન્ત નામનો બીજા નામ સાથે આ સમાસ થાય.**

राज्ञः पुरुषः= राजपुरुषः । प्रतिक्रमणस्य वेला = प्रतिक्रमणवेला ।

**અપવાદ** I **કર્તા અર્થમાં** तृ **અને** अक **પ્રત્યય લાગેલા ધાતુ સાધિત નામ સાથે ન થાય. દા.ત.** घटस्य कर्त्ता = घटकर्त्ता ।

ओदनस्य पाचकः = ओदनपाचकः । **એમ સમાસ ન થાય. કેમકે કર્તા અર્થમાં** तृ **અને** अक **પ્રત્યય લાગેલા છે.** इक्षूणां भक्षणम् = इक्षुभक्षिका **અહીં** अक **પ્રત્યય કર્તા અર્થમા નથી તેથી સમાસ થયો.**

**પ્રતિ અપવાદ**

1. याजक, पूजक, परिचारक, होतृ भर्तृ,( ધારણઅર્થમાં ન હોય ત્યારે) स्नापक, अध्यापक, उत्सादक (નષ્ટ કરનાર)परिवेषक **શબ્દ સાથે આ સમાસ થાય.**

ब्राह्मणस्य याजकः = ब्राह्मणयाजकः । जिनस्य पूजकः = जिनपूजकः ।
राज्ञः परिचारकः = राजपरिचारकः । भुवः भर्त्ता = भूभर्त्ता । **ઈત્યાદિ....**
**પરન્તુ...**वज्रस्य भर्ता **અહીં સમાસ ન થાય. કેમકે** भर्तृ **શબ્દ ધારક અર્થમાં છે.**

**II. એક જ કૃદન્તના કર્મને જ્યાં ષષ્ઠી વિભક્તિ આવે. અને .. કર્તાને તૃતીયા વિભક્તિ આવે ત્યારે સમાસ ન થાય**

**દા.ત.** आश्चर्यो गवां दोहोऽगोपेन **અહીં સમાસ ન થાય.**

**III. નિર્ધારણ ષષ્ઠી તથા સંખ્યાપૂરક સાથે સમાસ ન થાય**

**દા.ત.**नृणां द्विजः श्रेष्ठः । सतां षष्ठः ।

**IV ગુણના પેટા ભેદ રૂપ કોઈ પણ લૌકિકિ ગુણ વાચી શબ્દ સાથે સમાસ ન થાય**

**દા.ત.** पटस्य शुक्लता ।

**પ્રતિ અપવાદ**

1. द्वितीय, तृतीय, चतुर्थ, तुरीय, तुर्य **જ્યારે સમૂહના એક ભાગને**

જણાવવાના અર્થમાં હોય ત્યારે સંખ્યાપૂરક સાથે સમાસ થાય છે.

**દા.ત** द्वितीयं भिक्षायाः = द्वितीयभिक्षा, भिक्षाद्वितीयम् (ભિક્ષાનો અડધો ભાગ)

**પરન્તુ...** भिक्षुकस्य भिक्षायाः द्वितीयं (=ભિક્ષુકની બીજી વારની ભિક્ષા) અહીં સમાસ ન થાય કેમકે સમૂહના ભાગ અર્થમાં નથી.

B. पूर्व, अपर, अधर, उत्तर અને अर्ध (નપું) ની સાથે અવયવી વાચક ષષ્ઠયન્ત નામનો થાય. અને ત્યારે पूर्व વગેરે શબ્દ પૂર્વપદમાં આવે.

**દા.ત.** कायस्य पूर्वः = पूर्वकायः । (अपरकायः)

पिप्पल्याः अर्धः = अर्धपिप्पली ।

**પરન્તું** ग्रामस्य अर्धः = ग्रामार्धः થાય. કેમકે अर्ध પુંલિંગ છે.

Note નિયમ B માં અવયવ/અવયવી સમાસ છે. તેથી વસ્તુ એકથી વધુ ન હોવી જોઈએ. **દા.ત.** • पूर्व छात्राणाम् । • अर्ध पिप्पलीनाम् અહીં સમાસ ન થાય. C કાલનો ભાગ દર્શાવતા શબ્દો સાથે તે કાળવાચી ષષ્ઠયન્ત શબ્દનો થાય. અને... ભાગવાચી શબ્દ પ્રથમ આવે. દા.ત. अह्नः मध्यम् = मध्याह्नः ।

D એક બનાવ બન્યા પછી અમૂક કાળ થઈ ગયો હોય તો કાળ દર્શક નામ સાથે તે બનાવ સૂચવતા ષષ્ઠયન્ત શબ્દનો સમાસ થાય અને કાળદર્શક શબ્દ પૂર્વપદમાં આવે **દા.ત.** • संवत्सरः दीक्षितस्य अस्य = संवत्सरदीक्षितः ।

• मासः जातायाः अस्याः = मासजाता ।

E ષષ્ઠી અલુક્ સમાસ

૧)નિંદા અર્થમાં • चौरस्यकुलम् । • देवानांप्रियः ।(=મૂર્ખ)

૨)નિંદા વાચક હોય એવા શબ્દના ઉત્તરપદમાં પુત્ર શબ્દ હોય ત્યારે વિકલ્પે અલુક્ સમાસ થાય. **દા.ત.** • दास्याः पुत्रः = दास्याःपुत्रः / दासीपुत्रः

નિંદા ગમ્યમાન ન હોય તો માત્ર ब्राह्मणीपुत्रः એમ થાય.

3) સગપણ કે વિદ્યા સંબંધ ધરાવતા ऋ કારાંત નામોનો આ સમાસ થાય.

**દા.ત.** • होतुः पुत्रः । • पितुः जामाताः । પરન્તુ ઉત્તરપદમાં स्वसृ કે पति શબ્દ હોય તો વિકલ્પે થાય અને मातुः पितुःસાથે स्वसृ નો અલુક્ થયો હોય ત્યારે स्वसृ ના स् નો વિકલ્પે ष् થાય. અલુક્ ન થયો હોય ત્યાં નિત્ય ष् થાય. **દા.ત** मातृष्वसा । અલુક્ નથી. અલુક્ માં मातुःष्वसा કે मातुःस्वसा । स्वसुः पति = स्वसुःपतिः/स्वसृपतिः ।

૪) કેટલાક દૃષ્ટાંતો • वाचोयुक्तिः। • दिवस्पतिः । • दिशोदण्डः
(= આકાશમાં દંડાકારે તારાનો દેખાવ) • बृहस्पतिः (= વાણીપતિ- સુરગુરુ)
• पश्यतो हरः (= સોની અથવા જે દેખતા ચોરી કરે)

**૬ સપ્તમી વિભક્તિ તત્પુરુષ**

1 પૂર્વપદમાં સપ્તમ્યન્ત કોઈ પણનામ અને ઉત્તરપદમાં शौण्ड, धूर्त, कितव, प्रवीण, संवीत, अन्तर, अधीन, पटु, पण्डित, कुशल, चपल, निपुण, सिद्ध, शुष्क, पक्व, बन्ध વગેરે શબ્દ હોય તો આ સમાસ થાય.

દા.ત. • अक्षे शौण्ड : = अक्षशौण्डः। • चौर्ये प्रवीणः = चौर्यप्रवीणः ।
• वाचि पटुः = वाक्पटु : । • सभायां पण्डितः = सभापण्डितः ।
• कर्मणि कुशलः = कर्मकुशलः । • विणायां निपुणः = विणानिपुणः ।

2 પૂર્વપદમાં દિવસ કે રાતના અવયવહોય અને ઉત્તરપદમાં કર્મણિભૂતકૃ૦ હોય ત્યારે આ સમાસ થાય. દા.ત. पूर्वाह्णे कृतम् = पूर्वाह्णकृतम् ।
અવયવ રૂપ ન હોય તો ન થાય. દા.ત. अहनि दृष्टम् ।

3 નિર્ધારણ ષષ્ઠીનો ષષ્ઠી તત્પુરુષ થતો નથી. એટલે એવા અર્થમાં જ્યાં સમાસ થયો હોય ત્યાં એ સપ્તમી તત્પુરુષ સમાસ જાણવો.
દા.ત. • पुरुषोत्तमः = पुरुषेषु उत्तमः ।• नृश्रेष्ठः = नृषुश्रेष्ठः ।
પણ.....★ पुरुषाणां उत्तमः । • नृणां श्रेष्ठः । આવો સમાસ ન થાય.

૪ નિન્દા અર્થમાં काक વગેરે શબ્દ સાથે આ સમાસ થાય.
દા.ત • तीर्थे काकः = तीर्थकाकः । • नगरकाकः ।
• तीर्थे ध्वाङ्क्षः इव = तीर्थध्वाङ्क्षः ।• नगरवायसः ।
ઈત્યાદિ ( દરેકનો અર્થ કાગડાની જેમ અતિલોભી )
• कूपे मण्डूकः इव = कूपमण्डुकः ।
(= બહારની દુનિયાથી અજ્ઞાત –ટૂંકીદૃષ્ટીવાળો)
એજ અર્થમાં —
• कूपकच्छपः, • उदुम्बरमशकः • उदपानमण्डूकः ।

૫. સપ્તમ્યન્ત નામનો 'सिंह' વગેરે શબ્દો સાથે પ્રશંસા ગમ્યમાન હોય તો થાય.
દા.ત • समरे सिंहः = समरसिंहः । • भूमौ वासवः = भूमिवासवः ।

## ૯. સપ્તમી અલુક્ સમાસ

**a. *નિંદા અર્થમાં...***

| સમાસ | અર્થ | સમાસ | અર્થ |
|---|---|---|---|
| गेहेशूरः ➡ | ઘરમાંશૂર | गेहेव्याडः ➡ | ઘરમાં ઠગ. |
| गेहेनर्दी ➡ | ઘરમાં વાચાળ. | पात्रेकुशलः ➡ | ખાવામાં કુશળ. |
| गोष्ठे शूरः ➡ | વાતો કરવામાંશૂરો. | गोष्ठे विजयी ➡ | વાતોમાં જીતનારો |

**b. અલુક્ સમાસો** ➡ I गविष्ठिरः । युधिष्ठिरः ।

**વિશેષસંજ્ઞામાં** ➡ मध्येगुरुः, हृदिस्पृक् ।

II પૂર્વપદમાં मूर्धन् અને मस्तक સિવાયના શરીરના અંગવાચી શબ્દ હોય,અને ઉત્તરપદમાં काम સિવાયના શબ્દ હોય ત્યારે આ સમાસ થાય.

દા.ત. ➡ कण्ठेकालः । उरसिलोमा ।

પરન્તુ मूर्धशिखः, मुखकामः વગેરેમાં વિભક્તિનો લોપ થાય છે.

III પૂર્વપદ સપ્તમ્યન્ત હોય અને ઉત્તરપદ કૃદન્ત હોય તથા બંને શબ્દ મળીને વિશેષ સંજ્ઞાવાચક શબ્દ બનતો હોય તો આ સમાસ થાય દા.ત.• पंकेरुहम् (=કમલ)
• स्तम्बेरमः (હાથી. આ શબ્દ સંજ્ઞા વાચક છે) • कर्णेजपः (=ચાડીયો)
• खेचरः (=આકાશમાં ફરનાર પંખી, વિદ્યાધર વગેરે) जलेशयः (=માછલી)

પરન્તુ कुरुचरः વગેરેમાં સમાસ ન થાય. કેમ કે આ સંજ્ઞાવાચક શબ્દ નથી .

IV પૂર્વપદ કાલવાચક શબ્દ હોય અને ઉત્તરપદમાં तर, तम, तन કે काल શબ્દ હોય તો વિકલ્પે આ સમાસ થાય છે. દા.ત. पूर्वाह्णेकालः / पूर्वाह्णकालः ।

V प्रावृट्, शरद्, काल, दिव् શબ્દ + ज (= ઉત્પન્ન થનાર ) આવે તો અવશ્ય અલુક્ સમાસ થાય. પરન્તુ સંજ્ઞા વાચક ન જોઈએ.

દા.ત. • प्रावृषिजः । • शरदिजः । • दिविजः । • कालेज ।

VI वर्ष, क्षर, शर, वर + ज (= ઉત્પન્ન થનાર )
= વિકલ્પે અલુક્ સમાસ થાય. દા.ત. वर्षेजः / वर्षजः ।

VII વ્યંજનાંત કે अ કારાંત શબ્દ + शय, वास, वासित, बन्ध (કાલવાચી ન હોય તો) = વિકલ્પે અલુક્ સમાસ

દા.ત. • खेशयः / खशयः ।
• ग्रामे वासः / ग्रामवासः ।

VIII **સપ્તમ્યન્ત + इन् પ્રત્યયાંત**, सिद्ध, बन्ध, स्थ **(વેદસિવાયમાં) શબ્દ આવે તો અલુક્ સમાસ ન થાય**

**દા.ત.** • स्थण्डिलशायी । • समस्थः । • વગેરે....

**૨. नञ् તત્પુરુષ** 1. **પૂર્વપદમાં नञ् નો ઉત્તરપદમાં બીજા શબ્દ સાથે** नञ् **તત્પુરુષ સમાસ થાય.**

Note: ➡ **ઉત્તરપદ વ્યંજનાદિ હોય તો** न् **ના સ્થાને** अ **કરવો અને સ્વરાદિ હોય તો** न् **ના સ્થાને** अन् **કરવો.**

**દા.ત.** • न ब्राह्मणः = अब्राह्मणः । • न अश्वः = अनश्वः ।

2. **ઉત્તરપદમાં અવ્યય હોય તો પણ આ સમાસ થાય.**

**દા.ત.** न उच्चैः = अनुच्चैः ।

3. **નીચેના લખેલા સમાસોમાં** न **જ કાયમ રહે છે.**

• नभ्राट् **(વાદળ)** • नपात् **(રક્ષા કરનાર)** • नवेदाः ।

• नाकः = **સ્વર્ગ** (= क **સુખ**, अक = **દુઃખ**

न अकं यत्र = **જ્યાં દુઃખ નથી તે)**

• नासत्यः ( न असत्य = सत्य) ।

• नकुलः (=**નોળિયો**) नमुचिः । **ઈત્યાદિ...**

4. **નીચેના શબ્દો પ્રાણી ભિન્ન અર્થમાં હોય તો વિકલ્પે** न **રહે છે.**

नगः **કે** अगः (=**પર્વત કે વૃક્ષ**)

**પ્રાણી હોય તો** ➡ • वृषलः अगः शीतेन ।

5. **અનિયમિત** नञ् **તત્પુરુષ સમાસ**

**દા.ત.** • न पन्थाः = अपन्थाः, अपथम् ।

• न पुमान् न स्त्री = नपुंसकः । • न मित्रम् = अमित्रम् ।

## ૩. કર્મ ધારય તત્પુરુષ

★ કર્મ=ક્રિયા અને ધારય= આધાર. ક્રિયાનો આધાર કેવલ ઉત્તરપદ ન હોય પરન્તુ આખો સમાસ હોય તે કર્મધારય.

**દા.ત.** कृष्णसर्पः गच्छति અહીં ગમન કરવાની ક્રિયાનો આધાર એકલો સર્પ નથી પણ કાળો સર્પ છે.

★ આ સમાસમાં પૂર્વપદ કોઈ ગુણ દર્શક વિશેષણ કે નામ હોય છે અને ઉત્તરપદ રૂપાખ્યાન થાય તેવો કોઈ પણ શબ્દ હોય છે. અને તે બે પદોની વચ્ચે પ્રથમાં વિભક્તિ નો સંબંધ હોય છે.

જેમકે ★ उत्तमः जनः = उत्तमजनः ।

★ चन्द्रः इव उज्ज्वलः = चन्द्रोज्ज्वलः ।

**<u>કર્મધારયના ભેદ વિધાન</u>**

૧. ઉપમાન પૂર્વપદ ૨.ઉપમાનોત્તરપદ ૩. વિશેષણ પૂર્વપદ
૪. વિશેષણોભયપદ ૫. વિશેષણોત્તરપદ ૬. કુપૂર્વપદ
૭. સુપૂર્વપદ ૮. મયુરવ્યંસકાદિ ૯. મધ્યમપદ લોપી

**ઉપમા ઉપમેય કર્મધારય •** જે વસ્તુ સરખાવાય તે ઉપમેય જેની સાથે સરખાવાય તે ઉપમાન. અને બંનેમાં જે સરખાપણું તે સાધારણ ધર્મ.

(ઉપમેય – ઉપમા) ૧. ***ઉપમાન પૂર્વપદ***

પૂર્વપદમાં ઉપમાનનો ઉત્તરપદમાં સાધારણધર્મ દર્શક પદ સાથે થાય.

**દા.ત.** घनः इव श्यामः = घनश्यामः ।

विद्युत् इव चपलः = विद्युच्चपलः ।

૨. ***ઉપમાનોત્તરપદ***

પૂર્વપદમાં ઉપમેય હોય અને ઉત્તરપદમાં ઉપમાન હોય અને સાધારણ ધર્મનો ઉલ્લેખ ન હોય તો આ સમાસ થાય.

**દા.ત.** पुरुषः(ઉપમેય) व्याघ्रः(ઉપમાન) इव = पुरुषव्याघ्रः (=પુરુષ વાઘ જેવો છે).।
मुखं चन्द्रः इव = मुखचन्द्रः । नेत्रं कमलं इव = नेत्रकमलम् ।

આ રીતે વિગ્રહ કરવાથી<u>*ઉપમાઅલંકાર*</u> સમાસ કહેવાય

પરન્તુ જો... पुरुषः एव व्याघ्रः (પુરુષ વાઘ છે.) मुखं एव चन्द्रः, नेत्रं एव कमलम् આ રીતે સમાસ કરીએ તો <u>*રૂપક અલંકાર*</u> સમાસ કહેવાય છે.

નોંધ ➡ પહેલા બે સમાસમાં વિશેષતા

પહેલા સમાસમાં સાધારણ ધર્મ નો ખાસ ઉલ્લેખ છે. બીજામાં ઉલ્લેખ નથી. જો.... સાધારણ ધર્મનો ઉલ્લેખ હોય, તો તેની સાથે પ્રથમ સમાસ જ થાય

દા.ત. घनः इव श्यामः कृष्णः અહીં घनश्यामः कृष्णः એમ થાય

પરન્તુ • कृष्णघनः એમ બીજો સમાસ ન થાય.

3. *વિશેષણ પૂર્વપદ*

વિશેષણ પૂર્વપદનો ઉત્તરપદમાં વિશેષ્ય સાથે આ સમાસ થાય.

દા.ત. • नीलं च तद् उत्पलं च = नीलोत्पलम् ।• गंभीरनादः ।

• महतीच सा सती च = महासती ।

ત્રણેય લિંગમાં तद् ના રૂપોથી વિગ્રહ થાય છે. માત્ર પું. એકવચનમાં असौ થી વિગ્રહ થાય છે. દા.ત. • भक्ताश्च ते अमराश्च = भक्तामराः ।

૪. *વિશેષણોભયપદ*

A બન્ને પદ વિશેષણ હોય ત્યારે થાય.

દા.ત. •शीतं च तद् उष्णं च =शीतोष्णम् ।

B એક જ વ્યક્તિએ કરેલ બે કાર્ય બતાવનાર રૂપાખ્યાન થાય તેવાં બે કૃદન્ત હોય, તેમાંથી પ્રથમ કૃદન્ત આગળની ક્રિયા બતાવે અને દ્વિતીય કૃદન્ત તેની પાછળ થયેલી ક્રિયા બતાવે ત્યારે થાય.

દા.ત. • आदौ स्नातः पश्चात् अनुलिप्तः = स्नातानुलिप्तः ।

• आदौ पीतम् पश्चात् उद्गीर्णम् = पीतोद्गीर्णम् ।

તેવી રીતે • गृहीतमुक्तः । ઈત્યાદિમાં સમજવું

C તે જ પ્રમાણે એક ભૂત કૃદન્ત અને તેના પછી તેનો જ નિષેધ બતાવનાર अ કે अन् થી શરુ થતું ભૂતકૃદન્ત આવે ત્યારે પણ આ સમાસ થાય.

દા.ત. • कृतम् च तद् अकृतम् च = कृताकृतम् ।

D વિધ્યર્થ કૃદન્ત કે તુલ્ય અર્થવાળા શબ્દ સાથે જાતિવાચક શબ્દ સિવાયના શબ્દ આવે તો આ સમાસ થાય.

દા.ત. • भोज्योष्णम् । • तुल्यश्वेतः ।

પરન્તુ भोज्यः ओदनः અહીં भोज्योदनः એમ સમાસ ન થાય

કેમકે ओदन શબ્દ જાતિવાચક છે.

## ५. विशेषणोत्तरपद

a નીચેના કર્મધારય સમાસ પૂર્વપદમાં વિશેષ્ય અને ઉત્તરપદમાં વિશેષણ આવે ત્યારે થાય. દા.ત. , इभयुवतिः (= હાથણી) गोधेनुः ( = દુધ દેતી ગાય )• अग्निस्तोकः ।

b मतल्लिका, मचर्चिका, प्रकाण्डम्, उद्धः, तल्लजः આ પાંચ શબ્દ પ્રશંસા- શ્રેષ્ઠ અર્થમાં ઉત્તરપદમાં આવે. અને પોતાના લિંગમાં જ રહે છે.

દા.ત. • ब्राह्मणमतल्लिका = શ્રેષ્ઠ બ્રાહ્મણ. • गोमचर्चिका = શ્રેષ્ઠ ગાય.
• गोतल्लजः = શ્રેષ્ઠ ગાય. • गवोद्धः = શ્રેષ્ઠ ગાય.
• धर्मप्रकाण्डम् = શ્રેષ્ઠ ધર્મ

c નિન્દનીય વસ્તુ અથવા વ્યક્તિના કર્મધારય સમાસમાં વિશેષણ ઉત્તરપદમાં આવે.

દા.ત. • वैयाकरणखसूचिः । • मीमांसकदुर्दुरूढः ।

અપવાદ I પણ..... आणक અને किम् નિંદા અર્થમાં હોવા છતાં પૂર્વપદમાં આવે

દા.ત. • कुत्सितः राजा = किंराजा । • पापनापितः• आणककुलालः ।

d वृन्दारक, नाग, कुञ्जर શબ્દ સાથે પૂજ્ય વસ્તુ પૂર્વપદમાં આવે.

દા.ત. • नृपवृन्दारकः । • तापसकुञ्जरः ।

e कडार, खञ्ज, खोड, खलित, काण, कुण्ठ, गौर, वृद्ध, भिक्षुक, पिंग, पिंगल, तनु, जरठ, बधिर, बर्बर વગેરે શબ્દ પૂર્વપદ કે ઉત્તરપદમાં આવે છે.

દા.ત. • जैमिनिकडारः/ कडारजैमिनि ( = જૈમિનિ મુનિ તપથી પીળા પડેલા) ।

f कतर અને कतम શબ્દ જાતિવાચક શબ્દ સાથે પ્રશ્ન તરીકે હોય ત્યારે આ સમાસ થાય અને તે શબ્દ પૂર્વપદમાં આવે દા.ત. कतरकठः?( બ્રાહ્મણ ક્યો છે ? )

પરન્તુ • कतरः पुत्रः અહીં સમાસ ન થાય.

g एक, सर्व, जरत्, पुराण, नव, केवल, पूर्व, अपर, प्रथम, चरम, जघन्य, वीर, समान, मध्य, मध्यम, આટલા શબ્દ સાથે કર્મધારય સમાસ થાય છે. અને આ શબ્દો પૂર્વપદમાં જ આવે છે. દા.ત. • एकनाथः । • सर्वशैलाः ।

Note- જો अपर શબ્દ પછી अर्ध શબ્દ આવે તો अपरનો पश्च આદેશ થાય

દા.ત. • अपरश्चासौ अर्धश्च = पश्चार्धः ।

h सत्, महत्, परम उत्तम, उत्कृष्ट શબ્દ + પૂજ્ય વસ્તુ કે વ્યક્તિ આવે તો सत् વગેરે શબ્દો નિયમા પૂર્વપદમાં આવે.

દા.ત. • सत्पुरुषः । • महापुरुषः ।

## ૬ કુપૂર્વપદ

1 કુત્સિત અર્થમાં પણ કર્મધારય સમાસ થાય. ત્યારે कुत्सित ના... સ્થાને कु પૂર્વપદમાં આવે છે. દા.ત. • कुत्सितः पुत्रः = कुपुत्रः ।

2 कु + સ્વરાદિ શબ્દ त्रि, रथ, वय, તથા જાતિવાચક तृण શબ્દ આવે તો कु નો कत् થાય છે. દા.ત. • कदश्वः । कत्त्रयः । • कत्तृणम् ।

3. कु + पथिन्, કે अक्ष શબ્દ હોય અથવા कु ईषत् અર્થમાં અભિપ્રેત હોય ત્યારે कु નો का થાય. દા.ત. • कापथम् ।• ईषत् जलं = काजलम् ।

4. कु + पुरुषः = વિકલ્પે का + पुरुषः } દા.ત. कुत्सितः पुरुषः = कापुरुषः / कुपुरुषः ।

5. ईषत् અર્થમાં कु + उष्ण = कव, का, कत् + उष्ण } દા.ત. कवोष्णम् / कोष्णम् / कदुष्णम् ।

6. ईषत् + કૃદન્ત સિવાયના શબ્દ કે ગુણવાચક કૃદન્ત આવે તો આ સમાસ થાય. દા.ત • ईषत्पिङ्गलः । • ईषद्रक्तम् ।

## ૭ સુપૂર્વપદ

A शोभन, साधु, सुष्ठु, કે सम्यग् શબ્દોથી વિગ્રહ પામતો હોય, અને પ્રશંસા અર્થ સૂચિત થતો હોય, ત્યારે આ સમાસ થાય છે. અને ત્યારે सु પૂર્વપદમાં આવે દા.ત. • शोभनः धर्मः = सुधर्मः । • साधु वचनम् = सुवचनम् ।

## ૮ મયૂર વ્યંસકાદિ (અનિયમિત કર્મધારય સમાસ)

• આ સમાસમાં પહેલો સમાસ मयूरव्यंसक હોવાથી વૈયાકરણો આને मयूरव्यंसक કર્મધારય સમાસ કહે છે. આમાં વિશેષ્યનો પૂર્વનિપાત થાય.

• मयूरश्चासौ व्यंसकश्च = मयूरव्यंसकः ।

व्यंसकश्चासौ मयूरश्च = मयूरव्यंसकः । एवं... • छात्रव्यंसकः ।

• अधमः राजा = राजाधमः • विशिष्टम् तेजः = तेजोविशेषः ।

• हतकः दुर्योधनः = दूर्योधनहतकः । • अपसदः नरः = नरापसदः

• कृतकः पुत्रः = पुत्रकृतकः • अन्यः राजा = राजान्तरम् ।

:एवं...नगरान्तरम् । • जन्मान्तराणि । • ग्रामान्तराणि ।

• उदक्च अवाक्च = उच्चावचम् । एवं उच्चनीचम् ।

• निश्चितं च प्रचितं च = निष्प्रचम् ।

• नास्ति किंचन अस्य = अकिंचनः ।

● नास्ति कुतो भयं अस्यअकुतोभयः । ● पचतभृज्जता । ● खादतमोदता ।
● अश्नीत पिबत इत्येवं सततं यत्र अभिधीयते सा= अश्नीतपिबता ।
● अहं अहं इति यस्यां क्रियायामभिधीयते सा = अहमहमिका । अहंपूर्विका ।
● आहोपुरुषिका । ● कान्दिशीकः ।

**૯ મધ્યમપદ લોપી (શાક પાર્થિવ કર્મધારય સમાસ)**

જેમાં પૂર્વપદ સામાસિકપદ હોય અને ઉત્તરપદ સાથે સમાસ થતી વખતે સમાસિકપૂર્વપદના છેલ્લા પદનો લોપ થાય છે.

● शाकप्रियः पार्थिवः = शाकपार्थिवः ।● कस्तुरीप्रधानः मृगः =कस्तुरीमृगः ।
● देवपूजकः ब्राह्मणः = देवब्राह्मणः ।
● मेरुनामा पर्वतः = मेरुपर्वतः । ● कल्पपूरकः वृक्षः = कल्पवृक्षः ।

**૪. દ્વિગુતત્પુરુષ**

જેમાં પૂર્વપદમાં સંખ્યાવાચક વિશેષણ હોય, તથા સમાસમાં સમૂહની વિવક્ષા હોય તો આ સમાસ થાય અને નપુંસક એકવચનમાં આવે

**દા.ત.** ● त्रयाणां भुवनानां समाहारः = त्रिभुवनम् ।
● पञ्चानां पात्राणां समाहारः = पञ्चपात्रम् ।

**નિયમ :- ૧ ઉત્તરપદમાં અંતે** अ **હોય તો** ई **થાય અને સ્ત્રીલિંગમાં આવે.**

**દા.ત.** त्रयाणां लोकानां समाहारः = त्रिलोकी । एवं ... अष्टाध्यायी । पञ्चवटी।

**પરન્તુ** पात्र **અને** भुवन **શબ્દ ઉત્તરપદમાં હોય તો ઉપરોક્ત મુજબ જ થાય.**

**દા.ત.** ● पञ्चपात्रम् ।

**૨ ઉત્તરપદમાં અંતે** आ, अक्ष, अङ्ग **હોય તો વિકલ્પે** ई **થાય.**

**દા.ત.** ● पञ्चानां खट्वानां समाहारः पञ्चखट्वी / खट्वम् ।
● पञ्चतक्षी / तक्षम् । ● पञ्चाङ्गी / पञ्चाङ्गम् ।

**3. ઉત્તરપદમાં અંતે દીર્ઘ સ્વર હોય તો તત્પુરુષના સામાન્ય નિયમથી હ્રસ્વ થાય**

**દા.ત.** ● सप्तानां पृथ्वीनां समाहारः इति सप्तपृथ्वि । ● पञ्चगुः ।

**<u>નોટ</u>:- પૂર્વપદ કોઈ દિશાવાચક કે સંખ્યા વાચક શબ્દ હોય અને આખો સમાસ કોઈ વિશેષ નામ થતું હોય નો દ્વિગુ સમાસ ન થાય, <u>કર્મધારય</u> જ થાય.**

**દા.ત.** ● सप्त च ते ऋषयश्च = सप्तर्षयः ।
● पञ्च ते जनाश्च = पञ्चजनाः । ● उत्तरश्चासौ ध्रुवश्च = उत्तरध्रुवः ।

५ प्रादितत्पुरुष

1 પૂર્વપદમાં प्र, अप, सम्, अनु, तिरस्, अव, वि, अति, परि, प्रति, उप, વગેરે.. ઉપસર્ગ હોય અને ઉત્તરપદ કોઈ નામ હોય ત્યારે પ્રાદિતત્પુરુષ સમાસ થાય અને તે વિશેષણ બને છે.

2 ઉત્તરપદ પ્રથમાન્ત વિશેષણ હોય, ત્યારે પ્રાય: પૂર્વપદ અવ્યય રૂપ સંભવે છે.

દા.ત. ★ अत्यन्तं तेजस्वी = अतितेजस्वी ।

3 પૂર્વપદમાં ईषत् અવ્યયનો आ આદેશ થાય દા.ત. ईषत् रक्तम् = आरक्तम् ।

4 ઉપસર્ગમાં વિભક્તિ વર્ગીકરણ

A પૂર્વપદમાં प्र તથા અત્યન્ત અતિશય અર્થમાં अति ઉપસર્ગ હોય, તો પ્રાય: ઉત્તરપદ પ્રથમાન્ત સંભવે છે. દા.ત. प्रकृष्टः आचार्यः = प्राचार्यः ।

● प्रकृष्टा गतिः = प्रगतिः । ● अतिशयेन मानी = अतिमानी ।

B ઉલ્લંઘન અર્થમાં अति પૂર્વપદમાં હોય, નો પ્રાય: વિગ્રહમાં ઉત્તરપદને દ્વિતીયા વિભક્તિ લાગે. દા.ત. ● अतिक्रान्तः मालाम् = अतिमालः ।

● अतिक्रान्तः मर्यादाम् = अतिमर्यादः ।

C પ્રાય: अव અને सम् ઉપસર્ગ હોય તો વિગ્રહ તૃતીયાથી થાય.

દા.ત. ● अवकृष्टः कोकिलया = अवकोकिलः ।

● अर्थेन संगतः / संगतः अर्थः = समर्थः ।

D परि, अलम् નો ચતુર્થીથી વિગ્રહ થાય.

દા.ત पर्यध्ययनः = परिग्लानः अध्ययनाय । अलंकुमारिः= अलम् कुमार्यै ।

E वि, निस्, निर् , उत्, અને अप નો પંચમીથી વિગ્રહ થાય.

દા.ત. ● निर्वनम् = निर्गतम् वनात् ।● व्यर्थः = विगतः अर्थात् ।

● निर्मर्यादः = निष्क्रान्तः मर्यादायाः ।

જો निस् ઉપસર્ગ નિશ્ચિત કે નિ:શેષ અર્થમાં હોય તો ઉત્તરપદ પ્રથમાન્ત હોય

દા.ત. निःश्रेयः = निश्चितं श्रेयः । ● निःश्रेयः = निशेषेण श्रेयः ।

● अपसिद्धान्तः = अपक्रान्तः सिद्धान्तात् ।

F अधस् અને यथा માં ષષ્ઠીથી વિગ્રહ થાય દા.ત. ● अधोजानु =अधः जानुनः ।

● यथार्थः = अर्थस्य योग्यः । एवं यथार्हः ।

5. ઉપયોગી प्रादि સમાસ ● विपरीतः पक्षः = विपक्षः ।

● अनुगतः कुलम् = अनुकूलः । एवं. अनुरूपः । अन्वर्थः ।

૬ ગતિ તત્પુરુષ

પૂર્વપદ ઉપસર્ગ કે च्वि પ્રત્યયાન્ત અવ્યય હોય, અને ઉત્તરપદ ધાતુસાધિત રૂપ હોય ત્યારે આ સમાસ થાય છે. દા.ત. • उरी कृत्वा = उरीकृत्य ।

• प्रादुः भूत्वा = प्रादुर्भूय ।• शुक्लीभूय । • शुक्लीकृत्य ।

૭. ઉપપદ તત્પુરુષ

પૂર્વપદમાં નામ અવ્યય કે ઉપસર્ગ હોય, ઉત્તરપદમાં ધાતુ સાધિત નામ હોય... (= કૃદન્ત હોય) ત્યારે આ સમાસ થાય. વિગ્રહ વખતે પ્રાય: ઉત્તરપદમાં તે ધાતુનું ક્રિયાપદનું રૂપ વપરાય છે.

દા.ત. • गृहे तिष्ठति = गृहस्थः ।• सुखेन लभ्यते = सुलभः ।

<u>ઉત્તરપદમાં થતા ફેરફાર</u>

A. વ્યંજનાંત ધાતુઓમાં. ૧) ક્યારેક કોઈ ફેરફાર ન થાય.

દા.ત • जलं मुञ्चतीति = जलमुच् ।

૨) ક્યારેક અંતે अ ઉમેરાય દા.ત. • शिरसि रोहतीति = शिरोरुहः ।

૩) भज् નો भाज्, जन् નો ज, गम् નો ग, हन् નો ह, घ्न કે हन् થાય.

દા.ત. • पुण्यं भजति इति पुण्यभाज् – पुण्यभाग् – पुण्यभाक् ।

• पङ्कात् जायते = पङ्कजम् ।• तुरं गच्छति = तुरगः ।

• शत्रुं हन्ति = शत्रुहः – शत्रुघ्नः । • वृत्रहन् ➔ वृत्रहा ।

B. સ્વરાંત ધાતુઓમાં

I હ્રસ્વ इ, उ, ऋ કારાંત ધાતુમાં ક્યારેક ગુણ/વૃદ્ધિ ન થાય. પણ અંતે त् ઉમેરાય (क्विप् પ્રત્યય કહેવાય છે.)

દા.ત. •विश्वं जयतीति = विश्वजित् । एवं पुण्यकृत् ઈત્યાદિ...

II ક્યારેક અંત્ય સ્વરની વૃદ્ધિ પૂર્વક अ ઉમેરાય દા.ત.कुम्भं करोति इति कुम्भकारः ।

III ક્યારેક અંત્ય સ્વરનો ગુણ થાય + अ ઉમેરાય.

દા.ત. • गुहायां शेते इति गुहाशयः । एवं • कार्यकरः ઈત્યાદિ...

IV ક્યારેક કોઈ જ ફેરફાર ન થાય. દા.ત. स्वयं भवतीति स्वयंभूः ।

V અંત્ય आ ऐ ओ औ નો A. ક્યારેક अ થાય દા.ત. • धनं ददातीति धनदः ।

• कच्छं पातीति कच्छपः । • धर्मज्ञः । • तटस्थः ।

B. ક્યારેક आ થાય દા.ત. • वसु दधातीति वसुधा ।

एवं • विश्वपा ।

VI ક્યારેક ધાતુઓને अन કે इन् પ્રત્યય પણ લાગે છે.

દા.ત. वंशं भूषयतीति वंशभूषणः । मधु पिबतीति मधुपायी ।

VII પૂર્વપદ सु, दुस् કે दुर् અને ઉત્તરપદ કર્મણિરૂપ હોય તથા તે ધાતુ સ્વરાંત હોય તો ગુણ કરીને....અને.... વ્યંજનાંત હોય તો એમને એમ अ ઉમેરાય છે.

દા.ત. • सुखेन तीर्यते = सुतरः ।• दुःखेन जीयते = दुर्जयः ।

• दुःखेन लभ्यते = दुर्लभः । एवं • दुर्गमः । दुरापः । सुलभः ।

## અનિયમિત ઉપપદ સમાસ

• ललाटं तपति = ललाटंतपः • उदरं बिभर्ति = उदरभरिः ।

• रात्रौ चरति = रात्रचरः • कूलं कषति = कूलंकषा ।

• प्रियम् वदति = प्रियंवदा • आत्मानं पण्डितं मन्यते = पण्डितंमन्यः।

• परं तापयति परंतपः • न सूर्यम् पश्यन्ति = असूर्यपश्याः ।

• उच्चैः, नीचैः, तिर्यक्, मुखतः, વગેરે કેટલાક શબ્દનો कृत्वा વગેરે સંબંધક ભૂતકૃદન્ત સાથે ઉપપદ સમાસ થાય.

દા.ત. • उच्चैःकृत्य • उच्चैःकृत्वा ।• मुखतोभूय ।• एकधाभूय ।

## તત્પુરુષ સમાસના શબ્દમાં થતા ફેરફાર

1. कु કે महत् + ब्रह्मन् = कु કે महत् + વિકલ્પે ब्रह्म થાય. — દા.ત. कुब्रह्मः / कुब्रह्मा । महाब्रह्मः / महाब्रह्मा ।

દેશવાસીમાં નિત્ય થાય सुराष्ट्रब्रह्मः ।

2. I કર્મધારય અને બહુવ્રીહી સમાસના પૂર્વપદમાં महत् હોય તો महा આદેશ થાય. દા.ત. • महादेवः । • महाबाहुः ।

પરન્તુ • महत्सेवा (महतः सेवा ષષ્ઠીતત્પુરુષ )

II તત્પુરુષમાં પણ...

महत् + घास, कर, विशिष्ट શબ્દ → महा + घास, कर, विशिष्ट શબ્દ — દા.ત. • महाघासः । • महाकरः । • महाविशिष्टः ।

3. I अष्टन् + कपाल કે हवि → अष्टा + कपाल કે हवि — દા.ત. • अष्टाकपालः । • अष्टाहविः ।

II अष्टन् + गो (બળદથી જોડેલા રથ વગેરે અર્થમાં)

= अष्टा + गो દા.ત. • अष्टागवः शकटः ।

# તત્પુરુષના ઉત્તરપદમાં થતા ફેરફારો

| પૂર્વપદમાં ↓ | ઉત્તરપદમાં મૂળ શબ્દ ↓ | ફેરફાર ↓ | ઉદાહરણો ↓ |
|---|---|---|---|
| ૧. અવ્યય કે સંખ્યા વાચક | अङ्गुलि | अङ्गुल | निर्गतम् अंङ्गुलिभ्यः = निरङ्गुलम् । द्वे अङ्गुली प्रमाणमस्य = द्वयङ्गुलं दारुः। |
| ૨. સંખ્યાવાચી પુણ્ય એકદેશવાચી,અવ્યય, કે સંખ્યાત શબ્દ | रात्रि | रात्र | द्वयोः रात्र्योः समाहारः = द्विरात्रम् । पुण्यरात्रः । पूर्व रात्रेः = पूर्वरात्रः । अतिक्रान्तः रात्रिम् = अतिरात्रः । संख्याता रात्रिः = संख्यातरात्रः । |
| ૩ સંખ્યા સિવાયના ઉપરના પૂર્વપદમાં | अहन् | अह्न | अह्नः पूर्व = पूर्वाह्णः । सर्वाह्णः । |
| ૪. ઉપરોક્ત સિવાયમાં | अहन् | अह | उत्तमं च तद् अहश्च = उत्तमाहः । एवं एकाहः । सप्ताहः । ઈત્યાદિ... द्वयोः अह्नोः समाहारः द्वयहः । एवं त्र्यहः । ઈત્યાદિ... |

**નોંધ:-** સમાસને અંતે તદ્ધિત પ્રત્યય હોય અને પૂર્વપદમાં સંખ્યાવાચી વિશેષણ હોય તો अह्न થાય **દા.ત.** द्वयोः अह्नोः भवः = द्वयह्नः । द्वयह्नप्रियः ।

| | | | |
|---|---|---|---|
| ૫. સામાન્ય થી કોઈ પણ શબ્દ હોય | सखा | सख | कृष्णस्य सखाः = कृष्णसखः । |
| ૬. સામાન્ય થી કોઈ પણ શબ્દ હોય | राजन् | राज | मगधराजः । मद्रराजः । |
| ૭. ઉપસર્ગ કે પ્રાણી ભિન્ન ઉપમેયવાચી શબ્દ | श्वन् | श्व | अतिश्वः । आकर्षः श्वा इव = आकर्षश्वः । પ્રાણીહોયતો वानरश्वा । |
| ૮. ઉત્તર, પૂર્વ ,મૃગ, અથવા પ્રાણી ભિન્ન ઉપમેયવાચી શબ્દ | सक्थि | सक्थ | उत्तरसक्थम् । पूर्वसक्थम् । ઈત્યાદિ... |

## તત્પુરુષમાંનીચેના શબ્દ અંતે હોય તો अ ઉમેરાય

૧) તત્પુરુષમાં ઉત્તરપદ સંખ્યાવાચી હોય તો અંત્ય સ્વરનો અથવા સ્વર સહિત અંત્ય વ્યંજનનો લોપ થાય અને अ ઉમેરાય છે.

**દા.ત.** ● निर्गतानि त्रिंशतः = निस्त्रिंशानि वर्षाणि ।

૨) જો તદ્ધિતના પ્રત્યયનો લોપ ન થયો હોય તો गो શબ્દ પછી अ ઉમેરાય

**દા.ત.** पञ्चगवः । पञ्चगवधनः । પરન્તુ द्विगुः બે ગાયથી ખરીદિલ વસ્તુ અહીં ન થાય.

૩) ઉત્તરપદમાં उरस् શબ્દ મુખ્ય અર્થમાં હોય તો अ લાગે છે.

**દા.ત.** ● अश्वानाम् उर इव = अश्वोरसम् ।

૪) જાતિવાચક કે સંજ્ઞાવાચક બે પદ મળીને સમાસ થાય ત્યારે अनस्, अयस्, सरस् શબ્દમાં अ ઉમેરાય અને अश्मन् માં अन् નો લોપ કરીને अ ઉમેરાય

**દા.ત.** ● उपानसम् । ● महानसः । ● अमृताश्मः ।

● कालायसम् । ● मण्डुकसरसम् ।

૫) જો તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય તો દ્વિગુ સમાસમાં नौ પછી अ ઉમેરાય. **દા.ત.** ● द्विनावम् । ● त्रिनावम् ।

પણ...● पञ्चभिः नौभिः क्रीतः = पञ्चनौः ।

(અહીં તદ્ધિત પ્રત્યયનો લોપ થયો છે તેથી अ ન ઉમેરાયો)

૬) <u>વિકલ્પે अ પ્રત્યય</u> 1 દ્વિગુ સમાસને અંતે અથવા અર્ધ પછી खारी શબ્દ આવે તો વિકલ્પે अ ઉમેરાઈને खार થાય **દા.ત.** द्वयोः खार्योः समाहारः = द्विखारम् द्विखारी

एवं.. अर्धखारम्/अर्धखारी

II સમાસમાં द्वि કે त्रि + अञ्जलि (તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય ત્યારે) = द्वि કે त्रि + अञ्जल **દા.ત** द्वयञ्जलम् । द्वयञ्जलिः । પરન્તુ द्वाभ्यां अञ्जलीभ्यां क्रीतः = द्वयञ्जलिः જ થાય કેમકે તદ્ધિત પ્રત્યયનો લોપ થયો છે.

### તત્પુરુષમાં લિંગ વિધાન

૧) સામાન્યથી ઉત્તરપદનું લિંગ લાગે.

**અપવાદ-** 1. ગતિતત્પુરુષ તેમજ प्राप्त, आपन्न શબ્દ પૂર્વપદમાં હોય તો વિશેષ્ય અનુસાર લિંગ લાગે. **દા.ત** ● स्वीकृतः अर्थः । ● प्राप्तजीविकः नरः ।

● स्वीकृतं धनम् । ● प्राप्तजीविका स्त्री । ● स्वीकृता संपत् ।

2. a. रात्र, अह्न अने अह अंतवाळा तत्पुरुष पुल्लिंगमां आवे.

**દા.ત.** • पूर्वरात्रः । • मध्याह्नः । • सप्ताहः ।

b. संख्या पछी रात्र अने पुण्य, सुदिन शब्द पछी अह शब्द नपुं० मां आवे.

**દા.ત.** • नवरात्रम् । • गणरात्रम् । • पुण्याहम् । • सुदिनाहम् ।

III पथिन् शब्दनो पथ आदेश विकल्पे थाय नञ् तत्पु० तथा द्विगुतत्पुरुष समासमां पथ नपुंसकलिंगमां आवे

**દા.ત.** • शिवस्य पन्थाः = शिवपथः । एवं... • विपथः विपन्थाः ।

• नञ् तत्पु०मां • अपथम् – अपन्थाः । • त्रिपथम् ।

IV उत्तरपदमां छाया शब्द होय अने छाया करनार वस्तु अनेक होय तो छाया नुं छाय थाय. अने नपुं० मां आवे. **દા.ત.** • इक्षूणां छाया = इक्षुच्छायम् ।

V a. पूर्वपदमां राजन् सिवायना राजाना पर्यायवाची शब्द, तथा रक्षस् के पिशाच शब्द अने उत्तरपदमां सभा शब्द... आवे तो सभम् (नपुं०) थाय.

**દા.ત.** • ईश्वरसभम् । • रक्षःसभम् । परन्तु • राजसभा अहीं न थयुं

b. सभा शब्द समूह अर्थमां होय तोपण नपुंसक लिंगमां आवे **દા.ત.** स्त्रीसभम् ।

VI उत्तरपदमां रहेला सेना, सुरा, छाया, शाला, निशा आ शब्दो विकल्पे नपुं० मां आवे. **દા.ત.** • ब्राह्मणसेना / ब्राह्मणसेनम् । • गोशाला / गोशालम् ।

• यवसुरा / यवसुरम् । • कुड्यच्छाया /कुड्यच्छायम् । श्वनिशा/ श्वनिशम् ।

Note :- लिंग विषयक उपरना तमाम नियमो मात्र तत्पु०मां ज लागे. अन्यत्र लागे नहिं **દા.ત.** बहुव्रीहिमां ➡ दृढसेनो राजा ।

नञ् बहुव्रीहिमां ➡ असेना । कर्मधारयमां ➡ परमसेना ।

## બહુવ્રીહિ સમાસ

આ સમાસ અન્ય પદ પ્રધાન છે.

**લક્ષણ** :- સામાન્યથી જે સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય, ઉત્તરપદ વિશેષ્ય હોય અને આખો સમાસ બીજા કોઈ પદનું વિશેષણ હોય ત્યારે આ સમાસ જાણવો. બહુવ્રીહિ સમાસ વિશેષણ છે. તેથી તેના વિગ્રહમાં વિશેષ્યની જાતિ અને વચન પ્રમાણે પ્રથમા અને સંબોધન સિવાય અર્થના સંબંધને અનુસારે यद् સર્વનામના છએ વિભક્તિ ના રૂપોનો પ્રયોગ થાય છે.

ક્યા સ્થાને यद् ના રૂપોનો પ્રયોગ કરવો તે સમાસના વિશેષ્ય અર્થ ઉપરથી નકકી કરી શકાય

દ્વિતીયા ☞ प्राप्तम् उदकम् यम् सः = प्राप्तोदकः (ग्रामः) ।

તૃતીયા ☞ ऊढः रथः येन सः = ऊढरथः (अश्वः) ।

ચતુર્થી ☞ उपहृतः पशुः यस्मै सः = उपहृतपशुः (रुद्रः) ।

પંચમી ☞ निर्गतः अरिः यस्मात् सः = निर्गतारिः (देशः) ।

ષષ્ઠી ☞ बहु धनम् यस्य सः = बहुधनः (नरः) ।

સપ્તમી ☞ उप्तम् बीजं यस्याम् सा = उंप्तबीजा (भूमिः) ।

ઉપરના ઉદાહરણોમાંयद् ની જે વિભક્તિ આવી છે તેની તેજ વિભક્તિ હંમેશા આવે એવો નિયમ નથી. સમાસ એજ હોય પણ વિશેષ્ય ફરી જાય તો यद् ની વિભક્તિ પણ ફરી શકે.

દા.ત. ऊढरथः નું વિશેષ્ય 'नर': થાય તો ऊढः रथः यस्य सः એમ થાય. સ્ત્રીનું વિશેષણ બને ત્યારેउप्तम् बीजं यया सा उप्तबीजा એમ થશે. માટે વિશેષ્ય જોઈ અને અર્થનો વિચાર કરીને વિગ્રહ વાક્ય સમજી અર્થ કરવો. બહુવ્રીહી સમાસ વિશેષણ હોવાથી સામાન્યત: વિશેષ્ય પ્રમાણે તેના જાતિ/વચન થાય છે.

## બહુવ્રીહિસમાસના પ્રકાર

૧. સમાનાધિકરણ ૨. વ્યધિકરણ ( तद्गुणसंविज्ञान / अतद्गुणसंविज्ञान )
૩. સબહુવ્રીહિ ૪. સંખ્યાબહુવ્રીહિ ૫. દિશાબહુવ્રીહિ ૬. પ્રાદિ બહુવ્રીહિ
૭. नञ् બહુવ્રીહિ ૮. ઉપમાન બહુવ્રીહી

**૧. <u>સમાનાધિકરણ</u>**

જેના વિગ્રહમાં બંને પદને સમાનવિભક્તિ (પ્રથમાવિભક્તિ) લાગે તે

દા.ત. • महान्तौ बाहू यस्य सः = महाबाहुः (नलः) • श्वेतं अंबरं यस्य सः = श्वेतांबरः (मुनिः) • बहवः नद्यो यस्मिन् सः बहुनदीकः (देशः) ।

**૨. <u>વ્યધિકરણ</u>** વિગ્રહમાં સમાસના પદોને ભિન્ન ભિન્ન વિભક્તિ લાગે તે.

દા.ત. • चक्रम् पाणौ यस्य सः = चक्रपाणिः (हरिः) ।

• हस्ते दण्डः यस्य सः = हस्तदण्डः ।

( तद्गुणसंविज्ञान – જેના વિગ્રહમાં સમાસિક પદનો (વિશેષણનો) અર્થ વિશેષ્ય પદાર્થની સાથે ઉપસ્થિત હોય તે. દા.ત. लंबौ कर्णौ यस्य सः लंबकर्णः खरः ।

ગધેડાનું વિશેષણ છે તેથી ગધેડો હોય ત્યાં તેના લાંબા કાન પણ હોય છે.
अतद्गुणसंविज्ञान જ્યાં વિશેષણ પદના અર્થની વિશેષ્ય પદાર્થની સાથે ઉપસ્થિતિ આવશ્યક ન હોય તે **દા.ત.** चित्रा गावो यस्य सः चित्रगुः (गोपः) । જ્યાં જ્યાં ગોવાળ હોય ત્યાં ત્યાં તેની ગાયોને હોવાની જરૂર નથી.)

૩. **<u>સબહુવ્રીહિ</u>** सह અવ્યય સાથે તૃતીયાન્ત નામનો આ સમાસ થાય. અને ત્યારે सह નો स આદેશ થાય **દા.ત.** पुत्रेण सह विद्यते यः सः सपुत्रः (रमेशः)

भर्त्रा सह वर्तते या सा सभर्तृका (स्त्री) ।

**નોંધ :-** આશીર્વાદના અર્થમાં सह આવે ત્યારે गो, वत्स, हल સિવાયના ઉત્તરપદમાં હોય તો सह નો स ન થાય. **દા.ત.** स्वस्ति राज्ञे सहपुत्राय

પરન્તુ गोपे सगवे । एवं सवत्साय । सहलाय ।

૪. **<u>સંખ્યા બહુવ્રીહિ</u>** પૂર્વપદમાં સંખ્યાવાચક શબ્દ કે ઉપસર્ગ, ઉત્તરપદમાં સંખ્યાવાચક શબ્દ કે અવ્યય કે आसन्न, अदूर, अधिक શબ્દ આવે તો આ સમાસ થાય છે.

**નિયમ :-** A. આ સમાસ થાય ત્યારે અંત્ય સ્વરનો અથવા સ્વર સહિત અંત્ય વ્યંજનનો લોપ થઈ अ ઉમેરાય છે.

**દા.ત.** दशानां समीपे सन्ति ये ते = उपदशाः । દસની આસપાસ

द्वे वा त्रयो वा द्वित्राः = (બે કે ત્રણ) द्विः आवृत्ताः दश = द्विदशाः (વીસ)

एवं... त्रिदशाः ઈત્યાદિ... त्रिंशतः अदूराः = अदूरत्रिंशाः

एवं अधिकचत्त्वारिंशाः । વગેરે...

**અપવાદ :-** ૧) સમાસના અંતે बहु કે गण શબ્દ હોય તો ઉપરનો નિયમ ન લાગે.

**દા.ત.** • उपबहवः । • उपगणाः ।

B. विंशति શબ્દમાં ति નો લોપ થાય છે. **દા.ત.** विंशतेः आसन्नाः = आसन्नविंशाः ।

C. त्रि, उप પછી चतुर् શબ્દ આવે તો ઉપરનો નિયમ ન લાગે. માત્ર अ ઉમેરાય

**દા.ત.** • त्रयो वा चत्वारो वा= त्रिचतुराः । एवं उपचतुराः ।

૫. **<u>દિશા બહુવ્રીહિ</u>**

જે બે દિશાની વચ્ચેના ખૂણા- વિદિશાનો બોધ કરાવે તે. સમાસમાં पूर्व, दक्षिण વગેરે દિશાવાચક પદ જ જોઈએ. કૌબેરી વગેરે યૌગિક નામ ન ચાલે.

**દા.ત.** • दक्षिणस्याः पूर्वस्याश्च दिशोऽन्तरालम् = दक्षिणपूर्वा ।

एवं पूर्वोत्तरा ઈત્યાદિ......

**૬. પ્રાદિ બહુવ્રીહિ**

प्रादितत्पुरुषवत् નિયમ લાગે. માત્ર અન્યપદનું વિશેષણ બને એટલો ફેર.

**દા.ત.** • उद्गता कन्धरा यस्य सः = उत्कन्धरः ।• विगतं रूपम् यस्याः सा विरूपा (कन्या) । • निर्गताः जनाः यस्मात् तद् निर्जनम् वनम् ।

**૭. नञ् બહુવ્રીહિ**

**પૂર્વપદ નિષેધ બતાવે ત્યારે થાય. અને अ કે अन् લાગે**

**દા.ત.** • अविद्यमानः पुत्रः यस्य सः = **અથવા** न पुत्रः यस्य सः = अपुत्रः ।

**વિકલ્પે** अ **કે** अन् **અને ઉપસર્ગ સાથે વપરાયેલા રૂપ પણ કાયમ રહે દા.ત.** विगतजीवितः। अविद्यमानपुत्रः । **કેટલાકમાં** न **નો** अ **ન થાય. દા.ત.** नकुलः ।

**૮. ઉપમાન બહુવ્રીહિ**

**• પૂર્વપદ કોઈ ઉપમા દર્શક નામ હોય ત્યારે ઉપમાન બહુવ્રીહિ કહેવાય. ઉત્તરપદમાં સામાન્ય ધર્મ હોય તો વિગ્રહ ષષ્ઠી વિભક્તિ થી થાય છે.**

**દા.ત.** • पद्मानाम् गन्धः इव गन्धः यस्य सः = पद्मगन्धिः । **અથવા**

• पद्मानाम् इव गन्धः यस्य सः = पद्मगन्धिः ।

• चन्द्रस्य कान्तिः इव कान्तिः यस्य सः = चन्द्रकान्तिः । **અથવા**

• चन्द्रस्य इव कान्तिः यस्य सः = चन्द्रकान्तिः ।

**ઉત્તરપદમાં ઉપમેય હોય ત્યારે ઉભયપદ સમાનવિભક્તિક હોય**

**દા.ત.** कमले इव अक्षिणी यस्याः सा = कमलाक्षी ।

## क લગાડવાના નિયમો

A. **ઉત્તરપદ દીર્ઘ** ई–ऊ **કારાંત હોય અથવા** ऋ **કારાંત હોય, તો અવશ્ય** क **લાગે છે. દા.ત.** • बहुनदीकः देशः । कर्मकर्तृकं जगत् । **પણ જો** ई–ऊ **નો વિભક્તિ પ્રત્યયો પર** इय्–उय् **થાય તેને વિકલ્પે** क **લાગે. દા.ત.** सश्रीः **કે** सश्रीकः । बहुस्त्रीकः **(નિત્ય** क **લાગે)** B. **આ સિવાય સર્વત્ર વિકલ્પે** क **લાગે.**

**દા.ત.** अध्ययननिमित्तः/निमित्तकः वासः ।आ **કારાંતમાં**लक्ष्मीभार्यः, लक्ष्मीभार्याकः, लक्ष्मीभार्यकः । **(**क **લાગે ત્યારે વિકલ્પે હ્રસ્વ થાય.)**

**સમાસને અંતે થનારા ફેરફાર**

**દા.ત.** अक्षि ➡ अक्ष, धर्म ➡ धर्मन् । धनुष् ➡ धन्वन्, गन्ध ➡ गन्धि ।

**દા.ત.** • कमले इव अक्षिणी यस्य सः कमलाक्षः।• शोभनः धर्मः यस्य सः सुधर्मा ।• ज्यां अधिगतं = अधिज्यं धनुः यस्य स = अधिज्यधन्वा ।

उद्गतः गन्धः यस्य सः = उद्गन्धिः । पद्मस्य इव गन्धः यस्य सः पद्मगन्धिः।
(उद्, प्रति, सु, सुरभि, અથવા ઉપમાદર્શક પૂર્વપદ હોય ત્યારે गन्ध નું गन्धि થાય છે. सुगन्धि વગેરે)

## इति बहुव्रीहि समास

## ૪. અવ્યયીભાવ સમાસ

- પૂર્વપદમાં ઉપસર્ગ કે અવ્યય હોય અને ઉત્તરપદમાં કોઈ નામ હોય.
- સમાસ નપું૦ પ્ર૦ વિ૦ એક વ૦ માં આવે
- अ કારાંત ને કેટલીકવાર તૃતીયા કે સપ્તમી વિભક્તિ લાગે છે.
- અંત્ય દીર્ઘસ્વર હ્રસ્વ થાય. ए, ऐ નો इ અને ओ औ નો उ થાય.
- અંત્ય न् નો લોપ થાય પરન્તુ ઉત્તરપદ નપું૦ હોય તો વિકલ્પે લોપાય.

અંત્ય अ અને अन् નોअम् થાય .

**જુદા જુદા અર્થમાં અવ્યયીભાવ**

૧. સપ્તમી વિભક્તિનો અર્થ. • हरौ=अधिहरि = હરિમાં /હરિ વિષયમાં.
૨. સામીપ્યનો અર્થ. • नद्याः समीपं = उपनदम् । उपगङ्गम् ।
૩. સમૃદ્ધિનો અર્થ. • मद्राणां समृद्धिः = सुमद्रम् ।
૪. ખરાબ સ્થિતિનો અર્થ. • यवनानां व्यृद्धिः = दुर्यवनम् ।
૫. અભાવનો અર્થ. • वृक्षाणाम् अभावः = निर्वृक्षम् ।
૬. અતિશય કે અત્યયનો અર્થ. • यौवनस्य अत्ययः = अतियौवनं ।
૭. અસંપ્રતિ (અયોગ્ય) કાલનો અર્થ. • निद्रा संप्रति न युज्यते = अतिनिद्रम् ।
૮. પ્રાદુર્ભાવ-પ્રસિદ્ધિનો અર્થ. • विष्णुशब्दस्य प्रकाशः = इतिविष्णु ।
૯. પછીનો અર્થ. • गोविंदस्य पश्चात् = अनुगोविंदम् ।
૧૦. યોગ્યતાનો અર્થ. • गुणानां योग्यम् = अनुगुणम् ।
૧૧. અનુક્રમનો અર્થ. • क्रमस्य आनुपूर्व्येण = अनुक्रमम् ।= अनुज्येष्ठम् ।
૧૨. પુનરાવૃત્તિનો અર્થ.• वर्षे वर्षे = प्रतिवर्षम् ।अहनि अहनि = प्रत्यहम् ।
૧૩. અનુલ્લંઘન દર્શાવતો અર્થ •मतिं अनतिक्रम्य यथा स्यात् तथा = यथामति ।
૧૪. સાદૃશ્યનો અર્થ. • हरेः सदृशः = सहरि ।
૧૫. એકી વખતનો અર્થ. • चक्रेण युगपत् = सचक्रम् ।
૧૬. સાકલ્ય / તમામ અર્થમાં •कुटुम्बमपि अपरित्यज्य यथा स्यात्तथा=सकुटुम्बम् ।

૧૭. સંપત્તિનો અર્થ. • क्षत्राणां संपत्तिः = सक्षत्रम् ।
૧૮. મર્યાદા કે અભિવિધિના અર્થમાં जलधेः आ અથવા जलधेः आरभ्य =आजलधि ।
૧૯. તરફ કે કિનારાનો અર્થ. • गंगायाः अन्वायतम् = अनुगङ्गं वाराणसी ।
• वनस्य समीपं = अनुवनम् अशनिर्निगता ।
૨૦. તરફ અર્થમાં • अग्निं अभि = अभ्यग्नि । अग्निं प्रति = प्रत्यग्नि ।
૨૧. બહારના અર્થમાં • ग्रामात् बहिः बहिर्ग्रामात् = बहिर्ग्रामम् ।
૨૨. જ્ઞાન અર્થમાં • अक्ष्णोः समीपम् = प्रत्यक्षम् । अक्ष्णोः परम् = परोक्षम् ।
प्रति, पर, सं અને अनु ઉપસર્ગ પર अक्षि નો अक्ष થાય અને अम् લાગે.
पर નો परो આદેશ થાય. समक्षम् । अन्वक्षम् । परोक्षम् ।

## કર્મવ્યતિહાર

૧. પૂર્વપદમાં અંત્ય સ્વર દીર્ઘ થાય. ૨. ઉત્તરપદમાં અંત્ય સ્વર ને બદલે इ મુકવો उ હોય તો ગુણ કરીને इ લગાડવી.૩.યુદ્ધના વિષયમાં બન્ને પક્ષ સમાન સાધન–હથીયાર વડે યુદ્ધ કરતા હોય. અથવા સમાન વસ્તુ ગ્રહણ કરવા પૂર્વક લડતા હોય ત્યારે આ સમાસ થાય. વિગ્રહ વખતે હથીયારને તૃતીયા અને જેનું ગ્રહણ કર્યું હોય તેને સપ્તમી વિભક્તિ લાગે. દા.ત. • दण्डैश्च दण्डैश्च प्रहृत्य इदं युद्धं प्रवृत्तं=दण्डादण्डि ।

• केशेषु केशेषु गृहीत्वा इदं युद्धं प्रवृत्तम् = केशाकेशि ।

• बाहुभिश्च बाहुभिश्च प्रहृत्य इदं युद्धं प्रवृत्तम् = बाहूबाहवि ।

* સાધન જૂદાજૂદા હોય તો આ સમાસ ન થાય. दण्डाकेशि ન થાય.

***યાદ રાખવા યોગ્ય કેટલાક ઉદાહરણો*** शाकस्य लेशः = शाकप्रति ।
गङ्गायाः पारम् = पारेगङ्गम् । गङ्गायाः मध्यम् = मध्येगङ्गम् ।
અથવા गङ्गायाः पारात् = पारेगङ्गात् । गङ्गायाः मध्यात् = मध्येगङ्गात् ।

## સુપ્સુપ્સમાસ

ઉપર જણાવેલા સમાસોમાંથી કોઈ પણ સમાસ લાગે નહિં તેવા સમાસો આમાં આવે.
દા.ત. पूर्वं श्रुतः = श्रुतपूर्वम् । पूर्वं भूतः = भूतपूर्वम् । पूर्वं दृष्टः=दृष्टपूर्वम् ।
तिष्ठन्ति गावः यस्मिन् काले स = तिष्ठद्गुः कालः ।

## पृषोदरादिसमास

જેમાં સમાસ થયેલા પદો વિકૃત થયા હોય તે. पृषतः उदरं = पृषोदरम् (पवन)
मनसः ईषिणः = मनीषिणः विद्वान् । मह्यां रौति = मयूरः । वारीणां वाहकः = बलाहकः । शबानां शयनम् = स्मशानम् । पिशितं आचामति इति पिशाचः ।

# કૃદન્ત પ્રત્યય

૧. કર્મણિભૂતકૃદન્ત (અવિકારક त પ્રત્યય) સેટ્‌ને इ લાગે. દા.ત. चल् चलितः ।
પરન્તુ હ્રસ્વ / દીર્ઘ उ–ऋ કારાંતમાં ન લાગે. દા.ત. नु ➡ नुतः भू ➡ भूतः ।
कॄ ➡ कीर्णः । कृ ➡ कृतः ।

**૨. त નો न થવાના નિયમ.**

A. र् અંતવાળા ધાતુમાં થાય. દા.ત. शॄ ➡ (शीर्)–शीर्णः

B. द् અંતવાળા ધાતુમાં द् નો પણ न થાય દા.ત. भिद् ➡ भिन्नः ।

C. 1. સંયુક્ત વ્યંજનના, 2. બીજા વર્ણ અંતસ્થા પર 3. आ કારાંત હોય તેવા,
4 એક સ્વરી ધાતુમાં થાય. દા.ત. ग्लै ➡ ग्ला ➡ ग्लानः ।

a नुद्, विद्, उन्द्, त्रै, घ्रा, ह्री ધાતુમાં વિકલ્પે न થાય છે. દા.ત. नुद् नुन्नः नुत्तः ।

b ध्या, ख्या, मद्, માં ન થાય દા.ત. ध्यातः । ख्यातः । मत्तः ।

૩ शी, स्विद्, मिद्, क्ष्विद्, धृष्, માં इ લાગે ત્યારે ગુણ થાય
દા.ત. शी ➡ शयितः । धृष् ➡ धर्षितः/ धृष्टः ।

૪. यम्, रम्, नम्, गम्, हन्, मन्, तन्, क्षण्, क्षिण्, ऋण्, અને वन् અનુનાસિક લોપાય દા.ત. गम् ➡ गतः । रम् ➡ रतः । नम् ➡ नतः ।

૫. ઉપર સિવાયના अम् કે अन् અંતવાળા ધાતુઓમાં इ ન લાગે ત્યારે સ્વર દીર્ઘ થાય. દા.ત. क्षम् ➡ क्षान्तः । शम् ➡ शान्तः ।

૬. ઉપાંત્ય અનુનાસિકવાળા ધાતુમાં इ ન લાગે ત્યારે અનુનાસિક લોપાય.
દા.ત. रञ्ज् ➡ रक्तः । अञ्ज् ➡ अक्तः ।

૭.a. સંબંધકભૂત કૃદન્ત માં इ ન લાગે ત્યારે નિયમ૪, ૫, અને ૬ લાગે. પરન્તુ ઉપસર્ગ વાળા ધાતુને નિયમ ૪ વિકલ્પે લાગે. દા.ત. नम् ➡ नत्वा प्रणत्य प्रणम्य

b. 1. વીપ્સાર્થે વિકલ્પે अम् પ્રત્યય લાગે અને ત્યારે ૧૦ માં ગણનો વૃદ્ધિ નિયમ લાગે.
દા.ત. ➡ कृत्वा कृत्वा = कारं कारं ।

2. आ કારાંતને यम् પ્રત્યય લાગે દા.ત. ➡ पीत्वा पीत्वा = पायं पायं

3. **પરોક્ષભૂતકૃદન્ત**

(૧) પરોક્ષકર્તરિ કૃદન્ત પરસ્મૈપદ वस् પ્રત્યય લાગે.
પરોક્ષભૂતકાળ તૃતીયા પુરુષ બહુવચનના उस् ના સ્થાને वस् લગાડવાથી બને.
દા.ત. नम् ➡ नेमुः = नेमिवस् ।

II એકસ્વરી (एत्व વાળુ) રૂપ હોય, અથવા आ કારાંત હોય ત્યારે वस् લાગતા પહેલાં લાગે. દા.ત.पच् → पेचिवस् । दा → ददिवस् ।

III गम्, हन्, विद्, विश्, दृश्, માં वस् પૂર્વે વિકલ્પે इ લાગે

દા.ત. गम् → जग्मुः = जग्मिवस् । जगन्वस् ।

IV बन्ध्, अञ्ज् નો અનુનાસિક લોપાય.

દા.ત. बन्ध् → बबध्वस् । अञ्ज् → आजिवस् ।

V ऋ કારાંત ધાતુમાં ગુણ ન થાય.

દા.ત. कृ → चकृवस् । तृ → तितीर्वस् ।

**આત્મનેપદ आन પ્રત્યય**

I પરોક્ષભૂતકાળ તૃતીયાપુરુષ બહુવચનના રૂપમાંથી इरे કાઢી आन લગાડવાથી બને.

દા.ત. अश् → आनशिरे – आनशानः ।

II પરોક્ષ કર્મણિ કૃદન્ત કરવા આત્મનેપદનો आन પ્રત્યય લાગે.

દા.ત. पच् → पेचानः ।

### સ્ત્રીલિંગ પરોક્ષ ભૂતકૃદન્ત

પરોક્ષભૂતકાળના તૃતીયા પુરુષ બહુવચનના રૂપને ई લગાડવાથી બને.

દા.ત. गम् → जग्मुस् + ई = जग्मुषी । રૂપ नदी જેવા કરવા.

### નપુંસક પરોક્ષભૂત કૃદન્ત

પ્રથમા/દ્વિતીયા વિભક્તિ દ્વિવચનના રૂપ માટે ઉપરનો નિયમ લાગે. બાકીના રૂપ પું૦ જેવા થાય.

**૪ સામાન્યભવિષ્ય કૃદન્ત (૧) કર્તરિ.**

| પરસ્મૈપદ | આત્મનેપદ |
| --- | --- |
| त् પ્રત્યય | मान પ્રત્યય |
| ति ના સ્થાને લાગે. | ते ના સ્થાને લાગે |
| करिष्यति | करिष्यते |
| करिष्यत् | करिष्यमाणः । |

→ કરનારો ←

રૂપ गच्छत् જેવા — રૂપ राम જેવા

→ સામાન્યભવિ તૃ૦ પુ૦ એક વચન ←

સ્ત્રીલિંગમાં स्यत् ના સ્થાને स्यती કે स्यन्ती

कथ् ➡ कथयिष्यती । कथयिष्यन्ती । રૂપ नदी જેવા

નપુંoમાં गच्छत् જેવા

(૨) કર્મણિ करिष्यमाणः = કરનાર.

૫ ધાતુને इन् પ્રત્યય A આગળ કોઈ નામ ન હોય

अनुसरति इति एवं शीलः अनुसारी (रिन्)

तिष्ठति इति एवं शीलः स्थायी (यिन्)

B આગળ કોઈ નામ હોય ➡

तुरगं अनुसरति तुरगानुसारी । स्थण्डिले शेते स्थाण्डिलशायी ।

૬ ધાતુને સ્વભાવના અર્થમાં वर પ્રત્યય

ईष्टे इति एवं शीलः ईश्वरः । एवं.... जित्वरः । नश्वरः । स्थावरः । ઇત્યાદિ..

૭ આ જ અર્થમાં र પ્રત્યય

हिनस्ति इति एवं शीलः हिंस्रः । शोभते इति एवं शीलः शुभ्रः ।

एवं. नम्रः । दीप्रः । कम्रः । ઇત્યાદિ..

## તદ્ધિત પ્રકરણ

૧ સાધિત ધાતુ = ધાતુ + પ્રત્યયથી બનતો ધાતુ.

દા.ત. गम् ➡ गम् + अय = गमय – प्रेरक

૨. કૃદન્ત = ધાતુ + પ્રત્યયથી બનતું નામ દા.ત. चल् ➡ चल् + अत् = चलत् ।

૩.નામ ધાતુ= નામ + પ્રત્યયથી બનતો ધાતુ. દા.ત. चिंतामणि + य=चिंतामणीयते ।

૪. તદ્ધિત = નામ + પ્રત્યયથી બનતું નામ. દા.ત. धन + वत् = धनवत् (वान्)

NOTE I અનેકવિધ અર્થોમાં અનેકવિધ તદ્ધિત પ્રત્યયો લાગતા હોય છે. તેથી પ્રકરણ સંગતિ વિચારી અર્થ કરવો અહીં તો દિગ્દર્શન માત્ર જ છે.

II તદ્ધિતમાં પ્રત્યય લાગતા ક્યારેક સ્વર વૃદ્ધિ થાય. ક્યારેક ન થાય. જયારે થાય, ત્યારે આદ્યસ્વરની વૃદ્ધિ સમજવી.

મુખ્ય પ્રત્યયો ➡ अ, अक, इक, एय, ईय, क, य

अ પ્રત્યય ➡ મુખ્યતયા નીચેના અર્થોમાં આવે.

I તેનાથી રંગાયેલું દા.ત. ➡ हरिद्रया रक्तम् = हारिद्रं वस्त्रम् ।

II તેઓનો સમુદાય દા.ત. ➡ भिक्षाणां समूहः = भैक्षम् ।

ક્યાંક अक ➡ राजकम् । ક્યાંક ता ➡ ग्रामता। जनता ।

III દેવતા અર્થ દા.ત. ➡ जिनः अस्य देवता = जैनः । शैवः ।

IV તેના વડે કરાયું દા.ત ➡ मक्षिकाभिः कृतं = माक्षिकं मधु ।

**B इक પ્રત્યય મુખ્યતા નીચેના અર્થમાં આવે.**

I તેનાથી સંસ્કૃત દા.ત. ➡ दध्ना संस्कृतं = दाधिकं औदनम् ।

II તેનાથી તરવું દા.ત. ➡ नावा तरति = नाविकः ।

III તેનાથી જવું. દા.ત. ➡ हस्तिना चरति = हास्तिकः ।

IV તે આચરવું દા.ત. ➡ धर्मं आचरति इति धार्मिकः ।

V જીવિકા દા.ત. ➡ वेतनेन जीवति = वैतनिकः ।

VI હણવું દા.ત. ➡ पक्षिणं हन्ति = पाक्षिकः ।

VII શસ્ત્ર દા.ત. ➡ असिः प्रहरणमस्य = आसिकः ।

VII કાળની મર્યાદાથી પ્રસંગ દા.ત. ➡ अष्टाह्निकः उत्सवः ।

IX માન ( = વજન) દા.ત. ➡ द्रौणिकः ।

**C મુખ્યતયા अ અને इक પ્રત્યય**

૧. જાણવું/ભણવું અર્થમાં દા.ત. ➡ मुहूर्तं वेत्ति अधीते वा = मौहूर्तः । (अ)
न्यायं वेत्ति अधीते वा = नैयायिकः ।

૨. સ્વાર્થે (અર્થમાં ફેરફાર ન થાય) દા.ત. ➡ प्रज्ञः एव = प्राज्ञः (अ) ।
विनयः एव = वैनयिकः (इक) ।

**D ईय પ્રત્યય** ૧. તેનું આ અર્થમાં

દા.ત. ➡ तव इदं = त्वदीयम् । एवं ... मदीयम् । मदीया । मदीयः ઇત્યાદિ...

ક્યાંક આ જ અર્થમાં अ પ્રત્યય દા.ત. दशरथस्यायं = दाशरथः रामः ।

૨. તેનાથી કહેવાયેલું દા.ત. पाणीनिना प्रोक्तम् । पाणीनीयं व्याकरणम् ।
एवं हरिभद्रीया टीका । ઇત્યાદિ...

ક્યાંક अ પ્રત્યય ➡ भाद्रबाहवः ग्रन्थः ।

**E क પ્રત્યય** ૧. સંખ્યાવાચી શબ્દથી પ્રમાણાર્થે

દા.ત. ➡ शतश्लोकप्रमाणं = शतकं स्तोत्रम् ।

(મૂલ્ય, લાભ, દેય વગેરે અર્થમાં) शतकम् (સો મૂલ્યવાળું કે સોનો લાભ)

૨. મુખ્યતા સૂચકમાં દા.ત. ➡ देवदत्तमुख्यः = देवदत्तकः सङ्घः ।

૩. રોગના હેત્વર્થે. દા.ત ➡ शीतहेतुकः = शीतकः ज्वरः ।

૪. નિંદા, અલ્પ, લઘુ અનુકંપાદિ અર્થે. દા.ત. ➡ दुष्टः अश्वः = अश्वकः ।

एवं बालकः । वत्सकः ।

F य પ્રત્યય અનપેત (=સહિત) અર્થમાં. દા.ત ➡ न्यायादनपेतः = न्याय्यः ।

સાધુ (સારું) અર્થમાં દા.ત. ➡ पथि साधु = पाथेयः ।

યોગ્ય અર્થમાં દા.ત. ➡ दण्डमर्हति = दण्ड्यः ।

ક્યાંક इक પ્રત્યય પણ લાગે. દા.ત. ➡ विषं अर्हति = वैषिकः ।

**અનેક પ્રત્યય લેતા અર્થે :-**

**I અપત્ય અર્થમાં** ૧. સામાન્યથી अ પ્રત્યય. દા.ત. ➡ उपगोःअपत्यं = औपगवः ।

૨. પ્રાયઃ अ કારાંતને इ પ્રત્યય. દા.ત. ➡ दक्षस्य अपत्यं = दाक्षिः ।

૩. आ-इ-ई-ऊ કારાંતથી एय દા.ત. ➡ वामायाः अपत्यं = वामेयः ।

(नाभि) नाभेयः । (सुपर्णी) सौपर्णेयः । (कमण्डलू ) कामण्डलेयः ।

**II વિકાર અર્થમાં**

૪. મુખ્યતયા अ અને मय પ્રત્યય દા.ત. ➡ अश्मनः विकारः आश्मनः ।

भस्मनः विकारः भस्ममयः ।

**III ભવ-જાત અર્થમાં.**

(૧) સામાન્યથી તથા નક્ષત્રવાચી શબ્દથી अ પ્રત્યય

દા.ત. ➡ पुष्ये भवः पौषः । मथुरायां भवः माथुरः ।

(૨) કાલવાચી તથા અન્ય કેટલાક શબ્દથી इक પ્રત્યય.

દા.ત. ➡ अध्यात्मनि भवः आध्यात्मिकः । एवं वार्षिकः ।

(૩) કેટલાક કાળવાચીથી तन પ્રત્યય દા.ત. ➡ चिरंतनः । अद्यतनः ।

(૪) વર્ગાન્ત શબ્દથી ईय પ્રત્યય . દા.ત ➡ कवर्गे भवः कवर्गीयः ।

(૫) શરીરના અંગવાચી શબ્દથી य પ્રત્યય. દા.ત. ➡ कण्ठ्यः । मूर्धन्यः ।

**IV તુલ્ય અર્થમાં** ➡ अश्वतुल्यः = अश्वकः ( क પ્રત્યય)

शर्करातुल्यम् = शार्करम् दधि (अ)। मुखतुल्यः = मुख्यः ('य' प्रत्यय)

**V કેટલાક મહત્વના તદ્ધિત પ્રત્યયો.**

A ત્યાંથી આવેલું અંગે (વિદ્યા/યોનિ સંબંધમાં) अक **પ્રત્યય.**

**દા.ત.** ➡ पितुरागतं = पैतृकम् ऋणम् । ક્યાંક अ લોપાય.

B વય અર્થમાં अ **પ્રત્યય.** **દા.ત.** ➡ द्विवर्षो बालः (બે વર્ષનો બાળક)

C પ્રમાણ અર્થમાં मात्र **પ્રત્યય.** **દા.ત.** ➡ रेखा प्रमाणमस्य रेखामात्रम् ।

D પ્રસિદ્ધ અર્થમાં चञ्चु, चण **પ્રત્યય.**

**દા.ત.** ➡ विद्यया वित्तः = विद्याचञ्चुः । विद्याचणः।

E સંજાત અર્થમાં इत **પ્રત્યય દા.ત.** ➡ तारकाणि संजातानि अस्य इति तारकितम् नभः । एवं ➡ मण्डितः । ઇત્યાદિ....

F પ્રકાર I સમાનતા અર્થે जातीय **પ્રત્યય દા.ત.** ➡ पटुजातीयः ।

II સંખ્યાથી था, विध **પ્રત્યય. દા.ત.** सर्वेण प्रकारेण सर्वथा । सर्वविधः ।

III સર્વનામથી धा **પ્રત્યય. દા.ત.** ➡ एकेन प्रकारेण = एकधा ।

G विप्सा अति **અર્થમાં** शस् **પ્રત્યય. દા.ત.** ➡ बहुशः । कोटीशः ।

H પ્રચુર/ પ્રધાન અર્થમાં मय **પ્રત્યય. દા.ત.** ➡ शाकमयं भोजनम् ।

I નિંદા અર્થમાં पाश **પ્રત્યય. દા.ત.** निन्द्यः छान्दसः = छान्दसपाशः ।

J પ્રશંસા અર્થે ક્રિયાપદથી रूप **પ્રત્યય. દા.ત.** सुष्ठु पचति = पचतिरूपम् ।

K કંઈક ન્યૂનતા અર્થમાં. कल्प देश्य देशीय **પ્રત્યય.**

**દા.ત.** ➡ पटुकल्पः । आचार्यदेशीयः । विद्वद्देश्यः ।

**૬. ભાવ અર્થમાં त्व, ता પ્રત્યય.**

1 તેનો ભાવ કે તેનું કર્મ (=ક્રિયા) અર્થમાં દરેક શબ્દને त्व, ता લાગે.

**દા.ત.** ➡ घटस्य भावः = घटत्वम् । घटता ।

2 ઘણા अ કારાંત શબ્દમાં य **પ્રત્યય પણ લાગે.**

**દા.ત.** ➡ शुक्लस्य भावः = शुक्लता । शौक्ल्यम् ।

3 ઘણા સ્થળે अ **પ્રત્યય પણ લાગે. દા.ત.** ➡ शिशोः भावः = शैशवम् ।

**<u>સ્વામિતા દર્શકના બીજા પ્રત્યયો</u>**

૧) अ **પ્રત્યય દા.ત.** ➡ जटा अस्य अस्ति इति जटः ।

૨) र **પ્રત્યય દા.ત.** ➡ मधु अस्ति अस्मिन् इति मधुरः । एवं खरः ।

3) इक **પ્રત્યય દા.ત.** ➡ माया अस्ति अस्मिन् = मायिकः ।

૪) इन **પ્રત્યય દા.ત.** ➡ बर्हा अस्ति अस्य = बर्हिनः ।

૫) आलु પ્રત્યય દા.ત. ➡ हृदयं अस्ति इति हृदयालुः ।

કદાચિત અન્ય અર્થમાં આવે. દા.ત. ➡ शीतं न सहते इति शीतालुः ।

**સપ્તમી અર્થમાં**

૧. સર્વનામથીत्र પ્રત્યય દા.ત. ➡ अस्मिन् इति अत्र । एवं तत्र । सर्वत्र ।

૨. કાલ અર્થમાં दा પ્રત્યય દા.ત. ➡ कस्मिन् काले इति कदा।

एवं. सदा । तदा ઇત્યાદિ..

**પંચમી વિભક્તિના અર્થમાં**

૧ શબ્દથી तस् પ્રત્યય દા.ત. ➡ देवात् इति देवतः । एवं ततः । मालातः।

वत् પ્રત્યય ક્રિયાસંબંધી સમાનતા કે સદશતા બતાવતા અર્થમાં.

દા.ત. ➡ चैत्रस्य इव = चैत्रवत् । विधिवत् વગેરે

सात् પ્રત્યય વસ્તુમાં પૂર્ણ પરિવર્તન થઇ જાય અથવા તેની સાથે એકમેક થઇ જાય ત્યારે લાગે. દા.ત. ➡ कृत्स्नं शस्त्रं अग्निः संपद्यते इति अग्निसात् भवति ।

एवं आत्मसात् । भस्मसात् करोति । राजसात् ।

**નામધાતુ** :- કેટલીકવાર 'તુલ્ય આચરણ' આદિ અર્થમાં નામને 'य' પ્રત્યય લાગી નામધાતુ બને છે. અને આત્મનેપદમાં રૂપ થાય છે.

દા.ત. ➡ चिंतामणिरिव आचरति = चिंतामणीयते ।

ક્યારેક य લાગ્યા વિના જ પરસ્મૈપદના પ્રત્યય લાગે.

દા.ત. ➡ जलमिवाचरति = जलति ।

